હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૯૫

**એ રે બિસામણ હે તન માંહાં,**
**કે પીયાજી યું કીસીકા હોવે નાંહાં.**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલૈહા) ફરમાવે છે કે કોઈના શરીરમાં એવી વિસામણ હોય, એવી ચિંતા હોય કે પીયુજી તો આવી રીતે કોઈનો થશે નહીં.)

**જિસ મન ચિંતા કછુએ નાં આવે,**
**ઉસકું પીયાજી કયું કર પાવે ?**

(જેના મનમાં પીયુને પ્રાપ્ત કરવાની જરા પણ ચિંતા જ ન થતી હોય તો તેવો માણસ પીયુજીને કેવી રીતે પ્રાપ્ત કરી શકે ?)

**મેદાંન પીયાકા બહુ રંગ કહીએ,**
**થાહ ઉસ કેરા ક્યું કર લહીએ ?**

(પીયુજીની પ્રીતનું મેદાન વિવિધ રંગોનું બનેલું છે એવું કહેવાય છે. તો મેદાનનો છેડો તે કેવી રીતે પ્રાપ્ત કરી શકે ?)

**જો શીશ રે આપ નાં પહેલા ખોવે,**
**તો, સુન મુરખ, પીયુજી તેરા નાં હોવે.**

(જો માણસ પીયુના પંથમાં પોતાનું મસ્તક પ્રથમ ખોઈ ન નાખે તો હે મૂરખ ! સાંભળી લે કે પીયુજી કદી પણ તારો થવાનો નથી.)

**જો પીત પીયાકી શીશ છોડ પાવે,**
**તો પીછે શીશ પીયા બિના કાંમ કયા આવે?**

(જો માણસનું મસ્તક પીયુની પ્રીતને જ છોડી દે તો પછી પીયુ વગર તેનું શીશ શું કામમાં આવવાનું ?)

**સોખન સાથે હે વે દુરિજન તેરા,**
**વે મેણે રે મારે તુજ કું બોતેરા.**

(દુરિજન રૂપી શેતાન શોક્યની માફક-પતિની બીજી સ્ત્રીની માફક - તારી સાથેને સાથે જ રહેતો હોય છે અને (જો તું પીયુના માર્ગ પર ચાલે તો) તે તને ઘણાં મેણાં મારતો રહે છે.)

**કે નેહ પીયાકા જો તુજ પર આયા,**
**તો કાહે નાં શીશ દે પીયાજી મનાયા.**

(શેતાન એવાં મેણાં મારશે કે જો તારા મનમાં પીયુનો પ્રેમ ખૂબ ઉભરાતો હોય તો પીયુને મનાવવા માટે તારું શીશ કેમ આપી દેતો નથી ?)

**એસો રે મેણે દુરિજન દેવે,**
**તો કાહે નાં મુરખ એ સમજને લેવે ?**

(આવાં મેણાં દુરિજન રૂપી શયતાન આપતો હોય તો હે મૂરખ ! તું આ બાબત સમજી લેતો કેમ નથી ?)

**પીયુજી રે રંગીલા હે રે બોત ઠાંમા,**
**રંગ પીયાકે બોત હેં રે નાંમા.**

(પીયુજી રંગીલો છે. જુદા જુદા સ્થળોએ જુદા જુદા રંગ બતાવે છે. આમ પીયુજીના રંગનાં ઘણાં વિવિધ નામો છે.)

**વે પીયુ સો ઘેલા તેરા ક્યું હોવે ?**
**તો ગમાંન કું બોત કર પ્રીત કાહે ખોવે ?**

(એ તારો પીયુ તારા ઉપર ઘેલો, તારા ઉપર પાગલ શા માટે થાય ? કેમકે તું ગુમાન કરે છે. તો ખૂબ ગુમાન કરીને તું તારી પ્રીતને શા માટે ધોઈ નાખે છે ?)

**જો પીયુ કેરા તુજ પર નાંહી ભાવા,**
**તો છોડ દે મન કે ગમાંનકા હાવા.**

(જો પીયુનો તારા ઉપર કોઈ (પ્રેમ) ભાવ જ ન હોય તો તું તારા મનમાં રહેલા ગુમાનને, ગુમાનની ઈચ્છાને છોડી દે.)

**પીત રે બિના તું પીયુકું નાં જાંને,**
**જો નેહ તુજે નાંહાં, નાં પીયુ કું પિછાંને.**

(પ્રીત વગર તું પીયુને જાણી શકીશ નહીં, ઓળખી શકીશ નહીં. જો તારા દિલમાં પીયુ પ્રત્યેનો પ્રેમ જ ન હોય તો તું પીયુને ઓળખી શકીશ નહીં.)

**પીયાકા જિસ તન કદી નાંહી બાસા,**
**તો પીયુજી મિલનેકી ઉસે કેસી આસા?**

(જેના શરીરમાં પીયુનો વાસ જ ન હોય, પીયુ રહેતો જ ન હોય તો તેને પીયુને મળવાની આશા જ કેવી રીતે હોય ?)

**જો તન પીત રંગે અપના રંગાઈયે,**
**તો રે કદી પીયુજી નેહસું રે પાઈયે.**

(જો તું તારા શરીરને પીયુની પ્રીતના રંગમાં રંગી નાખીશ ત્યારે જ તું કદાચ પીયુના પ્રેમને પ્રાપ્ત કરી શકીશ.)

**વે રે દુહાગણ જાં પીયા રંગ નાં આવે,**
**વે પીયુ પીત બિના દુરિજન કા'વે.**

(જે સ્ત્રી પોતાના પીયુનો રંગ જ ન ધરાવતી હોય તે સ્ત્રી તેના પતિની અણમાનીતી પત્ની બની જાય છે. પીયુની પ્રીત વગર તેને દુરિજન શેતાન જ કહેવાય.)

**એસા રે નેહા જો બેરાગ સું કીજે,**
**તો કદી પીયુ મેરા આપ પતીજે.**
**રે તુંહી.**

(આવો પ્રેમ તો પીયુના વૈરાગ્યથી, પીયુના વિરહથી જ પ્રાપ્ત થાય અને જો એવું થાય તો કદીક મારો પીયુ તને મળી જાય.)

**એસી બિમાસણ મન ધરે, પલ નાં રહીયે સોચ રે,**
**પલનાં રહીયે સોચ;**
**બેગાંના પીયુ હુવા અપના, વે ક્યું કર અપના હોય રે,**
**વે ક્યું કર અપના હોય.**

(પીયુને પ્રાપ્ત કરવા માટે તો મનમાં આવી ચિંતા ધારણ કરવી જોઈએ અને એક પળ માટે પણ ઊંઘેલા રહેવું જોઈએ નહીં. જો પોતાનો પીયુ જ પોતાનાથી પરાયો થઈ ગયો, બેગાનો થઈ ગયો તો પછી તે પોતાનો કેવી રીતે બને ?)

### બયાન નં.૯૬

**દેખોને ફુલ ચંબેલી કેરા,**
**નેહ પીયાકા હે ઉસો બોતેરા.**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલૈહા) ફરમાવે છે કે તમે ચમેલીના ફૂલ તરફ નજર કરો કે તેને પોતાના પીયુની સાથે ખૂબ પ્રેમ અને સ્નેહ હોય છે.)

**તો ગમાંન ઉસમાં કછુએ નાંહી,**
**તો બાસ પીયાકી હે ઉસ ફુલ માંહી.**

(આ ચમેલીના ફૂલનો દેખાવ ખૂબ જ સુંદર હોય છે તેમ છતાં તેને જરાય ગુમાન, જરાય અભિમાન નથી તેથી જ તો તે ફૂલની અંદરથી પીયુની સુગંધ નીકળે છે.)

**રંગ ઉસ માંહાં બોત જ કહીએ,**
**એ સબ રંગ પીયા જાપ નેહસું લહીએ.**

(ચમેલીના આ ફૂલનો રંગ ખૂબ જ અને આકર્ષક હોય છે. ચમેલીના ફૂલને આ બધો રંગ પીયુનો જાપ પ્રેમપૂર્વક જપવાને કારણે મળેલો છે.)

**ડાલ ને પાંત પીયા રંગ રાતા,**
**ફુલ પીયા નેહસું બોત હે માતા.**

(ચમેલીની વેલની ડાળો તેમજ પાંદડાં પીયુના રંગમાં આસક્ત થયેલાં હોય છે અને ચમેલીનું ફૂલ પોતાના પીયુના પ્રેમમાં મસ્ત બનેલું હોય છે.)

**બાસ પીયાકી તો ફુલ મન આઈ,**
**જો પીત પીયાસું ખરી રે લગાઈ.**

(ચમેલીના ફૂલે પોતાના પીયુની સાથે સાચી પ્રીત લગાવી તો તેનું પરિણામ એ આવ્યું કે તેના પીયુની સુવાસ તે ફૂલના મનમાં પણ આવી ગઈ.)

**જો પીતસું પીયા સંગ લગાયા રે મંના,**
**તો દો રે જીવ મિલ કર હુવા એક તંના.**

(ચમેલીના ફૂલે પ્રેમપૂર્વક પોતાના મનને પીયુની સાથે લગાવી દીધું તો એ બન્ને જીવ ભેગા થઈને એક તન બની ગયું. બન્ને એકબીજામાં એકાકાર થઈ ગયાં.)

**તો પીયામે ને ફુલમાં જુદાઈ નાં પાવે,**
**એ હે રે પીયાજી પણ ફુલ કહાવે.**

(એવી પરિસ્થિતિ પેદા થઈ કે પીયુમાં અને ફૂલમાં કોઈ જુદાઈ જોવા ન મળી. તે (હકીકતમાં તો) પીયુજી છે પરંતુ તેને ફૂલ કહેવામાં આવે છે.)

**યું બાસ ને ફુલ એકઠા રે હુવા,**
**કછુ રંગ દોનુંમાં રહા ન જુવા.**

(આવી રીતે સુગંધ અને ફૂલ એક જ જગ્યાએ એકઠાં થયાં. બન્નેના રંગમાં કંઈ જુદાપણું રહ્યું નહીં.)

**એ પરતગ નિશાંની પિયાજી કેરી,**
**કે બાસ ઉસ ફુલમાં હે રે બોતેરી.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે તમે જુઓ કે ચમેલીના ફૂલમાં પીયુજીની પ્રત્યક્ષ નિશાની, જગ જાહેર નિશાની જોવા મળે છે કે આ ચમેલીના ફૂલમાં ખૂબ જ સુગંધ હોય છે.)

**જો રે એ બાસ અપને મે લીજે,**
**તો જીવ રે ખુશાલી બોત પતીજે.**

(જો એ સુવાસને પોતાનામાં લઈ લેવામાં આવે તો માણસના જીવને ખૂબ જ ખુશાલી થાય છે. (માણસ જયારે ચમેલીના ફૂલને સૂંઘે છે ત્યારે તેની સુવાસને કારણે તેનો જીવ ખૂબ જ આનંદ અનુભવે છે.))

**કે જીવ પીયા કા પીયા બાસ પાવે,**
**જો એક રંગ દોનું તો ખુશાલી રે આવે.**

(પીયુના રંગમાં રંગાયેલો જીવ પીયુની સુવાસ મેળવે અને જો તે બન્ને એક જ રંગમાં રંગાયેલા હોય તો ખુશાલી ઉત્પન્ન થાય.)

**એ ભીતર ભેદા પીયાજી કા એસા,**
**યું બાસ ફુલનકી કહીએ એ તેસા.**

(પીયુજીનું રહસ્ય, પીયુજીનો ભેદ એવો છે કે જેવી ફૂલની સુવાસ હોય છે. ફૂલને અને તેના રંગને જોઈ શકાય છે પરંતુ ફૂલની સુવાસને જોઈ શકાતી નથી તે છૂપી રહે છે માત્ર તેનો અનુભવ જ થાય છે.)

**એ રંગ પીયાકા બિના પીત નાં પાવે,**
**તો પીત બિના નેહા કદીએ નાં આવે.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે પીયુજીનો રંગ પ્રીત કર્યા વગર પ્રાપ્ત થઈ શકે નહીં તો પ્રીત વગર સ્નેહ કદીય નહીં આવે.)

**જો ફુલ ચંબેલી પીયા સહી જાંના,**
**તો પીત લગાઈ ને છોડા સબ માંના.**

(તમે જુઓ કે ચમેલીના ફૂલે પોતાના પીયુને સાચી રીતે જાણી લીધો. તેણે પીયુ સાથે પ્રીત લગાવી દીધી અને (દુનિયાનાં) બધાં માન સન્માનને તેણે ત્યજી દીધાં.)

**જો નેહસું પીયા સંગ નેહ લગાવે,**
**તો કાહે નાં બાસા પીયાજી કી આવે ?**
**રે તુંહી.**

(તો માણસ પણ જો ચમેલીની માફક પ્રેમપૂર્વક પોતાના પીયુની સાથે સ્નેહ લગાવે તો પછી તેનામાં પણ તેના પીયુજીની સુવાસ શા માટે ના આવે ?)

**બખત દેખો ઉસ જીવ કે, પીયુજી જિસકે પાસ રે,**
**પીયુજી જિસકે પાસ;**
**જો ફૂલ પીયુ સહી પાહીઆ, તો નાંમ ધરાયા બાસ રે,**
**તો નાંમ ધરાયા બાસ.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે કેવો ભાગ્યશાળી છે એ જીવ કે જેની પાસે તેના પીયુજી છે. જે ફૂલે પીયુજીને સાચી રીતે પ્રાપ્ત કરી લીધો તો તે ફૂલમાં રહેલા પીયુજીનું નામ સુવાસ ધરવામાં આવ્યું.) *

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

### સૂરા નં.૭૦ સૂરએ મઆરેજ

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **બેશક ઈન્સાન (સ્વભાવે) ઉતાવળો પેદા કરવામાં આવ્યો છે. (૧૯)**

**જ્યારે તેના પર કોઈ સંકટ (આવી) પડે છે ત્યારે ઘણો ગભરાઈ જાય છે. (૨૦)**

**અને જ્યારે તેને કોઈ લાભ પહોંચે છે તો તે (વધુ) લોભ કરવા માંડે છે. (૨૧)**

**સિવાય કે જે નમાઝ પઢનારા છે. (૨૨)**

**કે જે પોતાની નમાઝો પર હંમેશાં કાયમ રહેનાર છે. (૨૩)**

**અને જેમના માલમાં એક નક્કી કરેલો ભાગ હોય છે. (૨૪)**

**માગનારા અને (શરમના કારણે) નહીં માગનારાઓનો. (૨૫)**

ખરેખર ઈન્સાનને સ્વભાવે ઉતાવળો પેદા કરવામાં આવ્યો છે. ખુદા ફરમાવે છે કે ઈન્સાનને જ્યારે દુઃખ પડે છે તો તે ગભરાઈ જાય છે.

જ્યારે તેને લાભ પહોંચે છે ત્યારે રાહે ખુદામાં વાપરવાથી રોકાઈ જાય છે. ઉપરની બે આયતોમાં જે વસ્તુનું વર્ણન થયું છે તેનો ભાવાર્થ એ છે કે ઈન્સાન બેસબ્રી અને કંજૂસાઈમાં એટલો બધો આગળ વધેલો છે કે જાણે ખુદાએ તેનું એવું સર્જન કર્યું ન હોય. પણ અલ્લાહે તેને લાચાર કર્યો નથી. ખુદાવંદે આલમની ઝાત આદિલ છે.

પણ નમાઝ પઢનારા લોકો જેમનું વર્ણન ઉપર થયું, તેના જેવા નથી તે લોકો એવા છે કે જે હંમેશાં નમાઝ પઢ્યા કરે છે અને નમાઝને કઝા કરતા નથી. હઝરત અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું છે કે તે લોકો એ છે કે જો રાતના તેમનાથી કોઈ આ'માલ છૂટી જાય તો રાતના બજાવી લાવે છે અને તેમના માલમાં એક નક્કી કરેલો ભાગ હોય છે. સવાલ કરનારા ગરીબોનો અને સવાલ ન કરનારા મોહતાજોનો. જે લોકો સવાલ નથી કરતા તેમને મહેરૂમ (વંચિત) એટલા માટે કહ્યા કે સવાલ ન કરવાના કારણે લોકો તેમને તવંગર સમજીને ઝકાત વગેરેથી વંચિત રાખે છે. એટલે કે તેમને કંઈ આપતા નથી. હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે 'માઅલૂમ' હકનો હેતુ ઝકાત નથી પરંતુ એ માલ છે કે જે પોતાના માલમાંથી કાઢી રાખી જુમ્આના દિવસે અથવા હંમેશાં પોતાની મરજી પ્રમાણે ગરીબ હકદારોને આપે અને તેનો એક અર્થ એ પણ લીધો છે કે સગા-વહાલાઓને બક્ષિશ આપે અને પોતાના દુશ્મનોને સદકો આપે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને જેઓ ફેંસલાના દિવસને સાચો માને છે.(૨૬)**

**અને જેઓ પોતાના પરવરદિગારના અઝાબથી ડરનારા છે. (૨૭)**

**બેશક તેમના પરવરદિગારનો અઝાબ એવી વસ્તુ નથી કે તેનાથી નિર્ભય થઈ જવાય.(૨૮)**

**અને જેઓ પોતાની શર્મગાહોઓનું રક્ષણ કરે છે. (૨૯)**

**સિવાય પોતાની પત્નીઓ તથા પોતાની લોંડીઓથી તો બેશક તેવા લોકો ઠપકાને પાત્ર નથી. (૩૦)**

**પણ જે (લોકો) તે ઉપરાંતની ઈચ્છા કરે તો એવા જ લોકો હદથી વધી જનારા છે.(૩૧)**

જેઓ કયામતને સાચી જાણી તેનો એઅતેકાદ રાખે છે અને તેને સાચી માનવાની નિશાની એ છે કે તેનો ભય અને ખોફ રાખી ખુદાની ઈબાદત કરે અને વાજિબ કામો કરે અને મનાઈ કરેલાં કામોને છોડી દે છે કે જે લોકો પોતાના રબના અઝાબથી ડરે છે અને ગુનાહોથી પરહેઝ કરે છે.

એ લોકોની સિફતો(ગુણો)નું વર્ણન કરે છે કે ખરેખર તેના પરવરદિગારનો અઝાબ રક્ષણ અપાયેલો નથી. એટલે કે ગમે એટલી ઈબાદત કરે તો પણ તેનાથી ડરતા રહેવું જોઈએ. આશા અને ભય બન્ને સરખી રીતે રાખે, પોતાના નેક અમલ ઉપર અકડે નહીં અને તેની રહેમતથી નાઉમ્મેદ પણ થવું જોઈએ નહીં.

અલ્લાહ તઆલા એ લોકોના સદ્‌ગુણો બયાન કરે છે કે જેઓ પોતાની છૂપી જગ્યાને વ્યભિચારથી બચાવે છે. સિવાય પોતાની પત્નીઓ તથા પોતાની લોંડીઓથી, તે વિષે તેઓ ઠપકાને પાત્ર નથી. પણ જે લોકો તે ઉપરાંત ઈચ્છા કરે તો તેવા લોકો હદથી વધી જનારા છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને જેઓ તેમની અમાનતો તથા પોતાના વચનની કાળજી રાખનારા છે. (૩૨)**

**અને જેઓ પોતાની સાક્ષીઓ પર કાયમ રહેનારા છે. (૩૩)**

**અને જેઓ પોતાની નમાઝનું રક્ષણ કરનારા છે. (૩૪)**

**એ જ લોકો જન્નતોમાં માન પામેલા હશે.(૩૫)**

પછી એ નમાઝ પઢનારાઓની બીજી સિફતનું વર્ણન કરે છે કે એ લોકો એ છે કે પોતાને સોંપેલી અમાનત તથા વચનને પાળનારા છે, એ અમાનત ખુદાની હોય જેમકે ફરજ બાબતો અદા કરવી અથવા લોકોની હોય જેમકે માલ વગેરેની તેમજ ખુદાથી વાયદો કર્યો હોય કે બંદાએ, તેના ઉપર અમલ કરવો જોઈએ.

જે લોકો સાક્ષીઓ હોય તેમણે જરૂર પડે ત્યારે કોઈનો પક્ષ લીધા વગર સાક્ષી પૂરવી જોઈએ.

જે લોકો નમાઝનું રક્ષણ કરે છે અને તેની શરતો પ્રમાણે તેને સમયસર અદા કરે છે. હઝરત ઈમામ મૂસા કાઝિમ(અ.)એ ફરમાવ્યું કે તે લોકો અમારા મોહિબ્બો અને દોસ્તો છે કે તેઓ રાત-દિવસમાં એકાવન રકાત નમાઝ પઢે છે.

અલ્લાહે ૨૨ મી આયતથી ૩૪ મી આયત સુધી જે લોકોની સિફતો બયાન ફરમાવી છે તે લોકો વિષે કહે છે કે તેઓ જન્નતમાં માનવંતા થઈને રહેશે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **છતાં તે નાસ્તિકોને શું થઈ ગયું છે કે તેઓ તારી આસપાસ દોડી આવી ફરી વળે છે. (૩૬)**

**જમણી બાજુથી તેમજ ડાબી બાજુથી નાની નાની ટોળકીઓ બનીને ! (૩૭)**

**શું તેઓમાંથી દરેક માણસ એવી ઈચ્છા રાખે છે કે તેને નેઅમતવાળી જન્નતમાં દાખલ કરી દેવામાં આવે ? (૩૮)**

**હરગીઝ તેમ નહીં થાય; અમોએ તેમને એવી (ગંદી) વસ્તુથી ઉત્પન્ન કર્યા છે કે જે તેઓ જાણે છે. (૩૯)**

જ્યારે મુશરિકોએ આ આયતો સાંભળી તો હઝરત રસૂલે ખુદા(સ.)ને ઘેરી વળ્યા અને હસીને કહેવા લાગ્યા કે મોહંમદ(સ.)ના અસ્હાબો આખેરતમાં બાગ-બગીચાની આશાઓ રાખે છે. અહીં અમારી પાસે દરેક વસ્તુઓ છે તો ત્યાં પણ અમોને દરેક વસ્તુઓ મળશે તો તે વખતે આ આયત નાઝિલ થઈ.

જમણી અને ડાબી બાજુથી નાની-નાની ટોળકીઓ બનીને આવે છે.

શું તેઓમાંથી દરેક શખ્સ એવી ઈચ્છા રાખે છે કે તેને નેઅમતોવાળી જન્નતમાં દાખલ કરી દેવામાં આવે?

હઝરત રસૂલે ખુદા(સ.)ની આસપાસ મશ્કરી કરનારાં પાંચ ટોળાં હતાં. તેઓ કુરઆનની મજાક કરતા હતા. કુદરત કહે છે કે તેમનામાં મોમિન જેવો એક પણ ગુણ નથી તેમ છતાં તેઓ બેહિશ્તની આશા રાખે છે, તેમને એવી ગંદી વસ્તુથી ઉત્પન્ન કર્યા છે કે જે તેઓ જાણે છે અને જ્યાં સુધી તેઓ ઈબાદત કરી પાક-પાકીઝા નહીં થાય ત્યાં સુધી તેઓ જન્નતમાં જઈ શકશે નહીં. (ક્રમશઃ)

અરબ પ્રદેશ બહારના રાજવીઓને ઈસ્લામ સ્વીકાર માટે લખેલ

# હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પત્રો

## પત્ર નં. ૨

## ઈજિપ્તના વહીવટદાર નામે મકૌકિસને પત્ર



રસૂલિલ્લાહ(સ.)એ જુરાઈજ બિન મત્તા (રહેમતુલ્લીલ આલમીન ૧/૧૭૮; ડૉ.હમીદુલ્લાહએ કહ્યું છે કે તેમનું નામ બિન્યામિન હતું)ને લખ્યું, તેમણે ઈજિપ્ત અને એલેકઝેન્ડ્રીયાના વહીવટદાર મકૌકિસને આ મુજબ કહ્યું :

**બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**

**અલ્લાહના બંદા અને તેના પયગમ્બર મોહંમદ તરફથી**

**ઈજિપ્તના વહીવટદાર મકૌકિસ જોગ.**

**સલામ થાય એના ઉપર કે જે સાચી હિદાયતને અનુસરે છે. તેથી હું ઈસ્લામનો સ્વીકાર કરવાની તમને દાવત આપું છું. તેથી જો તમારે સલામતી જોઈતી હોય તો ઈસ્લામનો સ્વીકાર કરો. જો તમે ઈસ્લામનો સ્વીકાર કરશો તો ગૌરવવંતો અલ્લાહ તમને બમણો સવાબ આપશે. પરંતુ જો તમે એવું કરવાનો ઈન્કાર કરશો તો ઈજિપ્તના બધા જ ખ્રિસ્તીઓની નાફરમાની કરવાનો બોજ (ગુનો) ઉઠાવશો.**

**'(હે મોહંમદ(સ.)!) કહે કે હે કિતાબવાળાઓ ! એક એવી વાત તરફ**

**આવી જાઓ કે જે અમારી અને તમારી વચ્ચે સમાન છે (અને તે એ) કે આપણે અલ્લાહ સિવાય કોઈની બંદગી કરીએ નહીં તથા કોઈને તેનો શરીક બનાવીએ નહીં અને અલ્લાહને મૂકીને આપણામાંથી કોઈએ બીજાઓને ખુદા માનવા નહીં; આ છતાં જો તેઓ મોઢું ફેરવી લે તો કહી દો કે આ (વાત)ના સાક્ષી રેહજો કે અમે તો મુસલમાન છીએ.' (કુરાને કરીમ, ૩:૬૪)**

હાતિબ બિન અબી બલ્તા'અ કે જેમને પયગામ પહોંચાડવા માટે પસંદ કરવામાં આવ્યા હતા તેમણે મકૌકિસ સહિત સાંભળનારાઓને પત્રની વિગતો આપતાં પહેલાં વિનંતી કરી. તેમણે ઈજિપ્તના વહીવટદારને આવું કહીને સંબોધન કર્યું : આપના પહેલાં કોઈક એવો આવેલો હતો કે જેણે સર્વોચ્ચ પાલનહારના દરજ્જા માટેનો ખોટો દાવો કર્યો હતો તેથી અલ્લાહે તેને સજા કરી અને આખેરતમાં અને આ જીવનમાં તેનો દાખલો બેસાડી દીધો તેથી ચેતી જાઓ અને બીજાઓ માટે ખરાબ ઉદાહરણ પૂરું ન પાડો.' મકૌકિસે જવાબ આપ્યો, 'અમે અમારો ધર્મ છોડી દેવાની સ્થિતિમાં નથી સિવાય કે અમને આનાથી વધારે સારો ધર્મ મળે.' હાતિબે ફરીથી કહેવાનું ચાલું કર્યું, અમે આપને ઈસ્લામ ધર્મ અપનાવવાની દાવત આપીએ છીએ. તે (ધર્મ) જો કદાચ જે કંઈ ગુમાવી દો તે બધા માટે પૂરતો થઈ રહેશે. અમારા પયગમ્બર(સ.)એ લોકોને આ બાબત સ્પષ્ટપણે જાહેર કરી છે કે કુરૈશના લોકો અને યહૂદીઓ તેમના વિરૂધ્ધ કટ્ટર દુશ્મનોની જેમ ઊભા છે જ્યારે ખ્રિસ્તી લોકો આ હાકલ તરફ સૌથી નજીક ઊભેલા છે. મારા જીવન પરત્વે મૂસા(અ.)એ ઈસા(અ.) વિષે પયગામ, ઈસા(અ.)એ મોહંમદ(સ.)ના આગમનની ખુશખબરી આપેલી છે તેના સમાન જ છે, એવી જ રીતે ઈસ્લામને અપનાવવાની તમને આપેલી અમારી આ દાવત, તૌરેતવાળાઓને નવો કરાર સ્વીકારવા માટેની દાવત જેવી જ છે. જ્યારે ઉમ્મતમાં કોઈ પયગમ્બર પેદા થાય છે ત્યારે તે હકારાત્મક જવાબ માટે પાત્ર હોય છે તેથી આપ આવા જ ઈલાહી કાનૂન માટે આધીન છો. એ બાબત મનમાં રાખજો કે અમે તમને ખ્રિસ્તી ધર્મથી વિમુખ કરવા આવ્યા નથી પરંતુ જોકે અમે તમને તેના સિધ્ધાંતોથી બાંધવા આવ્યા છીએ.' મકૌકિસે આ પત્રની વિગતો ઉપર ઊંડું ચિંતન-મનન કર્યું અને કહ્યું, 'હું એવી દૃઢ માન્યતા ઉપર પહોંચ્યો છું કે આ પયગમ્બર કોઈ ઘૃણાસ્પદ બાબતથી બાંધતા નથી, તેઓ ન તો કોઈ અવળે માર્ગે ચઢાવનાર જાદૂગર છે કે ન તો કોઈ જૂઠ બોલનાર ભવિષ્યવેત્તા છે. તેઓ પયગમ્બરીનાં સાચાં પ્રત્યક્ષ બીજ ધરાવે છે તેથી હું આ બાબત પર ઊંડો વિચાર કરીશ.' તેણે તે લખાણ (પત્ર) લીધો અને તેને હાથીદાંતમાંથી બનાવેલી પેટીમાં મૂકવાનો હુકમ કર્યો. તેણે નીચે પ્રમાણે અરબીમાં લખાણ લખવા માટે લહિયાને બોલાવ્યો.

**'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**
**મકૌકિસ તરફથી મોહંમદ બિન**
**અબ્દુલ્લાહ જોગ.**

**આપના ઉપર સલામ થાય. મેં આપનો પત્ર વાંચ્યો અને તેની વિગતોને તેમજ આપ શાની તરફ બોલાવો છો તેને સમજી લીધી છે. હું સારી રીતે જાણું છું કે એક પયગમ્બરનું આગમન થવાનું છે પરંતુ હું તો એવું માનતો હતો કે તેઓ શામમાં પેદા થશે. હું આપની તરફ બે**

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો.**

**કુંવારી કન્યાઓને કે જે ઈજિપ્તના ઉમદા કુટુંબોની છે તેમને, કપડાં લત્તાંને અને સવારી કરવા માટેના પાણીદાર ઘોડાને હદીયા તરીકે મોકલું છું. આપના ઉપર સલામ થાય.'**

એ બાબત નોંધપાત્ર છે કે મકૌકિસે પોતે આવી અમૂલ્ય તકને ઝડપી લીધી નહીં અને ઈસ્લામ ધર્મ અપનાવ્યો નહીં. હદીયા કબૂલ કરવામાં આવ્યા. પ્રથમ કુંવારી કન્યા મારિયા રસૂલિલ્લાહ(સ.)ની સાથે જ રહ્યાં અને તેમણે આપ(સ.)ના પુત્ર ઈબ્રાહીમ(અ.)ને જન્મ આપ્યો. બીજી કુંવારી કન્યા સિરિનને હસ્સાન બિન સાબિત અલ અન્સારીને આપવામાં આવી. *

**ઈસ્લામી કવીઝ નં. ૨૧૨ના જવાબો**

(૧) અલ્લાહ તઆલા આપણાથી ખુશ રહે. (૨) યસરબ (૩) ઝન્નુન (૪) ઐન (૫) બયતુલ માલ (૬) મુતવલ્લી (૭) આમિલ (૮) આમુલ ફીલ


પ્રો.અબ્બાસઅલી ઈસ્માઈલભાઈ સુણસરા
મોબાઈલ : ૯૮૨૫૪૫૯૮૨૫

પૈરાહન
રેડીમેડ

જીન્સ, શર્ટ, ટી-શર્ટ, સ્લીમ શર્ટ, ટ્રાઉઝર્સ, નાઈટી અને ચિલ્ડ્રનવેર મળશે.

છાપી તાજ હોટલની બાજુમાં,
ડાયમંડ કોમ્પલેક્ષ, ગાલા નં. ૧૮-એ, છાપી.



નજરમોહંમદ એમ. ભટ્ટા (ઈલોલ પહાડીયા)
મો. ૯૪૨૮૮૨૨૦૯૩૪

ગેસ ગીઝર સ્પેશ્યાલિસ્ટ



નટરાજ તથા નવદીપ ઘરઘંટીનું રીપેરીંગ તથા સ્પેર પાર્ટસ વ્યાજબી ભાવે મળશે.

પ્રકાશ ઈલેક્ટ્રીકલ્સ & રીપેરીંગ

અમારે ત્યાં ગેસ ગીઝર, ઈલે. ગીઝર તથા એર કુલર વ્યાજબી ભાવે મળશે.

હોસ્ટેલ, રેસ્ટોરન્ટ, હોસ્પિટલ માટે સ્પેશ્યલ 100 Ltr., 150 Ltr. 200 Ltr. ગેસ બંબા મળશે.

::::: પ્રકાશ ઈલેક્ટ્રીકલ્સ એન્ડ રીપેરીંગ :::::
ખેડ તસીયા રોડ, દિગમ્બર જૈન સમાજવાડી સામે, મહાવીરનગર, હિંમતનગર.

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## હઝરત અલી(અ.)ની શહાદતના પ્રસંગોનો અહેવાલ-શહાદત પાછળના મકસદ

*(આ બાબતમાં જે પ્રમાણભૂત ઈતિહાસકારોએ પ્રસંગો અને સમાચારો લખ્યા છે તેમાં અબુ મખ્નફ ઈસ્માઈલ બિન રાશિદ અબુ હાશિમ રિફાઈ, અબુ અમ્ર શકફી અને અન્ય સંપાદકો છે કે જેમણે આવું લખ્યું છે :)*

ખારજીઓની એક જમાઅત મક્કામાં ભેગી થઈ હતી જે એ લોકોના સરદારોનાં નામ લઈને તેમને **'મૌરદે અલ ઈલ્ઝામ'** ગણાવી રહી હતી કે જેમણે આવી હરકત કરી હતી. તે લોકો એવું કહી રહ્યા હતા કે નહેરવાનમાં જે લોકો હાજર હતા તેમના ઉપર અલ્લાહનો રહમ અને કરમ નાઝિલ થયો છે. ત્યાર પછી તે લોકો અંદરો અંદર વાતો કરવા લાગ્યા, 'જો આપણે આપણી જાતને અલ્લાહની ખાતર વકફ કરી દઈએ અને જૂઠ્ઠા ઈમામોની પાસે જઈએ અને વાટ જોઈએ એટલી વાર સુધી કે એ ક્ષણો આવી જાય કે જ્યારે તે લોકો બેખબર થઈ જાય અને આપણે ખુદાની મદદથી આમ જનતાને અને મુલ્કને એ લોકોથી આઝાદ કરાવી દઈએ તો આ રીતે આપણા ભાઈઓનો બદલો લઈએ કે જેમને નહેરવાનમાં શહીદ કરી દેવાયા છે.'

તે લોકોએ લેખિત અહદ કર્યો કે આ કાર્યનો અમલ હજ પછી કરવામાં આવશે. અબ્દુર્રહેમાન ઈબ્ને મુલ્જિમ(લાઅ.)એ કહ્યું,

'હું જવાબદારી લઉં છું (હલાક કરવાની) અલી(અ.)ને તમારા ખાતર.'

બર્ક બિન અબ્દુલ્લાહ તમીમીએ કહ્યું,

'હું જવાબદારી લઉં છું (હલાક કરવાની) મોઆવિયાને તમારા માટે.'

અને અમ્ર બિન બક્ર તમીમીએ કહ્યું,

'હું જવાબદારી લઉં છું (હલાક કરવાની) અમ્ર બિન આસને તમારા માટે.'

આવો લેખિત પ્રતિજ્ઞા પત્ર ઉપર અમલ કરવાનો અહદ કરવામાં આવ્યો અને ત્યાં હાજર રહેલા લોકોએ અહદને પૂરો કરવાનો વાયદો કર્યો. આ અહદનામા અનુસાર એ લોકો રાજી થયા કે ૧૯, રમઝાનની રાત્રે અહદનામા ઉપર અમલ કરવામાં આવશે. ત્યાર પછી તે લોકો ચાલ્યા ગયા.

ઈબ્ને મુલ્જિમ (લાઅનતુલ્લાહ) પોતાના અઘરા કાર્ય માટે રવાના થઈ ગયો. તેની ગણના કુન્દા કબીલામાં થતી હતી. મુસાફરી કરીને તે કુફા આવી ગયો. ત્યાં તેના બીજા સાથીદારો મળ્યા. પરંતુ તેણે પોતાના કાર્યને તેમનાથી છૂપું રાખ્યું કેમકે તેને એવો ડર હતો કે જો આ રહસ્ય ઉપરથી પડદો હટી જશે તો આ સમાચાર જંગલની આગની માફક ફેલાઈ જશે. એ દિવસોમાં પરિસ્થિતિ કંઈક એવી હતી કે એક દિવસ તે પોતાના એક દોસ્તને મળવા ગયો. તે તૈમ રબાબ કબીલાનો હતો. તે માણસના ઘેર બનવાકાળ કોતામ બિન્તે અખ્ઝર પણ મોજૂદ હતી. એ પણ તૈમ કબીલાની હતી. અમીરુલ મોમિનીન(અ.)એ નહેરવાનના જંગમાં તે (કોતામ)ના ભાઈ અને બાપને કતલ કર્યા હતા. તે પોતાના જમાનાની સૌથી સુંદર સ્ત્રી હતી. જ્યારે ઈબ્ને મુલ્જિમ (લાઅનતુલ્લાહ)એ તેને જોઈ તો તે તેના પ્રેમમાં પડી ગયો અને તે કોઈ પણ ભોગે તેણીને પ્રાપ્ત કરવા માગતો હતો. તેણે તરત જ શાદી કરવા માટેનો પ્રસ્તાવ મૂક્યો અને તેની રજામંદી માટે આગ્રહ કરવા લાગ્યો. ત્યારે તેણીએ (એટલે કે

કોતામે) કહ્યું,

'તમે મને (શાદીની) મહ્રમાં શું શું આપી શકો તેમ છો ?'

તેણે (ઈબ્ને મુલ્જિમે) કહ્યું,

'તમે પોતે જ નિર્ણય કરીને મને બતાવો.'

તેણીએ જવાબ આપ્યો,

'મેં નિર્ણય કરી લીધો છે કે તમે મને ત્રણ હજાર દિરહમ, એક કનીઝ અને એક ગુલામ અને અલી ઈબ્ને અબીતાલિબ(અ.)ની હત્યા (આપો).'

તેણે જવાબ આપ્યો,

'હું તને સઘળી ચીજો આપી શકું તેમ છું કે જે તું ઈચ્છે છે, પરંતુ જયાં સુધી અલી ઈબ્ને અબીતાલિબ(અ.)ના કતલનો સવાલ છે, તે હું કેવી રીતે કરી શકું ?'

તેણીએ કહ્યું,

'તમે એવી ક્ષણોની રાહ જુઓ કે જ્યારે તેઓ ગાફેલ હોય. જો તમે તેમને કતલ કરી દેશો તો તમારું તે કાર્ય મારા જખમ માટેની મલમપટ્ટી બની જશે. (આ વિચાર સતત મારા મનમાં રહે છે) અને ત્યાર પછી તમે મારી સાથે ભોગ વિલાસની જિંદગી વિતાવી શકો છો અને જો તમે કતલ થઈ ગયા તો તમારા માટે આનાથી મહાન અલ્લાહની નેઅમત બીજી શું હોઈ શકે છે. (આ તો સર્વશ્રેષ્ઠ મોત છે.)'

તેણે કહ્યું,

'જે કામ માટે હું આ શહેરમાં આવ્યો છું તે કામ માત્ર અને માત્ર અલી ઈબ્ને અબીતાલિબ (અ.)ને કતલ કરવાનું છે. હું આ શહેરમાં અજનબી છું અને નવો નવો આવેલો છું તેથી મને અહીં કોઈ પણ પ્રકારની સુરક્ષા પણ પ્રાપ્ત નથી કેમકે આ શહેરના લોકો મને ઓળખતા નથી. તેથી આ બાબતમાં શું તમે મારી મદદ કરી શકો છો ?'

તે સ્ત્રીએ કહ્યું,

'હું એક એવા માણસની શોધ કરીશ કે જે તમારી મદદ કરે અને તમારા કાર્યમાં તમને સહકાર આપે.'

ત્યાર પછી તેણી વરદાન ઈબ્ને મહાલાની પાસે ગઈ. તેનો સંબંધ પણ તૈમ રબાબ કબીલા સાથે હતો. તેણે વરદાનને દરેક બાબતથી માહિતગાર કર્યો અને તેને ઈબ્ને મુલ્જિમની મદદ કરવાનું કહ્યું. તેણે વાયદો કર્યો કે તે તેની (ઈબ્ને મુલ્જિમની) મદદ કરશે અને સંપૂર્ણ જવાબદારીથી કરશે.

ત્યાર પછી ઈબ્ને મુલ્જિમ(લાઅનતુલ્લાહ) બહાર ચાલ્યો ગયો અને થોડી વાર પછી એક માણસને પોતાની સાથે લઈને આવ્યો કે જેનો સંબંધ અશ્જહ કબીલા સાથે હતો અને તેનું નામ શબીબ બિન બુહૈરા હતું.

તેને કહ્યું,

'અય શબીબ ! શું તમે દુનિયા અને આખેરત બન્નેની પ્રતિષ્ઠા ઈચ્છો છો ?'

શબીબે પૂછ્યું,

'તમારા કહેવાનો શું મતલબ છે ?'

તેનો જવાબ હતો.,

'શું તમે અલી બિન અબીતાલિબ(અ.)ને મારી નાખવામાં મારી મદદ કરશો ખરા ?'

શબીબ પણ ખારજી વિચારોવાળો માણસ હતો. તેણે ઈબ્ને મુલ્જિમને જવાબ આપ્યો,

'એક વિલાપ કરનારી સ્ત્રી (તમારા મોત ઉપર) આંસુ વહાવે, અય ઈબ્ને મુલ્જિમ ! તમે એવા કામ માટે આવ્યા છો કે જે ખૂબ જ સનસનાટીભર્યું અને ખોફનાક છે. આ કામ તમે છેવટે કરવાના કઈ રીતે ?'

ઈબ્ને મુલ્જિમે તેને જવાબ આપ્યો,

'જુમ્આ મસ્જિદમાં આપણે સૂઈ જઈને વાટ જોઈશું અને જ્યારે તેઓ ફજ્રની નમાઝ માટે મસ્જિદમાં આવશે તો આપણે તેમના ઉપર હુમલો કરી દઈશું. જો આપણે તેમને કતલ કરી દઈશું તો આપણે બેફિકર થઈ જઈશું અને બદલો લઈ લેશું.'

તે આગ્રહ કરતો જ રહ્યો એટલે સુધી કે શબીબ રાજી થઈ ગયો. આ બન્ને જણ જુમ્આ મસ્જિદમાં

ગયા જ્યાં કોતામ એ'તેકાફ કરી રહી હતી. ત્યાં તેણીએ એક ખૈમો ઊભો કરી રાખ્યો હતો. તે બન્નેએ કોતામને કહ્યું,

'અમે બન્ને જણે તે માણસને હલાક કરી નાખવાનો કોલ કરાર કરી દીધો છે.'

કોતામે પૂછ્યું,

'તમે એવું ક્યારે કરવાના ? મારી પાસે અંદર આવી જાઓ.'

ત્યાર પછી તો બન્ને જણા તેણીથી અલગ થઈ ગયા અને કેટલાક દિવસો સુધી વાટ જોતા રહ્યા. છેલ્લી વખત તે બન્ને જણ કોતામને મળવા માટે બુધવારની રાત્રે આવ્યા. તે દિવસ ૧૯મી રમઝાન, હિજરી સન-૪૦નો હતો. કોતામે પાતળુ રેશમી કાપડ મંગાવ્યું અને રેશમના એ કપડાને તે બન્ને જણની છાતી પર બાંધી દીધું. બન્ને જણે પોત પોતાની તલવારો લીધી અને બહાર ચાલ્યા ગયા. અને મસ્જિદના એ દરવાજાની બહાર બેસી ગયા કે જ્યાંથી હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અ.) નમાઝ માટે દાખલ થતા હતા. તે ઉપરાંત તે બન્ને જણે કંઈ કર્યા પહેલાં અશઅશ બિન કૈસને પોતાના ઈરાદાથી વાકેફ કરી દીધો હતો કે તે લોકો અમીરુલ મોમિનીન(અ.)ને કતલ કરવાના છે. અશઅશ બિન કૈસે (લાઅનતુલ્લાહ) તેમના આ ઈરાદાની પ્રશંસા કરી અને પોતાની રજામંદી પ્રગટ કરી.

એ રાત્રે હજર બિન અદી(રહેમતુલ્લાહ) મસ્જિદમાં હાજર હતા અને ઈબાદતમાં તલ્લીન હતા. તેમણે આ વાતચીત સાંભળી લીધી કે જે અશઅશ બિન કૈસ ઈબ્ને મુલ્જિમને આ મુજબ કહી રહ્યો હતો,

'તમારા કાર્યમાં ઉતાવળ કરો. સુબ્હની સફેદી નમુદાર થઈ રહી છે.'

હજર બિન અદીએ અશઅશના ઈરાદાને સમજી લીધો અને તેને પૂછ્યું,

'શું તમે તેમને કતલ કરવા જઈ રહ્યા છો ? તમે (એક આંખે) કાણા છો એટલા માટે ?'

આટલું કહીને હજર બિન અદી સીધા અમીરુલ મોમિનીન(અ.)ના ઘેર હાજર થયા જેથી આ વાતચીત કે જે તેમણે સાંભળી હતી, તેનાથી અમીરુલ મોમિનીન(અ.)ને માહિતગાર કરી શકે. પરંતુ બદનસીબી એવી હતી કે જ્યારે તેઓ અમીરુલ મોમિનીન(અ.)ના ઘેર પહોંચ્યા તો ખબર પડી કે અમીરુલ મોમિનીન(અ.) તો મસ્જિદમાં પહોંચી ચૂક્યા છે....

જ્યારે હજર બિન અદી મસ્જિદમાં પાછા દાખલ થયા ત્યારે લોકો ચીસો પાડી પાડીને રડી રહ્યા હતા કે -

'અમીરુલ મોમિનીન(અ.)ને કતલ કરી દેવામાં આવ્યા.'

ત્યાર પછી હઝરત અલી(અ.) ઉપર શબીબ બિન બજરાએ હુમલો કર્યો પરંતુ તેનો વાર ખાલી ગયો અને તેની તલવાર હવામાં લહેરાઈને રહી ગઈ. મસ્જિદમાં જે મજમો હાજર હતો તે દરવાજા તરફ દોડ્યો જેથી બન્ને અપરાધીઓને પકડી શકે.

એક માણસે શબીબ બિન બજરાને પકડી લીધો અને એટલો માર્યો કે તે જમીન ઉપર પડી ગયો. તે માણસ શબીબની છાતી ઉપર સવાર થઈ ગયો અને પોતાની તલવાર બહાર કાઢીને તેને કતલ કરવાની ઈચ્છા કરી એટલામાં તો ત્યાં મોટો મજમો ભેગો થઈ ગયો. તે માણસ ગભરાઈ ગયો કે ક્યાંક મજમો તેને જ મારી ન નાખે તેથી તેણે શબીબને છોડી દીધો. શબીબ ભાગીને પોતાના ઘરમાં દાખલ થઈ ગયો. ઘરમાં તેના પિત્રાઈ ભાઈએ તેને જોયો. તે વખતે શબીબ પોતાની છાતી ઉપર બાંધેલું રેશમી કપડું ખોલી રહ્યો હતો. તેણે શબીબને પૂછ્યું,

'તું શું કરી રહ્યો છે ? હું માનું છું કે અમીરુલ મોમિનીન(અ.)ને તેં કતલ કર્યા છે.'

શબીબ એવું કહેવા ઈચ્છતો હતો કે

'ના, મેં કતલ નથી કર્યા.'

પરંતુ તે એટલો બધો ડરી ગયો હતો કે તેણે જવાબ આપ્યો,

'હા, મેં કતલ કર્યા છે.'

શબીબનો પિત્રાઈ ભાઈ બહાર ગયો અને તલવાર લઈને પાછો આવ્યો. તેણે તલવારથી શબીબ પર કેટલાય ઘા કર્યા અને તેને કતલ કરી નાખ્યો.

હમ્દાન કબીલાના એક માણસે પીછો કરીને ઈબ્ને મુલ્જિમ(લાઅનતુલ્લાહ)ના હાથ ઉપર પોતાની અબા નાખી અને તેની તલવાર ઝૂંટવી લીધી. ત્યાર પછી તેને કાબૂમાં કરીને અમીરુલ મોમિનીન(અ.)ની પાસે લાવ્યા. ત્રીજો અપરાધી વધારે સ્ફૂર્તિલો હતો અને તે નાસી જવામાં સફળ થઈ ગયો. જ્યારે ઈબ્ને મુલ્જિમ(લા.)ને અમીરુલ મોમિનીન(અ.)ની સામે રજૂ કરવામાં આવ્યો તો અમીરુલ મોમિનીન(અ.)એ તેને ધ્યાનપૂર્વક જોયો અને કહ્યું,

'જાનનો બદલો જાન. જો કદાચ હું મરી જાઉં તો તેને પણ આવી જ રીતે હલાક કરજો કે જેવી રીતે તેણે મને કર્યો છે અને જો હું જીવતો રહ્યો તો તેના બારામાં હું જાતે જ ફેંસલો કરીશ.'

❈

ત્યાર પછી ઈબ્ને મુલ્જિમને હઝરત અલી(અ.)ની સામેથી લઈ જવામાં આવ્યો પરંતુ હાજર લોકોની તો એવી ઈચ્છા હતી કે તેને આમ જનતાને હવાલે કરી દેવામાં આવે જેથી તે લોકો અપરાધીના ટુકડે ટુકડા કરી નાખે. લોકોમાંથી ચીસોનો આવો અવાજ આવી રહ્યો હતો,

'અય દુશ્મને ખુદા ! તેં શું કરી નાખ્યું ? તેં તો હઝરત મોહંમદ(સ.)ની ઉમ્મતને બરબાદ કરી નાખી. તેં સૌથી ઉત્તમ માણસને હલાક કરી નાખ્યા છે.'

તે આ અવાજોને સાંભળતો રહ્યો અને ચૂપ રહ્યો. ત્યાર પછી તેને કેદખાનામાં લઈ જવામાં આવ્યો. ત્યાર પછી લોકો અમીરુલ મોમિનીન (અ.)ની પાસે આવ્યા અને કહેવા લાગ્યા,

'અય અમીરુલ મોમિનીન ! અમને હુકમ આપો કે અમે એ દુશ્મને ખુદાની સાથે શું કરીએ ? તેણે તો મિલ્લતને બરબાદ કરી નાખી છે અને અકીદાના ટુકડે ટુકડા કરી નાખ્યા છે.'

અમીરુલ મોમિનીન(અ.)એ જવાબ આપ્યો,

'જો હું જીવતો રહ્યો તો હું જાતે જ ફેંસલો કરીશ અને જો હું મૃત્યુ પામ્યો તો તેને એવી જ સજા આપજો કે જે પયગમ્બર(સ.) કોઈ કાતિલને આપતા હતા. તેને કતલ કરી દેજો અને તેની લાશને સળગાવી દેજો.'

બે બીજા લોકો કે જેમણે ઈબ્ને મુલ્જિમની સાથે એવી કસમ ખાધી હતી કે મોઆવિયાને અને અમ્ર બિન આસને તે લોકો હલાક કરી દેશે. તો એકે મોઆવિયા પર એ વખતે તલવારથી વાર કર્યો કે જ્યારે કે તે રૂકૂઅમાં હતો. ઘા ઊંડો ન હતો તેથી કોઈ ભયંકર પરિણામ ન આવ્યું અને તેને બચાવી લેવામાં આવ્યો. અપરાધીને સ્થળ ઉપર જ ગિરફતાર કરી લેવામાં આવ્યો અને હલાક કરી દેવામાં આવ્યો. એ અપરાધી કે જે અમ્ર બિન આસને ખતમ કરવા માટે નિયુક્ત થયેલો હતો તેને સ્થળ ઉપર જ ઓળખી લેવામાં આવ્યો. બીમારીના કારણે અમ્ર બિન આસ નમાઝ પઢવા આવ્યો ન હતો અને પોતાની જગ્યાએ તેણે બીજાને જમાઅતની ઈમામત કરવા માટે નક્કી કર્યો હતો જેનું નામ ખારજા બિન અબી હબીબા આમરી હતું. અપરાધીએ એવું સમજીને ઈમામત અમ્ર બિન આસ કરી રહ્યો છે, તલવારથી પ્રહાર કર્યો અને ખારજાને કતલ કરી નાખ્યો. ✻

**G. K. Corner Solution (122)**

(૧) કોલકતા, ૨૭ ડિસેમ્બર-૧૯૧૧ (૨) ૧૨૫ રનથી (૩) રવીન્દ્રનાથ ટાગોર (૪) લાહોર (૫) ૨૭મી જૂન (૬) સ્પેન (૭) સિતાર

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જનાબે સૈયદતુન્નિસા ફાતેમા ઝેહરા(અ.)નાં ગુણગાન

**અફઝલુન્નિસા :**

ઈબ્ને અબ્બાસ(રઝી.)થી મરવી છે કે જનાબે રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું કે જન્નતની બધી સ્ત્રીઓથી અફઝલ ખદીજા બિન્તે ખુવૈલ્દ અને ફાતેમા બિન્તે મોહંમદ(સ.) છે.

**ખૈરૂન્નિસા :**

અનસ બિન માલિક રિવાયત કરે છે કે હુઝૂર નબી(સ.)એ ફરમાવ્યું છે કે મારી ઉમ્મતની સ્ત્રીઓથી બેહતર ફાતેમા બિન્તે મોહંમદ(સ.) છે.

અનસ(રઝી.) નાકિલ છે કે નિ:શંકપણે જનાબે રિસાલત(સ.)એ ફરમાવ્યું છે કે તારા માટે ફઝલમાં કાફી છે : દુનિયાની સ્ત્રીઓમાંથી ચાર સ્ત્રીઓ : મરીયમ બિન્તે ઈમરાન, અને ખદીજા બિન્તે ખુવૈલ્દ અને ફાતેમા બિન્તે મોહંમદ(સ.) અને આસિયા બિન્તે મઝાહિમ.

**સિદ્દીકા :**

અબુલ હમરાઅ(રઝી.)થી મનકુલ છે કે જનાબે રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું, અય અલી! તને ત્રણ બાબતો એવી આપવામાં આવી છે કે જે કોઈને પણ મળી નથી, અને તે મને પણ નહીં. તને મારા જેવો સસરો મળ્યો જે મને મળ્યો નથી. તને સિદ્દીકા મારી બેટી જેવી (પત્ની) મળી એવી મને મળી નથી. તને હસન(અ.) અને હુસૈન(અ.) તારી સુલ્બમાંથી અર્પણ થયા અને મને એમના જેવા મળ્યા નથી અને અલબત્ત તમે મારાથી છો અને હું તમારાથી છું.

**જનાબે સરવરે કાઈનાત(સ.)ની નજીક જનાબે સૈયદા(અ.)નું અહબ્બે એહલેબયત હોવું :**

(૧) ઉસામા બિન ઝૈદથી રિવાયત છે કે તહકીકપૂર્વક જનાબે રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે મારા ઘરવાળાઓમાં મારી નજીક સૌથી પ્યારી ફાતેમા(અ.) છે. આ હદીસની તિરમિઝી અને હાકિમે રિવાયત કરી છે અને દયલમી, ફિરદોસ અલ અખ્બારમાં લખે છે કે આં હઝરત(સ.)એ આ મુબારક શબ્દો એ વખતે ઈરશાદ ફરમાવ્યા હતા જ્યારે જનાબે અલી(અ.) અને અબ્બાસ(રઝી.)એ હુઝૂર(સ.)ને પૂછ્યું હતું કે આપની નજીક આપની અહલમાંથી કોણ વધારે પ્યારું છે ?

(૨) જમીઅ બિન ઉમૈર નકલ કરે છે કે હું મારી ફોઈની સાથે જનાબે ઉમ્મુલ મોમિનીન સિદ્દીકા(રઝી.)ની ખિદમતમાં આવ્યો અને તેમને પૂછ્યું કે બધા લોકોમાંથી આં હઝરત(સ.)ને સૌથી વધારે પ્યારું કોણ હતું ? તો ફરમાવવા લાગ્યાં કે જનાબે ફાતેમા(અ.). પછી કહેવામાં આવ્યું પુરૂષોમાંથી કોણ વધારે પ્યારું હતું ? ફરમાવ્યું, તેમના શૌહર અર્થાત અલી બિન અબીતાલિબ(અ.).

(૩) બુરૈદા(રઝી.) રિવાયત કરે છે કે બધી સ્ત્રીઓથી વધારે આં હઝરત(સ.)ને જનાબે ફાતેમા(અ.) વહાલાં હતાં અને બધા પુરૂષોથી વધારે જનાબે અલી(અ.).

**જનાબે ફાતેમા(અ.)નું બિઝ્અતે રસૂલ હોવું :**

હઝરત અલી(અ.)થી મનકુલ છે કે હું એક દિવસે જનાબે રસૂલિલ્લાહ(સ.)ની હુઝૂરમાં હાજર હતો. આપે ઈરશાદ ફરમાવ્યો, સ્ત્રીઓ માટે કઈ વસ્તુ મુનાસિબ (યોગ્ય) છે ? બધાં ચૂપ થઈ ગયાં હતાં. જ્યારે હું ફરીથી પાછો ઘરમાં આવ્યો તો મેં જનાબે ફાતેમા(અ.)ને પૂછ્યું કે સ્ત્રીઓ માટે કઈ વસ્તુ બેહતર છે ? તેમણે જવાબ આપ્યો કે (એવી વસ્તુ કે) તેને પુરૂષ જોવા ન પામે. તેથી મેં જનાબે રસૂલે મકબૂલ(સ.)ની આગળ આ બાબત બયાન કરી. આપ(સ.)એ ફરમાવ્યું, 'ફાતેમા(અ.) મારા બદનનો ટુકડો છે.'

**આં હઝરત(સ.)નું ફરમાન છે કે જેણે ફાતમા (અ.)ને દુઃખ પહોંચાડ્યું તેણે મને દુઃખ પહોંચાડ્યું :**

(૧) મસઉદ બિન મખ્રમાંથી મરવી છે કે જનાબે રિસાલત મઆબ(સ.)એ ફરમાવ્યું કે ફાતેમા(અ.) મારો એક ટુકડો છે; જેણે તેને દુઃખ પહોંચાડ્યું તેણે મને દુઃખ પહોંચાડ્યું.

(૨) ઈબ્ને ઝુબૈરથી મનકુલ છે કે સરવરે કાઈનાત(સ.)એ ફરમાવ્યું કે ફાતેમા(અ.) મારા દિલનો ટુકડો છે, ઈજા પહોંચાડે છે એ ચીજ મને કે જે તેને ઈજા આપે છે.

(૩) મુજાહિદ કહે છે કે એક વખત જ્યારે આલમ(સ.) જનાબે ફાતેમા(અ.)નો હાથ પકડીને ઘરમાંથી બહાર તશરીફ લાવ્યા અને ફરમાવ્યું, જે માણસ તેને ઓળખતો હોય અને જે કોઈ ન ઓળખતો હોય (તો ઓળખી લે કે) આ ફાતેમા બિન્તે મોહંમદ(સ.) છે અને આ મારા દિલનો ટુકડો અને મારું દિલ છે અને આ મારી રૂહ છે કે જે મારા બન્ને પાસાઓની વચ્ચે છે. જેણે તેને તકલીફ પહોંચાડી તેણે મને તકલીફ પહોંચાડી અને જેણે મને ઈજા આપી તેણે અલ્લાહને ઈજા આપી. *


# પાટણમાં
# મેડીકલ સ્ટોર્સ
## ચલાવવા આપવાનો છે.

**રૂબરૂ મળો અથવા સંપર્ક કરો.**

:::: સંપર્ક ::::

**ભાગ્યોદય મેડીકલ સ્ટોર્સ**
દવે કોમ્પલેક્ષ, રેલ્વે સ્ટેશનની બાજુમાં,
પાટણ.

અબ્બાસભાઈ : ૯૪૨૭૪૫૯૪૬૪
શબ્બીરભાઈ : ૯૪૨૬૮૯૯૫૩૦

પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

# બેસ્ટ રેડીમેડ
# ક્લોથ એન્ડ ટેલર્સ

● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ
* કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ
* નાઈટ ડ્રેસ વિગેરે.

● ક્લોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

# નન્હે રોઝેદાર

**હિજરી સન ૧૪૩૨**



નાસેરાફાતમા અકબરઅલી
માતા : હકીમાખાતુન(જુબેલ-સાઉદી)
ઉં.વ. ૩ રોઝા : ૧૨



હલીમાફાતમા અકબરઅલી
માતા : હકીમાખાતુન(જુબેલ-સાઉદી)
ઉં.વ. ૬ રોઝા : ૨૯




મહંમદહુસૈન હસનઅબ્બાસ સુથાર
માતા : નજમાબાનુ (ખાટાઆંબા)
ઉં.વ. ૬ રોઝા : ૨



મહંમદહુસૈન મહંમદઅલી નૈયા
માતા : તાહેરાબાનુ (કાકોશી)
ઉં.વ. ૭ રોઝા : ૨



મોહંમદઅલી ઈમ્તિયાઝઅલી ખણુશીયા
માતા : હમેદાબેન (કિશોરગઢ)
ઉં.વ. ૮ રોઝા : ૧૦



સાજીદહુસૈન ઈસ્માઈલભાઈ સુણસરા
માતા : ઝોહરાબાનુ (કાકોશી)
ઉં.વ. ૮ રોઝા : ૨



મંજુરફાતેમા ગુલામહૈદર ગોદડ
માતા : ઝોહરાબેન (કિશોરગઢ)
ઉં.વ. ૧૦ રોઝા : ૨૬



નુસરતફાતેમા શબ્બીરઅલી સેલીયા
(દસાવાડા)
ઉં.વ. ૧૧ રોઝા : ૨૮



મહંમદઅલી યાસીનભાઈ પોલરા
માતા : નજમાબેન ( - )
ઉં.વ. ૧૧ રોઝા : ૧૮



સકીનાફાતેમા ફિરોઝઅલી પોલરા
માતા : નિલોફર ( - )
ઉં.વ. ૧૨ રોઝા : ૨૮

**તમામ નન્હે રોઝેદારને 'જાફરી આવાઝ'(માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.**


live for each other...
all care foundation

**ઓલ કેર ફાઉન્ડેશન**
(ભારત સરકારનું સંયુક્ત ઉપક્રમ)
રજિ.નં. ગુજરાત-૩૯૩૫-બ.કાં.
એફ-૪૦૨૨-બ.કાં.

પીરદાદા મંદિરની સામે, સુખબાગ રોડ,
પાલનપુર (બનાસકાંઠા) -૩૮૫૦૦૧

ઈમેલ :- info.allcarefoundation@gmail.com
ફોન :- (+91) 9722589238

Upgrade your enterprise with latest technology & come in upcoming 4G generation by us...

**અમારી કન્સલ્ટિંગ સર્વિસીસ**
(૧) ઈવેન્ટ મેનેજમેન્ટ
(૨) બિઝનેસ મેનેજમેન્ટ
(૩) NGO પ્રોજેક્ટ ગાઈડલાઈન
(૪) ટેક્નોલોજી મેનેજમેન્ટ
(૫) કમ્પ્યુટર મેનેજમેન્ટ
(૬) કેરિયર કાઉન્સેલિંગ
(૭) એજ્યુકેશન કાઉન્સેલિંગ
(૮) એન.જી.ઓ. કન્સલ્ટિંગ
(૯) સોશિયલ સર્વિસીસ

**અમારી સ્પેશિયલ સર્વિસીસ**
- વેબસાઈટ બનાવવી
- કમ્પ્યુટર રીપેરિંગ
- કમ્પ્યુટર અપડેશન
- સોફ્ટવેર બનાવવાં
- ટેલિ માર્કેટિંગ
- નેટવર્ક માર્કેટિંગ

**Our Specialties**
- ► Certified Experts Available
- ► Experienced Staff Available
- ► 24*7*365 Support Available
- ► Government Approved Organization
- ► **Direct Tie Up with NOHS (U.S.A.)**
- ► Server Available Up To 1000 GB
- ► Wide Range of Choice
- ► Lowest Price Of Market
- ► Latest Upgradeable Services

**લીગલ (કાયદાકિય) માર્ગદર્શન**
(૧) ધંધા, પેઢી, હોટલ, દુકાન, ફેક્ટરી, શાળા, કોલેજ, સંસ્થાની સરકારી નોંધણી અને માન્યતા
(૨) ધંધા, પેઢી, હોટલ, દુકાન, ફેક્ટરી, શાળા, કોલેજ, સંસ્થાને લગતા ફેરફારો.
(૩) એકાઉન્ટ, નામું, ફાયનાન્સિયલ મેનેજમેન્ટ
(૪) ધંધાકિય હિસાબો અને ઓડીટ કરનાર

અમેરિકાની N.O.H.S. સંસ્થા જોડે ડાયરેક્ટ જોડાણ હોવાથી સર્વોત્તમ અને સંતોષકારક સેવાની ખાતરી...

આપના ધંધા, પેઢી, હોટલ, દુકાન, ફેક્ટરી, શાળા, કોલેજ, સંસ્થા કે અંગત ઉપયોગ માટે અમારી સર્વિસીસ માટે સંપર્ક કરો...

પાયલ જોષી,
પબ્લીક રીલેશન ઓફીસર (P.R.O.)
મો. (+91) 9172760085
ઈમેલ :- donate.allcarefoundation@gmail.com

હસન અલી નોદોલીયા,
મેનેજીંગ ડિરેક્ટર (M.D.)
મો. (+91) 9722589238
ઈમેલ :- hasanali.nodoliya@gmail.com

# તૌહીદ

લેખન

મોલ્વી અકબરઅલી મીયાંજી સુણસરા (ભાંગરોડીયા)

(ગતાંકનું ચાલુ)

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે મને એની કસમ છે કે જેણે રસૂલે ખુદા(સ.)ને સાચા નબી બનાવ્યા છે કે એ લોકોને ત્રણ દિવસ પણ થયા ન હતા કે બધા જ આપની સેવામાં હાજર થઈને મુસલમાન થઈ ગયા. આ કુલ પચ્ચીસ માણસો હતા અને દરેક ફિરકાના પાંચ પાંચ જણ હતા અને અરજ કરી કે હે મોહંમદ(સ.)! અમે તમારી દલીલો કે જે ક્યાંય પણ, કોઈથી સાંભળી નથી, અમે ગવાહી આપીએ છીએ કે તમે ખુદાના પયગમ્બર છો.

અલ્લાહ તઆલા ફરમાવે છે :

**અલ્હમ્દોલિલ્લાહિલ્લઝી ખલકસ્સમાવાતે વલ્અર્ઝ વજઅલઝ્ઝોલોમાતે વન્નૂર, સુમ્મલ્લઝીન કફરૂ બે રબ્બેહિમ યઅ્દેલૂન.**

(પારો-૭, સૂરએ અન્આમ, આયત-૧)

અર્થાત : સર્વ ગુણગાન તે અલ્લાહ માટે છે કે જેણે આકાશો તથા જમીન પેદા કર્યાં છે તથા અંધાર અને પ્રકાશ ઉત્પન્ન કર્યો છે, છતાં જેઓ ઈમાન નથી લાવ્યા તેઓ બીજાઓને પોતાના પરવરદિગારના બરોબરીયા ઠરાવે છે.

એટલે ખુદાનાં વખાણ છે કે જેણે આકાશ અને પૃથ્વી બનાવી છે અને અંધકાર અને પ્રકાશ ઉત્પન્ન કર્યો છે. પછી જેઓ કાફિર થયા છે તેઓ (બીજાને) પોતાના પરવરદિગાર સમાન ગણે છે.

ઉપર જણાવેલ પાંચ ફિરકાઓમાંથી ત્રણ ફિરકાઓનો રદીયો છે. **'અલ્હમ્દોલિલ્લા-હિલ્લઝી ખલકસ્સમાવાતે વલ્અર્ઝ.'** માં તો નાસ્તિકોનું ખંડન કર્યું છે જેઓ કહેતા હતા કે આ દુનિયા આદિથી છે અને હંમેશાં આવી જ રીતે ચાલી રહી છે. તેની કોઈ શરૂઆત નથી. **'વજઅલઝ્ઝોલોમાતે વન્નૂર.'**માં મજૂસીઓની માન્યતાનું ખંડન કર્યું છે કે જે કહેતા હતા કે અંધકાર અને પ્રકાશથી દુનિયા ઉત્પન્ન થઈ છે. **'સુમ્મલ્લઝીન કફરૂ બે રબ્બેહીમ યઅ્દેલૂન.'**માં અરબના મુશરિકોનું ખંડન કર્યું છે કે જેઓ એવું કહેતા હતા કે અમારા બુતો અમારા મા'બૂદ છે. પછી અલ્લાહ એ લોકોના રદીયામાં જે ખુદા સિવાય બીજાને ખુદા માને છે, સૂરએ તૌહીદ નાઝિલ કરી અને ફરમાવ્યું, હે મોહંમદ(સ.) !

**'કુલ્હોવલ્લાહો અહદ અલ્લાહુસ્સમદ લમ્યલિદ વલમ્યુલદ, વલમ્યકુલ્લહૂ કોફોવન અહદ.'**

અર્થાત : (હે રસૂલ) કહે કે તે અલ્લાહ એક જ છે. અલ્લાહ બેનિયાઝ (સ્વતંત્ર) છે ન તે કોઈને જન્મ આપે છે અને ન તેને કોઈએ જન્મ આપ્યો છે અને ન કોઈ એક તેના જેવો છે.

પછી હઝરત રસૂલે ખુદા(સ.)એ પોતાના સહાબીઓને ફરમાવ્યું કે કહો, **'ઈય્યાકનઅબોદો'** એટલે અમે એક જ ખુદાની ઈબાદત કરીએ છીએ અને નાસ્તિકોની જેમ તે વાતને માનતા નથી કે દુનિયા કાયમી છે. તેની કોઈ શરૂઆત નથી ન તો મજૂસીની જેમ એમ કહીએ છીએ કે અંધારા અને પ્રકાશથી દુનિયા બનેલી છે ન તો અરબના મુશરિકોની જેમ બુતોને પોતાના માઅબૂદ ગણીએ છીએ. અમે કોઈને તારી સાથે શરીક કરતા નથી. ન તો એ કાફિરોની જેમ તારા સિવાય બીજા કોઈને ખુદા કહીએ છીએ. ન તો યહૂદીઓ કે નસારાની જેમ કોઈને તારો દીકરો બતાવીએ છીએ. તું આ વાતથી મહાન છે.

હઝરત અમીરુલ મોમિનીન હઝરત અલી(અ.)એ ફરમાવ્યું છે કે બની ઈસરાઈલની માફી માટે **'બાબે હિત્તા'** નક્કી કરવામાં આવ્યો હતો. હે ઉમ્મતે મોહંમદી ! તમે અલ્લાહનો હુકમ માનો અલ્લાહના રસૂલનો હુકમ માનો અને તેમને હુકમ

આપવામાં આવ્યો છે કે રસૂલ(સ.)ની એહલેબયત હઝરત અલી(અ.), હઝરત ફાતેમા(અ.), હઝરત હસન(અ.) અને હઝરત હુસૈન(અ.)ની દોરવણી પ્રમાણે તાબેદારી કરો. હે ઉમ્મતે મોહંમદી! તમારો **'બાબે હિત્તા'** (છુટકારાનો દરવાજો) એહલેબયત છે. તેમના માર્ગને પોતાના ઉપર ફરજીયાત કરી લો. જેથી તે કાર્યથી તમારા ગુના અને ભૂલો માફ કરવામાં આવે અને નેકોની નેકીમાં વધારો થાય. તમારો **'બાબે હિત્તા'** બની ઈસરાઈલના **'બાબે હિત્તા'**થી અફઝલ શ્રેષ્ઠ છે કારણ કે બની ઈસરાઈલનો **'બાબે હિત્તા'** લાકડાનો દરવાજો હતો. જ્યારે અમે બોલતા અને સાચા કાયમ રહેવાવાળા અને હિદાયત કરવાવાળા અને ફઝીલતવાળા છીએ. તેથી રસૂલે ખુદા(સ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે આસમાનના સિતારા માર્ગ ભૂલી જવાથી બચાવે છે અને મારી એહલેબયત મારી ઉમ્મત માટે દીનમાં ગુમરાહ થવાથી બચાવે છે. તેઓ દુનિયામાં કદી વિનાશ પામશે નહીં, જ્યાં સુધી કે તેમની વચ્ચે મારી એહલેબયતમાંથી કોઈ એવો માણસ હાજર રહેશે કે જેની હિદાયત અને તરીકાની તે લોકો પેરવી કરશે. સાંભળો, હઝરતે ફરમાવ્યું છે કે જે માણસ ઈચ્છતો હોય કે તેનું જીવન મારા જીવનની જેમ હોય અને તેનું મોત મારા મોતના જેવું હોય અને જન્નતે અદનમાં સ્થાન મળે જેનો મારા પરવરદિગારે વાયદો ફરમાવ્યો છે અને તે ઝાડમાં હાથ લગાવે કે જેને અલ્લાહ તઆલાએ પોતાની કુદરતથી લગાવ્યું છે અને તેને ફરમાવ્યું **'કૂન'** એટલે **'થઈ જા'** અને તે થઈ ગયું છે. તેને જોઈએ કે અલી ઈબ્ને અબીતાલિબની વિલાયતને ધારણ કરે. હઝરત અલીની ઈમામતને માને, તેમના દોસ્તને દોસ્ત રાખે, અને તેમના દુશ્મનને દુશ્મન રાખે અને પછી તેમના વંશની (જે ફઝીલતવાળા અને પરવરદિગારના તાબેદાર છે) વિલાયતને ધારણ કરે કારણ કે ખુદાએ મારું ઈલ્મ અને સમજ તેમને આપી છે. તેથી મારી ઉમ્મતના એ લોકો ઉપર અફસોસ છે કે જે તેમની ફઝીલતને જૂઠલાવે અને મારા સંબંધને તેમનાથી જુદો કરે અને તેમની અવગણના કરે, ખુદા મારી શફાઅત તેમને નસીબ કરે.

હઝરત અલી(અ.)એ ફરમાવ્યું છે કે જેવી રીતે કેટલાક બની ઈસરાઈલ તાબેદારી કરવાના કારણે માનનીય થયા અને કેટલાક નાફરમાનીના કારણે ખુદાના અઝાબમાં સપડાયા એ જ પ્રમાણે તમારો હાલ પણ થશે. અસ્હાબોએ અરજ કરી કે યા અલી! તે ઉધ્ધત લોકો કોણ છે ? હઝરત અલી(અ.)એ ફરમાવ્યું કે તે લોકો એ છે કે જેમને અમો એહલેબયતની તા'ઝિમ કરવા અને અમારા હકોને જાળવવાનો હુકમ થયો. પછી તેમણે તેના વિરૂધ્ધ કર્યું અને નાફરમાની કરી. અમારા હકોનો અનાદર કર્યો અને તેને નજીવા સમજ્યા. તેમને ઓલાદે રસૂલની તા'ઝિમ કરવા અને તેમનાથી મોહબ્બત કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો છતાં દુશ્મની કરી. (ક્રમશઃ)


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)

**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**

**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ**

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### ઈલ્મ પ્રાપ્તિ

(ગતાંકનું ચાલુ)

ઈલ્મ પ્રાપ્ત કરવું એનો અર્થ થાય લોકો તમને જે કંઈ કહે તેને શીખવાનો અને સમજવાનો પ્રયત્ન કરવો અને ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવો. આ એક સારી ટેવ છે.

કોઈ આપણને કંઈક શીખવાનું કહે તે માટે આપણે રાહ જોવી પડતી નથી. બીજા લોકો શું કરી રહ્યા છે તેનું નિરીક્ષણ કરીને, તેમની ભૂલોમાંથી શીખીને અને તેમની સારી ટેવોને ચૂંટી લઈને આપણે હંમેશાં ઈલ્મ પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ. કિતાબોના વાંચનમાંથી સારા મુદ્દાઓ ચૂંટી કાઢીને પણ આપણે શીખી શકીએ છીએ. પરંતુ આપણે હંમેશાં જે ખરાબ ટેવો જોવા મળે તેનાથી સાવધ રહીએ અને તેમને અપનાવવાથી દૂર રહીએ.

- જો કોઈ માણસ આપણને કંઈ કહે તો આપણે ત્રણ બાબતો કરવી જોઈએ :

(૧) સાંભળવું જોઈએ

(૨) શીખવું જોઈએ અને

(૩) સમજવું જોઈએ.

એનો અર્થ એ થાય કે બીજી વખતે આપણે જે કંઈ શીખ્યા હોઈએ તેનો ઉપયોગ આપણે આપણા ફાયદા માટે કરી શકીએ છીએ અને કદાચ તે બાબત બીજાઓને શીખવી શકીએ.

- ઈલ્મ વિષે અગત્યની બાબત એ છે કે આપણે કદી પણ તેનાથી અભિમાન કરવું જોઈએ નહીં. ભલેને આપણે ગમે તેટલું જાણતા હોઈએ તો પણ હંમેશાં અનેકગણું વધારે એવું હોય છે કે જે આપણે જાણતા હોતા નથી.

- ઘણા સમય પહેલાં એક રાજા થઈ ગયો કે જે ખૂબ જ પ્રખ્યાત હતો. તેની ખ્યાતિ માટેનું એક કારણ એ હતું કે તેના સલાહકાર તરીકે એક સમજદાર વૃધ્ધ માણસ હતો.

જ્યારે આ સલાહકાર રસ્તા પર થઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે એક વૃધ્ધ ડોશીએ તેને અટકાવ્યો અને કહ્યું,

'મારે તમને એક પ્રશ્ન પૂછવો છે.'

સમજદાર માણસે કહ્યું,

'બોલો, હું તમને કંઈ રીતે મદદ કરી શકું?'

વૃધ્ધ સ્ત્રીએ તેમને પ્રશ્ન પૂછ્યો અને તે વૃધ્ધ અને સમજદાર માણસ નીચે બેસી ગયો અને તેના ઉપર વિચારવા લાગ્યો.

તે પોતાનું માથું ખંજવાળવા લાગ્યો અને આમ તેમ ધુણાવવા લાગ્યો. છેવટે તેણે કહ્યું,

'હું આનો જવાબ જાણતો નથી.'

વૃધ્ધ સ્ત્રીએ કહ્યું,

'હંઅ, તમે તો રાજાના એક સમજદાર માણસ કહેવાઓ છો અને તમે એક ઘરડી ડોશીના પ્રશ્નનો જવાબ પણ આપી શકતા નથી !'

સમજુ વૃધ્ધ માણસ હસી પડ્યો અને જવાબ આપ્યો,

'જે જવાબો હું જાણું છું તેના માટે રાજા મને રકમ ચૂકવે છે. જે જવાબો હું જાણતો નથી તેની રકમ જો તેણે ચૂકવવાની હોત તો આ દુનિયા ઉપર આવેલી બધી બાદશાહતો પણ પૂરતી ન થાત.'

આ બાબત આપણને બતાવે છે કે ભલેને માણસ ગમે તેટલો હોંશિયાર કેમ ન હોય, પરંતુ

તેનામાં સુધારાનો અવકાશ હોય જ છે.

જે સ્થળોથી આપણે ઈલ્મ શીખીએ છીએ તે સ્થળો છે, ઘર, શાળા, મસ્જિદ અને મદ્રેસો. જે જે જગ્યાએ આપણે જઈએ ત્યાંથી આપણે કંઈક નવું શીખવું જોઈએ. આપણે હંમેશાં એવાં સ્થળોનું સન્માન કરવું જોઈએ કે જે ખાસ કરીને ઈલ્મ માટેનાં સ્થળો હોય જ્યાંથી આપણે માત્ર શીખવાનો જ નહીં પરંતુ શીખવામાં આનંદ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ઉદાહરણ તરીકે, શાળામાં આપણે શિક્ષકને માન આપવું જોઈએ અને સાથે સાથે કામ કરવાનો પ્રયત્ન અને આનંદ માણવો જોઈએ. આ રીતે આપણે પ્રગતિ કરીશું અને સાથે સાથે ગમ્મત પણ માણીશું.

હઝરત રસૂલે ખુદા(સ.)ના જમાનામાં મદીનાની મસ્જિદનો ઉપયોગ માત્ર ઈબાદત કરવા માટે જ થતો નહોતો પરંતુ મોમિનો અહીં શીખવા માટે ભેગા થતા. જ્યારે રસૂલિલ્લાહ(સ.) હાજર હોય ત્યારે તેઓ આપના મોઢામાંથી નીકળતી હિકમતની વાતો સાંભળતા અને આપની તાલીમ દ્વારા લાભ ઉઠાવતા. જ્યારે આપની ગેરહાજરી હોય ત્યારે અન્ય ઈમાનદાર અસ્હાબો એ બાબતો શીખવતા કે જે અલ્લાહના રસૂલ(સ.)એ તેમને શીખવી હોય. *

### ઈર્શાદાતે રસૂલ(સ.)માંથી

## ઈલ્મ પ્રાપ્ત કરવા વિષેની હદીસો

(૧) ઈલ્મ પ્રાપ્ત કરવું મુસલમાનો ઉપર વાજિબ છે. ખુદાવંદે આલમ ઈલ્મ પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવનારાઓને દોસ્ત રાખે છે.

(ઉસૂલે કાફી, જિલ્દ-૧)

(૨) ઈલ્મના ખજાના છે અને તેની ચાવી પૂછવું તે છે તેથી તમે પૂછો ખુદા તમારા ઉપર રહેમ કરશે કેમકે તેનાથી ચાર માણસોને સવાબ મળે છે; પૂછનારને, ઈલ્મ જાણનારને, સાંભળનારને અને જે એમને દોસ્ત રાખે તેને.

(સહીફતુર્રઝા, હદીસ-૧૧)

(3) જે માણસ કોઈને ઈલ્મ શીખવાડે તો તેને કયામત સુધી તેના ઉપર અમલ કરનારના બરાબર સવાબ મળશે.

(ઈર્શાદુલ કુલૂબ, દયલમી-સફા-૧૮)

(૪) ઈલ્મ મેળવવાનો ઈચ્છુક ખુદાવંદે આલમની મહેરબાનીઓથી ઢંકાયેલો હોય છે.

(બિહારૂલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૧૬૫)

(૫) જે ઈલ્મ પ્રાપ્ત કરવામાં મશગૂલ રહેશે, ખુદાવંદે આલમ તેનું ભરણપોષણ કરશે.

(અઅની ઉસરબા, સફા-૧૦)

(૬) ઈલ્મ પ્રાપ્ત કરો પછી ભલેને ચીન (દેશ) જવું કેમ ન પડે કેમકે ઈલ્મ પ્રાપ્ત કરવું દરેક મુસલમાન ઉપર ફર્ઝ છે.

(રૌઝતુલ વાએઝીન, સફા-૧૧)

(૭) જે કોઈ ઈલ્મનું એક પ્રકરણ શીખે કે જેથી ખુદાની ખુશનુદી માટે તેને લોકોને શીખવાડે તો ખુદાવંદે આલમ તેને સિત્તેર અંબિયાનો સવાબ અર્પણ કશે.

(રૌઝતુલ વાએઝીન, સફા-૧૨)

(૮) નિઃસંશય ઈલ્મની સાથે ઓછો અમલ પણ વધારે છે અને ઈલ્મ વગર વધારે અમલ (હોય તો) પણ ઓછો છે.

(અઅની ઉસરબા, સફા-૧૬)

## શબ્દ પરિચય

### ઈદ

**ઈદ** (عید) : અરબી શબ્દ છે. અર્થ : (૧) હર્ષ, આનંદ, ખુશી (૨) મુસલમાનોનો એક તહેવાર (આ શબ્દ 'ઔદ'માંથી બન્યો છે અર્થાત દર વર્ષે આવનાર) **ઈદકા ચાંદ :** (૧) રમઝાન પછીનો ચાંદ (૨) 'શવ્વાલ' માસ (હિજરી સન પ્રમાણે) (૩) લાંબા સમયથી જેને મળવાની ઉત્સુકતા હોય તે વ્યક્તિ (૪) ઘણા લાંબા સમય પછી મળે તે વ્યક્તિ. **ઈદગાહ :** જ્યાં ઈદની નમાઝ પઢવામાં આવે તે સ્થળ. **ઈદુલ ફિત્ર :** રમઝાન માસના રોઝા પૂરા થવાની ખુશીમાં શવ્વાલ માસની પહેલી તારીખે ઊજવવામાં આવતો મુસલમાનોનો તહેવાર, રમઝાન ઈદ, રોઝા ઈદ **ઈદે અઝહા** અથવા **ઈદે કુર્બા :** કે જેમાં મુસલમાનો ઘેટાં બકરાંની કુરબાની કરે તે. હિજરી સંવત પ્રમાણે ઝિલહજ માસની દસમી તારીખે ઊજવાતી ઈદ, બકરી ઈદ જેને **ઈદુદ દુહા** અથવા **ઈદુલ ઝોહા** કહે છે. **ઈદે ગદીરઃ** ૧૮મી ઝિલહજે મૌલા અલી(અ.)ની વિલાયતની ખુશીમાં શીઆહ લોકો દ્વારા મનાવવામાં આવતો તહેવાર એવી જ રીતે **ઈદે મુબાહિલા, ઈદે મિલાદ, ઈદે જુમ્આ,** વગેરે. ઈદ ઉપરથી શબ્દ બન્યો છે : **ઈદી.** ઈદી એટલે (૧) ઈદના દિવસે વડીલો તરફથી બાળકોને આપવામાં આવતું ઈના. (૨) વર પક્ષ અથવા કન્યાપક્ષ તરફથી ઈદના દિવસે મોકલવામાં આવતી મીઠાઈ અને રોકડ રકમ (૩) ઈદ સમયે મોકલવામાં આવતો શુભેચ્છા પત્ર, ઈદ કાર્ડ. ઈદનું બહવચન થાય છે **ઈદૈન** એટલે કે બન્ને ઈદો. *

## નુસ્ખા

### ગળુ

* ગળુ આવી ગયું હોય તો સરકાના કોગળા કરવાથી મટે છે.
* પાન ખાવાથી મોઢું આવી ગયું હોય તો મોઢામાં લવીંગ રાખવાથી મટે છે.
* મધ સાથે પાણી મેળવી કોગળા કરવાથી મોંની ચાંદી અને ગળાની બળતરા મટે છે.
* ટંકણખારને પાણીમાં ઓગાળી કોગળા કરવાથી મોંની ચાંદી તથા જીભની ચાંદી મટે છે.
* બાવળની છાલ ઉકાળીને કોગળા કરવાથી મોંની ચાંદી મટે છે.
* ગળુ બેસી ગયું હોય તો મીઠાના ગરમ પાણીથી કોગળા કરવાથી મટે છે.
* ગરમ કરેલા દૂધમાં થોડી હળદર નાખી પીવાથી ગળુ બેસી ગયું હોય તો તે મટે છે.
* ગરમ પાણીમાં હીંગ નાખી પીવાથી ગળુ બેસી ગયું હોય તો તે મટે છે.
* પાકું દાડમ ખાવાથી અવાજ બેસી ગયો હોય તો ખુલશે.
* રાત્રે શેકેલા ચણા ખાઈ ઉપર ગરમ પાણી પીવાથી અવાજ બેસી ગયો હોય તો ખુલશે.
* બોરડીની છાલનો કકડો ચૂસવાથી અવાજ બેસી ગયો હોય તો ખુલશે. (ક્રમશઃ)

**રમ્ઝ અલકાસિબ હબીબુલ્લાહ શનૂ**
**અઝ તવક્કુલ દર સબબ કાહિલ મશૂ -મૌલાના રૂમ**

('કમાણી કરનારો અલ્લાહનો દોસ્ત છે'ની નસીહત સાંભળ. તવક્કુલ(વિશ્વાસ)ના કારણે અસ્બાબ ધારણ કરવામાં સુસ્તી ન કર.)

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

(ગતાંકનું ચાલુ)

## Miserliness (કંજૂસાઈ)

درویش بِجُز بوی طعامش نشنیدی
مرغ از پسِ نان خوردنِ او ریزه نچیدی

**દરવેશ બેજુઝ બવી તાઆમશ નશનીદી**
**મર્ગ અજ પસે નાન ખુર્દને અવ રિઝા નચીદી**

(દુરવેશ માત્ર કંજૂસના ખોરાકને સૂંઘી જ શકતો હતો, પરંતુ તેને કદી જુઅત નહીં. કંજૂસ માણસે ભોજન ખાઈ લીધું હોય ત્યાર પછી પક્ષીઓ સૂકા રોટલાના ટુકડા પણ કદી મેળવતાં ન હતાં.)

هر کرا جاه و دولت است و بدان
خاطرَی خسته در نخواهد یافت
خبرش دِه که هیچ دولت و جاه
به سرای دگر نخواهد یافت

**હર કરા જાહ વ દોલત અસ્ત વ બદાન**
**ખાતરી ખસ્તા દર ન ખ્વાહદ યાફ્ત**
**ખબારશ દેહ કે હૈચ દોલત વ જાહ**
**બો સરાયી દિગર નખ્વાહદ યાફ્ત**

(જે લોકો મરતબો અને ધન સંપત્તિ ધરાવતા હોય અને તેમ છતાંય જે લોકો સંકટમાં હોય તેમને મદદ કરતા નથી તેમને ખબર આપી દો કે તેઓ પરલોકમાં કોઈ ધનસંપત્તિ કે કોઈ મરતબો મેળવશે નહીં.)

## Misfortune (બદનસીબી/દુર્ભાગ્ય)

مردکی خشک مغز را دیدم
رفته در پوستین صاحب جاه
گفتم: ای خواجه گر تو بدبختی
مَردُمِ نیک بخت را چه گناه ؟

**મર્દકસી ખુશ્ક મગઝ રા દીદમ,**
**રફતા દર પોસ્તીન સાહબ જાહ**
**ગુફ્તમ : અય ખ્વાજા ગર તૂ બદબખ્તી**
**મર્દુમે નેક બખત રા ચે ગુનાહ ?**

(એક મૂરખને ઉચ્ચ દરજ્જાના માણસ વિષે નિંદાનાં વેણ બોલતો સાંભળીને મેં તેને કહ્યું, અય ભાઈસાબ ! જો તમે બદનસીબ છો તો પછી તમે નસીબદાર માણસના દોષ શા માટે કાઢો છો ?)

اگر به هر سر موئیت صد هُنر باشد
هُنر به کار نیاید چو بخت بد باشد

**અગર બે હર સર મૌએત સદ હુઝ બાશદ**
**હુનર બે કાર નયાયદ ચૂ બખત બદ બાશદ**

(જો તમારા વાળની દરેક લટ કાર્યકુશળતા ધરાવતી હોય તો પણ જો તમારું નસીબ તમને યારી ન આપે તો તેનું કોઈ જ મહત્વ નથી.)

## Misplaced Affection
## (અયોગ્ય જગ્યાએ દર્શાવેલ સ્નેહ)

خواجه با بندهٔ پری رخسار
چون درآمد به بازی و خنده
نه عجب، کو چو خواجه حکم کند
وین کشد بارِ ناز چون بنده

**ખ્વાજા બા બંદા પરી રૂખ્સાર,**
**ચૂના દર આમદ બો બાઝી વખન્દા**
**નો અજબા, કો ચૂ ખ્વાજા હુકમ કુનદ**
**વીના કશદ બારે નાઝ ચૂના બાન્દા**

(જ્યારે કોઈ માલિક પોતાની અપ્સરા જેવી નોકરડી સાથે રમત રમે અને મશ્કરી કરે ત્યારે તેણી તેને હુકમ કરે અને તે ગુલામની માફક તેણીનાં નખરાંનો ભાર વહન કરે એમાં અજબ થવા જેવું નથી.)

## Misplaced Mercy
## (અયોગ્ય જગ્યાએ દર્શાવેલ દયા)

پسندیده است بخشایش ولیکن
مَنه بر ریش خلق آزار مرهم

شبانی با پدر گفت: ای خردمند
مرا تعلیم دہ پیرانہ یک پند
بگفتا: نیک مردی کن نہ چندان
کہ گردد چیرہ گرگِ تیز دندان

**શબાની બા પિદર ગુફ્તઃ અય ખુર્દમંદ, મરા તાલીમ દેહ પૈરાના યક પંદ બગુફ્તા : નેક મર્દી કુન ન ચંદાન કે ગર્દિદ ચીરા ગર્ગે તેઝ દંદાન.**

(એક ભરવાડે પોતાના પિતાને કહ્યું, 'અય બુધ્ધિમાન ! મને કોઈ સારી નસીહત કરો.' તેણે જવાબ આપ્યો, 'ઉદાર દિલનો થા પરંતુ એટલી હદે ઉદાર ન થતો કે અણીદાર દાંતવાળું વરૂ તારા ઉપર કબજો જમાવી દે.'

درشتی و نرمی بہم در بہ است
چو رگزن کہ جرّاح و مرہم نِہ است
درشتی نگیرد خردمند پیش
نہ سستی کہ ناقص کند قدر خویش
نہ مر خویشتن را فزونی نہد
نہ یکبارہ تن در مذلّت دہد

**દુરસ્તી વ નર્મી બહમ દર બે અસ્ત, ચૂ રગઝન કે જર્રાહ વ મર્હમ ને અસ્ત. દુરસ્તી ન ગૈરદ ખુર્દમંદ પેશ, ન સુસ્તી કે નાકિસ કુનદ કદ્ર ખવીશ ન મર ખવીશ્તન રા ફઝૂની નહદ, ન યકબારા તન દર મઝલ્લત દહદ.**

(કઠોર વાણી અને નમ્ર વાણીને રગઝન (નસ્તર દ્વારા નસમાંથી ખૂન કાઢનાર)ની માફક મિલાવીને બોલવી જોઈએ કે જે વાઢ કાપ કરનાર પણ હોય છે અને તેના ઉપર મલમ પટ્ટી કરનાર પણ હોય છે. સમજદાર માણસ કદી પણ કઠોર વાણીનો આશરો ય લેતો નથી કે પોતાનો મોભો ઓછો થાય એટલી હદે નમ્ર પણ બનતો નથી. તે પોતાની જાતને વધારે મહત્વ પણ આપતો નથી કે નથી તે સંપૂર્ણપણે અધમ પણ બનતો નથી.) *

ندانَست آنکہ رحمت کرد بر مار
کہ آن ظلم است بر فرزندِ آدم

**પસંદીદા અસ્ત બા ખશાયશ વ લેકીન મના બાર રૈશ ખલક આઝાર મર્હમ નદાનસ્ત આંકા રહમત કર્દ બર માર કે આં ઝુલ્મ અસ્ત બર ફરઝંદે આદમ**

(માફ કરી દેવું તે પ્રશંસનીય કાર્ય છે પરંતુ જાલિમના ઘા ઉપર મલમ ન લગાવો. જે માણસ સાપ પ્રત્યે દયા બતાવે છે તેને શું એનું ભાન થઈ જતું નથી કે આ તો માનવ જાત તરફ જુલ્મ કરનારનો સમકક્ષ છે ?)

**Moderation (મધ્યમસરતા/મિયાનારવી)**

وقتی بہ لطف گوی و مدارا و مردمی
باشد کہ در کمند قبول آوری دلی
وقتی بہ قہر گوی کہ صد کوزۂ نبات
گہ گہ چنان بکار نیاید کہ حنظلی

**વક્તી બે લુત્ફ ગવી વ મદારા વ મર્દમી બાશદ કે દર કમન્દ કબૂલ આવરી દિલી વક્તી બે કહર ગવી કે સદ કંઝા નબાત ગે ગે ચુનાન બેકાર નયાયદ કે હંઝલી**

(પ્રસંગોપાત નમ્રતાપૂર્વક, માફકસરનું અને દયાપૂર્વક બોલો જેથી તમે કોઈના દિલને તમારા શબ્દોથી કેદી બનાવવા શક્તિમાન બની શકો. પ્રસંગોપાત કડક શબ્દોમાં બોલો કેમકે બિલોરી કાચમાંથી બનાવેલ એકસો કુંજા colocynth કરતાં વધારે અસરકારક હોઈ શકતા નથી.)

با مردم سہل خوی دشخوار مگوی
با آنکہ درِ صلح زند جنگ مجوی

**બા મર્દમ સહલ ખવી દશ્ખ્વાર મગવી બા આંકા દરે સુલ્હ ઝનદ જંગ મજવી**


(નમ્ર સ્વભાવના માણસની સાથે આકરા શબ્દોમાં વાત ન કરો. જે શાંતિના દરવાજા પર દસ્તક દેતો હોય એવા માણસની સાથે જંગે ન ચઢો.)

# આપણા ઘરની વાતો

● **ઋણ સ્વીકાર :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદની બાજુમાં આવેલ મો.ગુલામહુસૈન દાઉદભાઈ દેધરોટીયા(કનાઈ) અને મો.શેરઅલી સુલેમાનભાઈ ખણુસીયા(ઈલોલ તલાવ)ની માલિકીના પ્લોટ ઝહીર હોસ્ટેલ તેમજ 'જાફરી આવાઝ'(કાર્યાલય)ના બાંધકામ સારું બન્ને મોમિન ભાઈઓએ તદ્દન વ્યાજબી ભાવે શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાને વેચાણ આપેલ છે. હિંમતનગરના ઝહીરાબાદ વિસ્તારમાં પ્લોટ મેળવવો મુશ્કેલ હોવા છતાં બન્ને મોમિન ભાઈઓએ સેવાના આશયથી મંડળને તદ્દન વ્યાજબી ભાવે પ્લોટ વેચાણ આપવા બદલ શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા બન્ને મોમિન ભાઈઓનો ખૂબ ખૂબ આભાર માને છે અને અલ્લાહ તઆલા મોહંમદ વ આલે મોહંમદની દુઆઓથી તેઓને દુનિયા અને આખેરતમાં નેક બદલો આપે તેવી દુઆ ગુજારે છે, આમીન.


● **ઈન્નાલિલ્લાહે... :**



←--- વસોના વતની **મર્હૂમ મો. હાજી ગુલામઅલી ફતેહભાઈ મોમિન** મુ.તા.૧૨ શવ્વાલ-૧૪૩૨, તા.૧૧-૯-૨૦૧૧ને રવિવારના રોજ ૭૦ વર્ષની વયે લાંબી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. તેઓ પાંચ ટાઈમની નમાઝના પાબંદ હતા અને હઝરત ઈમામ હુસૈન(અ.)ના ચાહક હતા. તેઓ હજ-ઝિયારતથી પણ મુશર્રફ થયેલા હતા. તેમણે એસ.ટી. કોર્પોરેશનમાંથી નિવૃત્ત થયા બાદ મસ્જિદમાં બાંગી તરીકે સ્વૈચ્છિક ફરજ બજાવી હતી.



રસુલપુર(ખેરાલુ) નિવાસી **મર્હૂમા મો.મરીયમબેન સુલેમાનભાઈ ભોરણીયા** મુ.તા.૧૩, શવ્વાલ-૧૪૩૨, તા.૧૨-૯-૨૦૧૧ને સોમવારના રોજ ૬૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે ખૂબ જ માયાળુ અને પીરો મુરશિદનાં ચાહક હતાં. તેઓ ઉમ્રહ હજ-ઝિયારતથી પણ મુશર્રફ થયેલાં હતાં. ---→



**મર્હૂમ મો.સિરાજહુસૈન**



**મર્હૂમ મો.સાજીદઅલી**

શેરપુરા નિવાસી **મર્હૂમ મો.સિરાજહુસૈન અને મર્હૂમ મો.સાજીદઅલી એહમદભાઈ અઘારીયા** બન્ને સગા ભાઈઓ હતા અને કામરાન એજ્યુકેશન સેન્ટર, પાટણમાં સ્કૂલ કક્ષાનો અભ્યાસ કરી વધુ અભ્યાસ અર્થે અંકલેશ્વર ગયા હતા. ત્યાં બાળપણમાંથી છુપાયેલી ગંભીર બીમારીની અસર હેઠળ આવી ગયા અને ન્યૂરો ફીઝીશીયન દ્વારા ઉત્તમ દરજ્જાની સારવાર આપવા છતાં મુ.તા.૩૦, શવ્વાલ-૧૪૩૨, તા.૨૯-૯-૨૦૧૧ને ગુરૂવારના રોજ નાના ભાઈ સાજીદઅલી વહેલી સવારે ૩-૪૫ કલાકે અને મોટા ભાઈ સિરાજહુસૈન સાંજના ૩-૪૫ કલાકે, એમ બન્ને ભાઈઓ એક જ દિવસે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. બન્ને ભાઈઓ સ્વભાવે વિવેકી, નિયમિત નમાઝના પાબંદ અને શિસ્તના આગ્રહી હતા.



←---કનાઈ નિવાસી **મર્હૂમ મો.કાસિમઅલી હૈદરઅલી મસી** મુ.તા.૧૬, ઝિલકાદ-૧૪૩૨, તા.૧૫-૧૦-૨૦૧૧ને શનિવારના રોજ ૨૧ વર્ષની યુવાન વયે એન્જિનિયરીંગના ચાલુ અભ્યાસ દરમિયાન જ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ કાસિમઅલી ખૂબ જ માયાળુ, દિલના સહનશીલ અને સ્વભાવે ભોળા, હસમુખા તથા ભણવામાં ખૂબ જ હોંશિયાર હતા અને એન્જિનિયર બનવાનો શોખ હતો.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.મર્હૂમ હાજી ગુલામઅલી ફતેહભાઈ મોમિન(વસો)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.ખાનજીભાઈ મીરાંજીભાઈ દાવડા(કાટવાડ)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૭૫૦/- મો.મર્હૂમ ખાનજીભાઈ મીરાંજીભાઈ દાવડાના પરિવારજનો તરફથી
રૂા.૧૦૦/- મો.રહીમબેન અલીભાઈ ખણુશીયા
રૂા.૧૦૦/- મો.ઝયનબબેન ગુલામહુસૈન ડોડીયા
રૂા.૧૦૦/- મો.સુગરાબેન ગુલામમહંમદ મસી
રૂા.૧૦૦/- મો.ઝહેરાબેન સલમાનભાઈ વાઘ
રૂા.૫૦/- મો.કાસમભાઈ ગુલામભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.ઈસ્માઈલભાઈ વજીરભાઈ ભોવણીયા
રૂા.૩૦/- મો.સુગરાબેન મુસ્તાકઅલી દાવડા

**મર્હૂમ મો.સિરાજહુસૈન અહમદભાઈ અઘારીયા તથા મર્હૂમ સાજીદઅલી અહમદભાઈ અઘારીયા(શેરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ તાજમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.મુસ્તુફાભાઈ ઈસ્માઈલભાઈ અઘારીયા
રૂા.૧૧૦/- મો.શમશેરઅલી ઈસ્માઈલભાઈ અઘારીયા
રૂા.૫૦૦/- મો.મોહંમદઅલી તાજમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.મુસ્તાકઅલી મોહંમદઅલી અઘારીયા
રૂા.૧૦૦૦/- મો.અકબરઅલી તાજમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.સિરાજએહમદ અકબરઅલી અઘારીયા
રૂા.૧૦૦/- મો.ફઝલેઅબ્બાસ અકબરઅલી અઘારીયા
રૂા.૧૦૦૦/- મો.નૂરમોહંમદ તાજમહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.મુર્તુજાઅલી નૂરમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.મંજૂરહુસૈન નૂરમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦૦/- મો.અહમદહુસૈન તાજમોહંમદ અઘારીયા
રૂા.૨૦૦/- મો.હસનઅલી અહમદહુસૈન અઘારીયા
રૂા.૧૦૦/- મો.આબિદહુસૈન અહમદહુસૈન અઘારીયા
રૂા.૧૦૦૦/- મો.રોશનઅલી તાજમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી મોહંમદઅલી અઘારીયા
રૂા.૧૦૦/- મો.હસનઅલી ઈસ્માઈલભાઈ અઘારીયા
રૂા.૫૦/- મો.સુગરાબેન અબ્બાસભાઈ મુખી
રૂા.૫૦/- મો.ઝયનબબેન ગુલામહુસૈન વગડીયા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન અકબરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન અકબરઅલી અઘારીયા
રૂા.૫૦૦/- મો.ફાતેમાબેન મહંમદઅલી અઘારીયા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન અકબરઅલી અઘારીયા

**મર્હૂમ મો.કાસિમઅલી હૈદરઅલી મસી (કનાઈ)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૫૦/- મો.મરીયમબેન અલીભાઈ મસી
રૂા.૧૦૦/- મો.હૈદરઅલી અલીભાઈ મસી
રૂા.૧૦૦/- મો.સુગરાબેન હૈદરઅલી મસી
રૂા.૫૦/- મો.હબીબઅલી હૈદરઅલી મસી



←---કનાઈ નિવાસી **મર્હૂમ મો.કાસિમઅલી હૈદરઅલી મસી** મુ.તા.૧૬, ઝિલકાદ-૧૪૩૨, તા.૧૫-૧૦-૨૦૧૧ને શનિવારના રોજ ૨૧ વર્ષની યુવાન વયે એન્જિનિયરીંગના ચાલુ અભ્યાસ દરમિયાન જ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ કાસિમઅલી ખૂબ જ માયાળુ, દિલના સહનશીલ અને સ્વભાવે ભોળા, હસમુખા તથા ભણવામાં ખૂબ જ હોંશિયાર હતા અને એન્જિનિયર બનવાનો શોખ હતો.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

## જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.મર્હૂમ હાજી ગુલામઅલી ફતેહભાઈ મોમિન(વસો)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.ખાનજીભાઈ મીરાંજીભાઈ દાવડા(કાટવાડ)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૭૫૦/- મો.મર્હૂમ ખાનજીભાઈ મીરાંજીભાઈ દાવડાના પરિવારજનો તરફથી
રૂા.૧૦૦/- મો.રહીમબેન અલીભાઈ ખણુશીયા
રૂા.૧૦૦/- મો.ઝયનબબેન ગુલામહુસૈન ડોડીયા
રૂા.૧૦૦/- મો.સુગરાબેન ગુલામમહંમદ મસી
રૂા.૧૦૦/- મો.ઝહેરાબેન સલમાનભાઈ વાઘ
રૂા.૫૦/- મો.કાસમભાઈ ગુલામભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.ઈસ્માઈલભાઈ વજીરભાઈ ભોવણીયા
રૂા.૩૦/- મો.સુગરાબેન મુસ્તાકઅલી દાવડા

**મર્હૂમ મો.સિરાજહુસૈન અહમદભાઈ અઘારીયા તથા મર્હૂમ સાજીદઅલી અહમદભાઈ અઘારીયા(શેરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ તાજમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.મુસ્તુફાભાઈ ઈસ્માઈલભાઈ અઘારીયા
રૂા.૧૧૦/- મો.શમશેરઅલી ઈસ્માઈલભાઈ અઘારીયા
રૂા.૫૦૦/- મો.મોહંમદઅલી તાજમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.મુસ્તાકઅલી મોહંમદઅલી અઘારીયા
રૂા.૧૦૦૦/- મો.અકબરઅલી તાજમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.સિરાજએહમદ અકબરઅલી અઘારીયા
રૂા.૧૦૦/- મો.ફઝલેઅબ્બાસ અકબરઅલી અઘારીયા
રૂા.૧૦૦૦/- મો.નૂરમોહંમદ તાજમહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.મુર્તુજાઅલી નૂરમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.મંજૂરહુસૈન નૂરમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦૦/- મો.અહમદહુસૈન તાજમોહંમદ અઘારીયા
રૂા.૨૦૦/- મો.હસનઅલી અહમદહુસૈન અઘારીયા
રૂા.૧૦૦/- મો.આબિદહુસૈન અહમદહુસૈન અઘારીયા
રૂા.૧૦૦૦/- મો.રોશનઅલી તાજમોહંમદ અઘારીયા
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી મોહંમદઅલી અઘારીયા
રૂા.૧૦૦/- મો.હસનઅલી ઈસ્માઈલભાઈ અઘારીયા
રૂા.૫૦/- મો.સુગરાબેન અબ્બાસભાઈ મુખી
રૂા.૫૦/- મો.ઝયનબબેન ગુલામહુસૈન વગડીયા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન અકબરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન અકબરઅલી અઘારીયા
રૂા.૫૦૦/- મો.ફાતેમાબેન મહંમદઅલી અઘારીયા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન અકબરઅલી અઘારીયા

**મર્હૂમ મો.કાસિમઅલી હૈદરઅલી મસી (કનાઈ)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૫૦/- મો.મરીયમબેન અલીભાઈ મસી
રૂા.૧૦૦/- મો.હૈદરઅલી અલીભાઈ મસી
રૂા.૧૦૦/- મો.સુગરાબેન હૈદરઅલી મસી
રૂા.૫૦/- મો.હબીબઅલી હૈદરઅલી મસી

રૂા.૫૦/- મો.અકબરઅલી અલીભાઈ મસી
રૂા.૫૦/- મો.કમ્બરઅલી અલીભાઈ મસી
રૂા.૫૦/- મો.ગુલામહૈદર અમદાભાઈ મસી
રૂા.૫૦/- મો.મહંમદઅલી અમદાભાઈ મસી
રૂા.૫૦/- મો.નૂરઅલી શરીફભાઈ મસી
રૂા.૨૫/- મો.ગુલામહૈદર નુરભાઈ ડોડીયા
રૂા.૨૫/- મો.શબ્બીરઅલી નુરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.હસનઅલી સુલેમાનભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.હબીબાબેન કમ્બરઅલી ડોડીયા

રૂા.૧૦૧/- મો.અકબરઅલી જુસબભાઈ (નડીઆદ-જુબેલ-સાઉદી અરેબીયા)તરફથી તેમની દીકરીઓ હલીમાફાતેમા અને નાસેરાફાતમાએ માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મહેદીઅલી મહંમદઅલી ખરોડીયા(પીંપોદર)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલ મહંમદ સુણસરા (કાકોશી)તરફથી તેમના દીકરા સાજીદહુસૈને માહે રમઝાનુલ મુબારકના બે રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.નુસરતફાતેમા શબ્બીરઅલી સેલીયા(દસાવાડા)તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

**મો.મહંમદહુસૈન હસનઅબ્બાસ સુથાર (ખાટાઆંબા)એ માહે રમઝાનુલ મુબારકના બે રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.**

રૂા.૫૦/- મોલ્વી હસનઅબ્બાસ ફતેહભાઈ સુથાર તરફથી
રૂા.૫૦/- મો.નજમાબાનુ હસનઅબ્બાસ સુથાર તરફથી
રૂા.૫૦/- મો.સલમાફાતમા હસનઅબ્બાસ સુથાર તરફથી

**રૂા.૧૦૦૧/- મો.મર્હૂમા રસુલબેન અબ્દુલભાઈ ખણુસીયા(હરીપુરા-ઝહીરગઢ) ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**


*બીજા વર્ષમાં શુભ પ્રવેશ*

કટલરી સ્ટોર્સ ચલાવતા મોમિન ભાઈઓને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે આપના સાથ અને સહકારથી એક વર્ષ પૂરું કરી બીજા વર્ષમાં સફળ પ્રવેશ કરી રહ્યા છીએ. પ્રત્યક્ષ અથવા પરોક્ષ સાથ-સહકાર આપનાર મોમિન ભાઈઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

# યાદગાર હોજીયરી એન્ડ કટલરી સ્ટોર્સ તથા સહયોગ ફુટવેર

**અમદાવાદ (વાઘરોલવાળા)**

ઠેકાણું : બગડીયા માર્કેટ, પહેલો માળ, સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, જુમ્આ મસ્જિદની સામે, ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

**યાદગાર હોજીયરી એન્ડ કટલરી સ્ટોર્સ**

આબિદઅલી વી. મુખી – ૯૯૭૯૦૮૮૦૧૮
શબ્બીરભાઇ – ૯૪૨૬૪૩૪૩૯૭
દુકાન – ૯૦૩૩૧૨૭૪૪૦

અમારે ત્યાં કિફાયતી ભાવે હોલસેલમાં નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, હાથ રૂમાલ, ટુવાલ, લુંગી, અંડરવેર, બનિયાન, ગમછા તથા 12W, 24W, D.C. પંખા, પાના પક્કડ સેટ, ગાડી બ્રશ, વગેરે મળશે.

**સહયોગ ફુટવેર**

કાસિમઅલી – ૯૪૨૭૬૭૯૮૬૪
મહંમદભાઇ – ૯૯૭૯૪૦૧૯૯૩

અમારે ત્યાં કિફાયતી ભાવે હોલસેલમાં કાનપુરની ફેન્સી ચપ્પલ, સેન્ડલ અને પાન ગલ્લા પર ચાલતી સસ્તા ભાવની વિવિધ વેરાઈટી મળશે.

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાનો નવીન સંકલ્પ

# શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ

Educational Career Buildup Programme (ECBP)

## વર્ષ ૨૦૧૧-૧૨ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ

રૂા.૧૦,૦૦૦/- મો.ગુલામઅબ્બાસ જલાલભાઈ મસી (મહેરપુરા) તરફથી
રૂા.૧૦,૦૦૦/- મો.મહંમદઅલી વલીભાઈ ડોડીયા (મહેરપુરા) તરફથી
રૂા.૫,૦૦૦/- મો.અલીભાઈ ઈબ્રાહીમભાઈ વિજાપુરા (મહેરપુરા) તરફથી
રૂા.૫,૦૦૦/- મો.ફતેહમહંમદ દાઉદભાઈ ડોડીયા (મહેરપુરા) તરફથી
રૂા.૫,૦૦૦/- મો.ડૉ. ગુલામનબી અલીભાઈ મસુ (મહેરપુરા) તરફથી
રૂા.૫,૦૦૦/- મો.ઝાકિરહુસૈન જલાલભાઈ પટેલ (મહેરપુરા) તરફથી
રૂા.૫,૦૦૦/- બંદએ ખુદા (કિશોરગઢ) તરફથી
રૂા.૫,૦૦૦/- મો.ગુલામહુસૈન જલાલભાઈ વિજાપુરા (કિશોરગઢ) તરફથી
રૂા.૫,૦૦૦/- મો.ગુલામઅબ્બાસ અલીભાઈ ભટ્ટ (કિશોરગઢ) તરફથી
રૂા.૫,૦૦૦/- નાઈસ ફૂટવેર (ઈડર) તરફથી
રૂા.૫,૦૦૦/- બંદએ ખુદા (પાટણ) તરફથી
રૂા.૪,૪૪૦/- ફર્નીશ પ્લાયવુડ એન્ડ હાર્ડવેર (કિશોરગઢ-હૈદરાબાદ) તરફથી
રૂા.૩,૦૦૦/- મો.અલજીભાઈ ગુલામભાઈ મસી (મહેરપુરા) તરફથી
રૂા.૩,૦૦૦/- મો.ગુલામભાઈ જલાલભાઈ મસી (મહેરપુરા) તરફથી
રૂા.૩,૦૦૦/- મો.ઈબ્રાહીમભાઈ શરીફભાઈ ડોડીયા (મહેરપુરા) તરફથી
રૂા.૨,૫૦૦/- બંદએ ખુદા (પીંપોદર) તરફથી
રૂા.૨,૪૨૯/- મો.ઈસ્માઈલભાઈ વલીભાઈ મસી (મહેરપુરા) તરફથી
રૂા.૨,૦૦૦/- મો.નુરભાઈ અમદાભાઈ મસુ (મહેરપુરા) તરફથી
રૂા.૨,૦૦૦/- મો.નુરભાઈ જમાલભાઈ સલેમા (મહેરપુરા) તરફથી
રૂા.૨,૦૦૦/- મો.ગુલામભાઈ જમાલભાઈ સલેમા (મહેરપુરા) તરફથી
રૂા.૨,૦૦૦/- મો.ઈબ્રાહીમભાઈ સુલેમાનભાઈ મસી (મહેરપુરા) તરફથી
રૂા.૨,૦૦૦/- મો.શરીફભાઈ ગનીભાઈ ડોડીયા (મહેરપુરા) તરફથી
રૂા.૨,૦૦૦/- મો.ગુલામભાઈ ગનીભાઈ ડોડીયા (મહેરપુરા) તરફથી
રૂા.૨,૦૦૦/- મો.અબ્બાસભાઈ પીરમદભાઈ મસી (સુરપુર) તરફથી
રૂા.૨,૦૦૦/- મો.મહંમદઅલી પીરમહંમદ ભોવણીયા (સુરપુર) તરફથી
રૂા.૧,૫૦૦/- મો.આબિદઅલી કાસમભાઈ ડોડીયા (મહેરપુરા) તરફથી
રૂા.૧,૫૦૦/- મો.હસનભાઈ શરીફભાઈ મસુ (મહેરપુરા) તરફથી
રૂા.૧,૫૦૦/- મો.દાઉદભાઈ ઈબ્રાહીમભાઈ ધાંગા (મહેરપુરા) તરફથી

રૂા.૧,૧૨૧/- મો.અબ્બાસભાઈ શરીફભાઈ પટેલ (મહેરપુરા) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.યુસૂફભાઈ ઈબ્રાહીમભાઈ પટેલ (મહેરપુરા) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.અમ્મારઅલી શરીફભાઈ મસુ (મહેરપુરા) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.હાજી ખાંનજીભાઈ ઈબ્રાહીમભાઈ પટેલ (મહેરપુરા) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.ગુલામઅબ્બાસ ઈસબભાઈ ખણુશીયા (કિશોરગઢ) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.અલજીભાઈ શરીફભાઈ આગલોડીયા (પીંપોદર) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.હૈદરઅલી દાઉદભાઈ મસી (સુરપુર) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.ગુલામનબી વજીરભાઈ સુરપુરા (સુરપુર) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.અનવરઅલી વજીરભાઈ ખણુશીયા (સુરપુર) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.અકબરઅલી નુરભાઈ ખણુશીયા (સુરપુર) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.યાકુબભાઈ નસીરભાઈ મસી (સુરપુર) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.અકબરઅલી વજીરભાઈ ખણુશીયા (સુરપુર) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.અબ્બાસભાઈ દાઉદભાઈ મસી (સાબર ટ્રેડર્સ) (ઈડર-સુરપુર) તરફથી
રૂા.૧,૦૦૦/- મો.હૈદરઅલી યુસુફભાઈ સુરપુરા (સુરપુર) તરફથી
રૂા.૫૦૦/- બંદએ ખુદા (હરિપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.હસનઅલી હાસમભાઈ સલેમા (હરિપુરા) તરફથી
રૂા.૫૦૦/- મો.મહંમદઅલી નશીરભાઈ ભટ્ટ (કિશોરગઢ) તરફથી
રૂા.૫૦૦/- મો.ઈમદાદઅલી મહંમદઅલી ખરોડીયા (પીંપોદર) તરફથી

**બે વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા. ૧,૦૦૦/- મો.જમાલભાઈ નુરભાઈ સુરપુરા (સુરપુર) તરફથી

**ત્રણ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા. ૨,૦૦૦/- મો.વલીભાઈ શરીફભાઈ મસી (મહેરપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.શબ્બીરઅલી વજીરભાઈ ધાંગા (મહેરપુરા) તરફથી

**ચાર વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા. ૫,૦૦૦/- મો.કમ્બરઅલી ઈબ્રાહીમભાઈ ડોડીયા (મહેરપુરા) તરફથી

**પાંચ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા. ૭,૭૮૬/- મો.શરીફભાઈ યુસુફભાઈ પટેલ (મહેરપુરા) તરફથી
રૂા. ૫,૫૦૦/- મો.ગુલામહુસૈન હાજી શરીફભાઈ ડોડીયા (મહેરપુરા) તરફથી
રૂા. ૫,૦૦૦/- મો.દાઉદભાઈ ખાંનજીભાઈ પરબડીયા (સુરપુર) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.કાસમભાઈ જમાલભાઈ મસુ (મહેરપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ ગનીભાઈ વિજાપુરા (મહેરપુરા) તરફથી

રૂા. ૧,૦૦૦/- મો.બાકરઅલી યુસુફભાઈ ગોદડ (અભિલાષા કિરાણા-કિશોરગઢ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.સાબિરઅલી ઈસ્માઈલભાઈ ભટ્ટ (પીંપોદર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.મીકદાદઅલી અલજીભાઈ ખરોડીયા (પીંપોદર) તરફથી

**દસ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા. ૧,૫૦૦/- મો.અનવરઅલી નસીરભાઈ ખણુશીયા (હરિપુરા) તરફથી

**ECBPમાં જોડાયેલ આજીવન દાતાઓ**

રૂા. ૨,૦૦૦/- મો.વલીમહંમદ પીરમહંમદ પરબડીયા (સુરપુર) તરફથી
રૂા. ૧,૧૧૧/- મો.ગુલામહુસૈન વજીરભાઈ ખણુશીયા (સુરપુર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.યાકુબભાઈ વલીભાઈ લોઢા (હરિપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ગુલામઅબ્બાસ વલીભાઈ લોઢા (હરિપુરા) તરફથી

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દાતાઓના તથા તેમના મર્હૂમોના હકમાં દુઆ ગુજારે છે.**

**વધુ માહિતી અને ડોનેશન આપવા માટેનો સંપર્ક**

**મો.મીકદાદઅલી ઈસ્માઈલભાઈ ગોદડ ૯૪૨૬૩૮૦૬૫૩**
**મો.ગુલામમહંમદ એસ. વિજાપુરા(માસ્ટર) મો.૯૪૨૭૬૯૧૧૦૧**


હોટલ : ૯૩૭૪૪૫૭૬૨૪
મો. : ૯૮૯૮૦૮૧૧૩૮

# હોટલ ડીસન્ટ એન્ડ બેકરી

**(શુધ્ધ શાકાહારી)**

મોહર્રમ તેમજ ધાર્મિક પ્રસંગે નિયાઝના ઓર્ડર વ્યાજબી ભાવે લેવામાં આવશે.

**અમારી બીજી કોઈ શાખા નથી.**

હોટલ તેમજ બેકરી વ્યવસાય સાથે ઈડરમાં વર્ષોથી જોડાયેલા અનુભવી (મહંમદભાઈ વાઘરોલવાળા)ના મેનેજમેન્ટ હેઠળ


*હોટલ ડીસન્ટ એન્ડ બેકરી આપની સેવામાં હાજર છે.*

સ્પે.ખારી
સ્પે.મીલ્ક ટોસ
સ્પે.નાન ખટાઈ
કેક
સ્પે. જીરા ટોસ
સ્પે.ખજૂરી ટોસ
ક્રિમરોલ

**બર્થ ડે તેમજ મેરેજ કેકનો આર્ડર એક દિવસ અગાઉ આપવો.**

**ઈડર-હિંમતનગર રોડ, જી.ઈ.બી.ની બાજુમાં, સહકારી જીન સામે, ઈડર (સા.કાં.)**

**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૧ ❖ અંક : ૩ ❖ ૧૦, નવેમ્બર-૨૦૧૧

૧૩, ઝિલહજ, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૬૩

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૪ |
| ❋ અહાદીસ | ૦૫ |
| ❋ દરવાજો | ૦૭ |
| ❋ કુલ્લે ઈમાન | ૧૧ |
| ❋ આરોગ્યની સાચવણી | ૨૦ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૧ |
| ❋ કુરાનની મહાનતા મૌલા અલી(અ.)ના શબ્દોમાં .. | ૨૪ |
| ❋ નહજુલ બલાગહ | ૨૫ |
| ❋ ગડમથલ | ૨૮ |
| ❋ મશાયખવાણી | ૨૯ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય .. | ૩૩ |
| ❋ હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પત્રો ... | ૩૫ |
| ❋ અલ ઈર્શાદ | ૩૯ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૩ |
| ❋ નન્હે રોઝેદાર | ૪૫ |
| ❋ તૌહીદ | ૪૭ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૪૯ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ ... | ૫૩ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૫ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન ..... | ૫૬ |
| ❋ શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ .... | ૫૮ |


## ઊઘડતે પાને...

હઝરત અલી(અ.)ના ગુલામ.

કમ્બર ગુલામ એમનું નામ.

કમ્બર ગુલામના જીવનનો આ પ્રસંગ છે.

એક દિવસ હુજ્જાજ બિન યૂસુફ સકફીએ કહ્યું,

'હું આજે અબુતુરાબ(એટલે કે હઝરત અલી(અ.))ના કોઈ દોસ્તને કતલ કરવા ઈચ્છું છું. એ કતલથી મને ખુદાની કુર્બત (નજદીકી) પ્રાપ્ત થશે.'

તેના માણસોએ કહ્યું,

'ઘણા દિવસોથી અમને (અમીરુલ

મોમિનીન(અ.)) અબુતુરાબના કોઈ દોસ્તની જાણકારી મળી નથી. અમને તો માત્ર કમ્બરના નામની ખબર છે કે તે એકલો જ બાકી છે.'

પછી તો તેમની શોધ કરીને લાવવામાં આવ્યા.

તેણે પૂછ્યું,

'શું તમે કમ્બર છો ?'

જવાબ મળ્યો,

'હા.'

તેણે સવાલ કર્યો,

'શું (તમારી કુન્નિયત) અબુ હમ્દાની છે ?'

જવાબ આપ્યો,

'હા.'

તેણે પ્રશ્ન કર્યો,

'શું તમારા મૌલા અલી(અ.) ઈબ્ને અબી તાલિબ છે ?'

કમ્બરે કહ્યું,

'મારો મૌલા તો માત્ર અલ્લાહ છે. અમીરુલ મોમિનીન(અ.)ના વસીલાથી મને નેઅમત મળે છે.'

તેણે હુકમ કર્યો,

'તેમના દીનથી અલગ થઈ જાઓ.'

કમ્બરે પ્રશ્ન કર્યો,

'જો હું તેમના દીનથી અલગ થઈ જાઉં પરંતુ તેના કરતાં વધારે બેહતર દીન કયો છે તે તું મને બતાવ.'

તેણે કહ્યું,

'હું તમને કતલ કરી દઈશ. તમે કયા પ્રકારના મોતને પસંદ કરો છો ?'

તેમણે જવાબ આપ્યો,

'તું જાતે જ નિર્ણય કરી લે.'

તેણે પ્રશ્ન કર્યો,

'કેમ ?'

તેમણે જવાબ આપ્યો,

'કેમકે જેવી રીતે તું મને હલાક કરીશ એવી રીતે તને પણ હલાક કરવામાં આવશે. અમીરુલ મોમિનીન(અ.)એ મને બતાવી દીધું હતું કે મને કોઈ કસૂર વગર ઝુબ્હ કરવામાં આવશે.'

તેણે ઝુબ્હ કરવાનો હુકમ આપી દીધો.

આ પ્રસંગ પણ અમીરુલ મોમિનીન(અ.)ના મોઅજિઝાની એક સ્પષ્ટ કડી છે કે આપે ઘણા સમય પહેલાં ગૈબની વાત બતાવી દીધી હતી. આ પ્રસંગ આપના મોઅજિઝાઓમાં દરેક સંપાદકે લખ્યો છે. અલ્લાહે આપને જે ખાસ પ્રકારનું ઈલ્મ અર્પણ કર્યું હતું તેના પાયા પર આપ ભવિષ્યની વાતો બતાવ્યા કરતા હતા. આવું ઈલ્મ (સિવાય પયગમ્બરના) કોઈ બીજાને અલ્લાહે આપ્યું નહોતું.

(આ પ્રસંગને મળતો આવતો હોય તેવો પ્રસંગ હસન બિન મહેબૂબે સાબિત બિન તમીલીના હવાલાથી, તેમણે અબુ ઈસ્હાક સબીઈના હવાલાથી અને તેમણે સવીદ બિન ગફાલાના હવાલાથી બયાન કર્યો છે. તે આ મુજબ કહે છેઃ)

'અય અમીરુલ મોમિનીન ! મારે વાદિએ કરનીમાં થઈને પસાર થવાનું થયું હતું અને ત્યાં મેં જોયું કે ખાલિદ બિન અરફતાનો ઈન્તેકાલ થઈ ગયો છે. તેમના માટે હું ઈસ્તેગ્ફાર કરું છું.'

અમીરુલ મોમિનીન(અ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'બસ ચૂપ થઈ જાઓ. તે મરી ગયો નથી અને તે એ સમય સુધી નહીં મરે જ્યાં સુધી તે આ ફોજની સરદારી નહીં કરે કે જેમાં બેદીન અને ગુમરાહ લોકો શામેલ થયેલા હશે અને એ ફોજનો પરચમ પકડનાર હબીબ બિન હમાઝ થશે.'

એક માણસ કે જે મિમ્બરની પાસે બેઠેલો હતો,

તેણે પૂછ્યું,

'અય અમીરુલ મોમિનીન ! હું આપનો શીઆહ છું અને હું આપની સાથે મોહબ્બત કરું છું.'

આપે સવાલ કર્યો,

'તમે કોણ છો ?'

તેણે જવાબ આપ્યો,

'હું હબીબ બિન હમાઝ છું.'

આપે ફરમાવ્યું,

'જાણી લો કે તમે જ એ પરચમને ઉપાડનારા હશો. તમે એ પરચમને લઈને આ દરવાજેથી અંદર આવશો.'

આટલું કહીને આપે આંગળીના ઈશારાથી બાબે ફીલને બતાવ્યો કે જે મસ્જિદે કુફાની તરફ આવેલો હતો.

અમીરુલ મોમિનીન(અ.)ની શહાદત પછી અને ઈમામ હસન(અ.)ની શહાદત પછી જ્યારે ઈમામ હુસૈન(અ.) કુફા તરફ સફર કરી રહ્યા હતા તો ઈબ્ને ઝિયાદે ઉમર બિન સાઅદની સરદારી હેઠળ ફોજ રવાના કરી હતી જેથી ઈમામ હુસૈન(અ.)ની વિરૂધ્ધ લડવામાં આવે. તેણે ખાલિદ બિન અરફાની સરદારી હેઠળ ફોજની ટુકડી રવાના કરી. તે ફોજની આગળની ટુકડીનો પરચમ હબીબ બિન હમાઝને આપવામાં આવ્યો. તે બાબે ફીલ પાસે થઈને મસ્જિદમાં દાખલ થયો હતો.

ઈલ્મવાળાઓએ આ પ્રસંગને અમીરુલ મોમિનીન(અ.)નું ભારે કાર્ય બતાવ્યું છે કે આપ આવનારા વક્તનું ખૂબ સારી રીતે ઈલ્મ ધરાવતા હતા. ઈતિહાસકારે આ પ્રસંગને પૂરજોર શબ્દોમાં લખ્યો છે. કુફાના દરેક માણસને આ પ્રસંગ બયાન કરતો સાંભળવામાં આવ્યો હતો. આ મોઅજિઝો હતો અને આ સન્માન થોડાક પસંદ થયેલા બંદાઓને અલ્લાહે અર્પણ કરેલ છે. ✻

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ? ઈસ્લામી કવીઝ નં. ૨૧૨

**(૧) આપણે નમાઝ એટલા માટે પઢવી જોઈએ કે જેથી -**

(A) મા-બાપ આપણાથી ખુશ રહે.

(B) અલ્લાહ તઆલા આપણાથી ખુશ રહે.

(C) લોકો આપણી વાહ વાહ કરે.

**(૨) હઝરત રસૂલે ખુદા(સ.) મક્કાથી હિજરત કરીને મદીના ગયા તે પહેલાં મદીના શહેર કયા નામથી ઓળખાતું હતું ?**

(A) યમન (B) યસરબ (C) મદીનતુન્નબી

**(૩) હઝરત યુનૂસ પયગમ્બર(અ.)ને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?**

(A) ઝન્નુન (B) ઝક્કમુ (C) ઝુખ્રૂફ

**(૪) કુરઆન શરીફમાં રૂકૂઅ પૂર્ણ થયાનો સંકેત કયો અરબી મૂળાક્ષર આપે છે ?**

(A) ઐન (B) ગૈન (C) સીન

**(૫) ઈસ્લામ ધર્મમાં સાર્વજનિક કાર્યોમાં વાપરવામાં આવતા દાનને શું કહેવાય ?**

(A) બયતુશ્શરફ (B) બયતુલ મુકદ્દસ

(C) બયતુલ માલ

**(૬) ધાર્મિક ઉપયોગ માટે વકફ કરેલી ચીજ વસ્તુઓની દેખરેખ રાખનાર માણસને શું કહેવામાં આવે છે ?**

(A) મુઅલ્લિમ (B) મુતવલ્લી

(C) મુસલ્લી

**(૭) ઝકાત(ખુમ્સ) ઉઘરાવનાર વ્યક્તિને શું કહેવામાં આવે છે ?**

(A) આમિલ (B) આદિલ (C) આકિલ

**(૮) જે વર્ષે અબ્રાહા બાદશાહ હાથીઓ સહિત કા'બા ઉપર ચઢી આવ્યો તે વર્ષને શું કહેવામાં આવે છે ?**

(A) અમુલ હુઝન (B) આમુલ જમલ

(C) આમુલ ફીલ

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદે.)

بسم الله الرحمن الرحيم

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

✻ (અને તે સમયને યાદ કર કે) જ્યારે અલ્લાહે ફરમાવ્યું હે ઈસા ! હું તારી (દુનિયામાં રહેવાની) મુદ્દત પૂરી કરનાર છું અને તને મારી તરફ ઉઠાવી લેનાર છું અને નાસ્તિકોની ગંદકીથી તને પાક પવિત્ર રાખનાર છું અને જે લોકોએ તારી તાબેદારી કરી છે તેમને કયામત પર્યંત નાસ્તિકો પર ચઢિયાતા રાખનાર છું, પછી તમો સર્વેનું પાછું ફરવું મારી તરફ થશે પછી (તે દિવસે) તેમાંના જે વિષય સંબંધી તમે મતભેદ કરતા હતા તેમાં હું તમારી વચ્ચે ચુકાદો આપીશ.

**(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૫૪)**

✻ તથાપિ તે (ઈસા) વિષે જે જ્ઞાન તને મળી ચૂક્યું છે તે પછી પણ જે કોઈ તારી સાથે તે(ઈસા)ના સંબંધમાં તકરાર કરે તો તું કહે કે આવો, અમે અમારા પુત્રોને બોલાવીએ, તમે તમારા પુત્રોને બોલાવો અને અમે અમારી બેટીઓને બોલાવીએ અને તમે તમારી બેટીઓને (બોલાવો) અને અમે પોતાના નિકટનાઓને બોલાવીએ તથા તમે તમારા નિકટનાઓને બોલાવો પછી આપણે (અલ્લાહ પાસે) કરગરીને દુઆ કરીએ અને જૂઠું બોલનારાઓ પર અલ્લાહનો ફિટકાર કરીએ.

**(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૬૦)**

✻ અને (તે સમયને યાદ કરો કે) જ્યારે અલ્લાહે પયગમ્બરો પાસેથી વચન લીધું કે હું તમને કિતાબ તથા હિકમત જરૂર આપીશ પછી (હે ઉમ્મતીઓ !) એક રસૂલ તમારી પાસેની વસ્તુઓને સમર્થન આપતો આવે તો તમે જરૂર જરૂર તેના પર ઈમાન લાવજો અને જરૂર જરૂર તેની મદદ કરજો; (પછી અલ્લાહે) ફરમાવ્યું કે શું તમોએ આ (વાતોને) એકરાર કર્યો અને તેના સંબંધમાં મારી આજ્ઞા માન્ય કરી ? ત્યારે સઘળાઓએ કહ્યું કે અમોએ એકરાર કર્યો; અલ્લાહે ફરમાવ્યું કે ત્યારે તમે (એક બીજાના) સાક્ષી રહેજો અને હું પણ તમારી સાથે સાક્ષી પૂરનાર માંહેનો છું.

**(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૮૦)**

✻ પછી જે આ (એકરાર) પછી પણ ફરી જશે તો તેઓ જ વચનભંગ કરનારા છે.

**(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૮૧)**

✻ (તે સમયને યાદ કરો કે) જ્યારે તમે આગળને આગળ નાસી જતા હતા અને પાછા વળીને પણ કોઈને જોતા ન હતા અને પાછળથી રસૂલ તમને બોલાવી રહ્યો હતો, પછી અલ્લાહે તમારા ઉપર દુઃખ ઉપર દુઃખ નાખ્યું. આ એટલા માટે કે જ્યારે કદી પણ તમારા હાથમાંથી એકાદ વસ્તુ જતી રહે અથવા તમારા ઉપર એકાદ સંકટ આવી પડે તો તેના પર અફસોસ કરો નહીં; અને જે કાંઈ કરણી તમે કરો છો અલ્લાહ તેનાથી ખબરદાર છે.

**(પારો-૪, સૂરએ આલે ઈમરાન, આયત-૧૫૨)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ**(સ.)

*અનુવાદક : જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી*

## ૨ અલ્લાહની હમ્દ અને અલ્લાહનો શુકર

(૧૩) 'જો તમે મારો શુકર અદા કરશો તો હું અવશ્ય તમારા ઉપર નેઅમતોનો વધારો કરીશ અને જો તમે નાશુક્રી કરશો તો યાદ રાખો કે મારો અઝાબ સખત છે.'

*(સૂરએ ઈબ્રાહીમ, આયત નં. ૭)*

(૧૪) 'અલ્લાહની હમ્દ કરવી એ તમામ નેઅમતોનો શુકર છે.

*(તરાએફુલ હકમ, જિલ્દ-૧, સફા-૨૨૩)*

(૧૫) 'તમારા ઉપર તેના આભારી થવું ફરજિયાત છે કેમકે તેમ કરવું એ નેઅમતોમાં વધારો થવાનું કારણ છે.

*(તુહફુલ ઉકૂલ, મવાએજુન્નબી સફા)*

(૧૬) 'શુકર કરતાં કરતાં ખાવાનો સવાબ એટલો બધો છે કે જેટલો અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે રોઝા રાખનારને મળશે અને તંદુરસ્તી અને સલામતીની પરિસ્થિતિમાં શુકર કરનારને એટલો જ સવાબ મળશે કે જેટલો અજમાયશમાંથી પસાર થનારને સબર કરવામાં મળશે. શુકર કરતાં કરતાં અલ્લાહની રાહમાં ખર્ચ કરનારને એટલો સવાબ મળશે કે જેટલો અલ્લાહની નેઅમતોથી વંચિત કરકસર કરનારને મળશે.

(૧૭) 'અલ્લાહે શુકરનો કોઈ એવો દરવાજો ઊઘાડ્યો નથી કે જેની સાથે સમૃધ્ધિનો દરવાજો બંધ કરેલો હોય (અર્થાત બંદો જેટલા પ્રમાણમાં શુકર કરતો રહેશે એટલા જ પ્રમાણમાં તેને મળતી નેઅમતોમાં વધારો થતો રહેશે.'

*(ઉસૂલે કાફી, જિલ્દ-3, બાબ અલ શુક્ર)*

(૧૮) 'નેઅમતોનું વર્ણન કરવું એ પણ એક પ્રકારનો શુકર છે.'

*(અઅની ઉશરી, સફા-૮)*

(૧૯) 'શુકર કરતાં કરતાં ખાનારો મૌન રોઝેદારથી બેહતર છે.'

*(તુહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી સફા)*

(૨૦) 'જેની પાસે કોઈ નેઅમત આવે તો તેણે તે નેઅમત ઉપર વધારેમાં વધારે પ્રમાણમાં **'અલ્હમ્દોલિલ્લાહ'** કહેવું જોઈએ.

*(રોઝા કાફી, જિલ્દ-૧, સફા-૧૮૫)*

(૨૧) 'જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાને નાની અથવા તો મોટી નેઅમત એનાયત કરે અને તે બંદો દરેક નેઅમત ઉપર **અલ્હમ્દોલિલ્લાહ** કહે તો તેને જે કંઈ આપવામાં આવ્યું છે તેના કરતાં વધારે આપવામાં આવશે.'

*(મજમૂઆ વરામ, જિલ્દ-૧, સફા-૮)*

(૨૨) 'અલ્લાહ તઆલા એ બંદાને પસંદ કરે છે કે જે ખાવા-પીવાના સમયે તે નેઅમત ઉપર અલ્લાહની હમ્દ કરતો રહે.'

*(તરાએફુલ હકમ, જિલ્દ-૨, સફા-૩૧૮)*

(૨૩) 'જે બંદો ઓછા ઉપર શુકર કરતો નથી તે વધારે મળવા ઉપર પણ શુકર કરતો નથી.'

*(અઅની ઉશરી, સફા-૧૦)*

(૨૪) 'જ્યારે તમે સંકટમાં ફસાયેલી કોઈ વ્યક્તિને જુઓ તો અલ્લાહની હમ્દ કરો પરંતુ તે

રીતે હમ્દ કરો કે તે વ્યક્તિને ખબર પડે નહીં કારણ કે એવું કરવાથી તેના દુઃખમાં વધારો થાય છે.'

*(ઉસૂલે કાફી, જિલ્દ-૩, બાબ અલ શુક્ર)*

(૨૫) 'જે માણસ લોકોનો શુક્રિયા અદા કરતો નથી તે ખુદાનો પણ શુક્ર અદા નથી કરતો.'

*(અઅની ઉશરી, સફા-૧૫)*

(૨૬) 'જે વ્યક્તિ કોઈ યહૂદી, ઈસાઈ અને મજૂસી (અગ્નિપૂજક) અથવા કોઈ પણ બિન-મુસ્લિમને જુએ તો તેણે એવું કહેવું જોઈએ કે સઘળાં વખાણ અલ્લાહ માટે છે કે જેણે મને તમારા ઉપર દીને ઈસ્લામ દ્વારા, કુરાન દ્વારા અને મોહંમદ(સ.) નબી દ્વારા, ઈમામ અલી(અ.) દ્વારા, મોમિન ભાઈઓ દ્વારા, કિબ્લા અને કા'બા થકી ફઝીલત આપી. જો તે આવું કહેશે તો અલ્લાહ તેને કદાપિ જહન્નમમાં નહીં મોકલે કે જ્યાં તેમની સાથે મુલાકાત થાય.'

*(રૌઝતુલ વાએઝીન, જિલ્દ-૨, સફા-૬૭૩)*

(૨૭) 'દાખલા તરીકે જો આ દુનિયા એક કોળિયો બની જાય અને કોઈ મોમિન તેને ખાઈને **'અલ્હમ્દોલિલ્લાહ'** કહે તો તેનું આવું કહેવું તેના માટે દુનિયાની બધી વસ્તુઓથી બેહતર છે.'

*(તરાએફુલ હકમ, જિલ્દ-૧, સફા-૨૨૩)*

(૨૮) 'જે માણસ લોકોનો વધારે પ્રમાણમાં આભાર માને છે, તે અલ્લાહનો પણ વધારે પ્રમાણમાં શુક્ર અદા કરે છે.'

*(અઅની ઉશરી, સફા-૧૬)*

(૨૯) 'નેઅમતો ઉપર શુકર અદા ન કરવો તે એવો ગુનો છે કે જેની સજા બીજા ગુનાઓની સજા કરતાં વધારે ઝડપથી મળે છે.'

*(સફીનતુલ બિહાર, જિલ્દ-૧, સફા-૨૧૦)*

*

## 'જાફરી આવાઝ'(માસિક)ના લવાજમ અંગે

દર વર્ષની માફક 'જાફરી આવાઝ'(માસિક)નું લવાજમ મોહર્રમ માસથી લેવાનું નક્કી કરેલ છે. તે રીતે ચાલુ વર્ષે પણ મોહર્રમથી મોહર્રમ એક વર્ષ ગણવામાં આવશે. ચાલુ વર્ષનું **લવાજમ રૂા.૧૦૦/-** મોહર્રમ માસની ૩૦ તારીખ સુધીમાં (એટલે કે તા.૨૬-૧૨-૨૦૧૧ સુધીમાં) જે જૂના ગ્રાહકોનું વાર્ષિક લવાજમ આવ્યું હશે તે ગ્રાહકો ગ્રાહક તરીકે ચાલુ રહેશે. નવા ગ્રાહકોને માર્ચ-૨૦૧૨થી અંક મોકલવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલી તારીખ સુધીમાં એટલે કે તા.૨૬-૧૨-૨૦૧૧ સુધીમાં જે જૂના ગ્રાહકોનાં લવાજમ આવ્યાં હશે તેમને જ અંક મોકલવામાં આવશે, જેની દરેકે નોંધ લેવી. મહેરબાની કરીને સમય મર્યાદા પછી લવાજમની રકમ મોકલવી નહીં. સમય મર્યાદા પછી આવેલ લવાજમ સ્વીકારવામાં આવશે નહીં. આપનું લવાજમ આપના ગામના મુખી/મોલ્વી સાહેબ, આપના વિસ્તારના માનદ્ પ્રતિનિધિ અથવા જાફરીબાગ, સિધ્ધપુરને સમય મર્યાદામાં આપી દઈને સહકાર આપવા વિનંતી છે. દરેક ગામના મુખી/મોલ્વી સાહેબ ઉપર જૂના ગ્રાહકોની યાદીની નકલ મોકલી આપવામાં આવેલ છે.

આપ સૌએ ભૂતકાળમાં અમને જે રીતે સાથ અને સહકાર આપ્યો છે એ રીતે આપતા રહેશો એવી અપેક્ષા રાખીએ છીએ. **-વ્યવસ્થાપક જાફરી આવાઝ(માસિક)**

# દરવાજો

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

પારા-૨, સૂરા-૨, આયત-૧૮૯

**'સદ્ગુણ એ નથી કે તમે ઘરોમાં તેમની પાછળથી દાખલ થાઓ પણ સદ્ગુણ તો એ છે કે ગુનાહોથી બચીને ચાલવું અને ઘરોમાં તેમના દરવાજામાંથી દાખલ થાઓ અને અલ્લાહથી ડરતા રહો જેથી તમે સફળતા મેળવો.'**

આ આયતમાં અલ્લાહે દરવાજાનું મહત્વ સમજાવ્યું છે કે તમે તમારા ઘરોમાં દાખલ થાઓ તો દરવાજાથી દાખલ થાઓ. તે નકી છે. આપણા મનમાં વિચાર આવે કે ઘર આપણે બંધાવ્યું. ઘરના માલિક આપણે. તો આપણા ઘરમાં આપણી મરજી ચાલવી જોઈએ. આપણી મરજી હોય તો દરવાજાથી દાખલ થઈએ અથવા કોઈ વખત દીવાલ કૂદીને દાખલ થઈએ એમાં શું ? આપણે તો ઘરમાં જ દાખલ થવું છે ને ?

તો અલ્લાહ કહેશે કે ભલે તમે તમારા ઘરના માલિક રહ્યા પરંતુ તમારા ઘરમાં પણ મારી મરજી ચાલશે, તમારી નહીં. તો પછી અલ્લાહના દીનમાં આપણી મરજી કેવી રીતે ચાલી શકે ? જો તમે તમારા ઘરમાં પણ દરવાજાથી દાખલ થશો તો નેકી ગણાશે અને તે સિવાય બીજી રીતે દાખલ થશો તો નેકી નહીં ગણાય. દરવાજાથી દાખલ થશો તો સવાબ મળશે અને બીજી રીતે દાખલ થશો તો સવાબ નહીં મળે.

દરવાજાનું મહત્વ જાણ્યા પછી હવે આપણે આ હદીસ - **અના મદીનતુલ ઈલ્મ વ અલીયુન બાબોહા.** હું ઈલ્મનું શહેર છું અને અલી તેનો દરવાજો છે (સવાએકે મોહર્રકા, યનાબીઉલ મવદ્દત, યશઅતુલ લમઆત વગેરે)ને સમજવાનું સહેલું થશે. આ હદીસમાં રસૂલ(સ.) એમ સમજાવવા માગે છે કે જો તમે અલી(અ.) દ્વારા મારા ઈલ્મને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશો તો તે નેકી છે અને અલી(અ.) સિવાય ઈલ્મને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશો તો તેમાં નેકી નથી. તો જો આપણે રસૂલ(સ.)નું ઈલ્મ પ્રાપ્ત કરવું હોય તો હઝરત અલી(અ.) દ્વારા જ પ્રાપ્ત કરવું પડશે.

આ હદીસથી હઝરત રસૂલ(સ.) અને હઝરત અલી(અ.)ના સંબંધ વિશે પણ જાણી શકાય છે, જેમકે ઘર અને દરવાજો જુદા નથી. દરવાજો ઘરમાં જ સમાયેલો છે તેમ જયાં રસૂલ(સ.) છે ત્યાં જ અલી(અ.) છે અને જયાં અલી છે ત્યાં જ રસૂલ(સ.) છે.

ઘરની અંદરની હકીકત જાણવી હોય તો દરવાજાથી જાણી શકાય, દીવાલ આગળ ઊભા રહેવાથી ઘરની હકીકત જાણી શકાતી નથી. તેવી જ રીતે હઝરત રસૂલ(સ.)ની સાચી હકીકત જાણવી હોય તો હઝરત અલી(અ.)થી જ મેળવી શકાય છે. હઝરત અલી(અ.)ને મૂકીને બીજા પાસેથી આપણે રસૂલ(સ.)ની સાચી હકીકત જાણી શકીશું નહીં.

જે દરવાજામાં દાખલ થયો, તે ઘરમાં દાખલ થયો.
જે અલી(અ.)ને મળ્યો, તેને રસૂલ(સ.) મળ્યા.
જે દરવાજાથી દૂર, તે ઘરની દૂર.
જે અલી(અ.)થી દૂર તે રસૂલ(સ.)થી દૂર.
રસૂલ(સ.) અને અલી(અ.)માં કેટલો ફેર છે ?
જેટલો ઘર અને દરવાજામાં ફેર છે.

ઘર તૈયાર થયા પછી તેમાં જ્યારે દરવાજો લગાવવામાં આવે ત્યારે જ ઘરનું કામ સંપૂર્ણ થયું

ગણાય છે એટલે કે દરવાજા વગર મકાન અધુરું. તેવી જ રીતે અલી(અ.) વગર રસૂલનું કાર્ય અધુરું, અલ્લાહનો દીન અધુરો.

જ્યારે હઝરત અલી(અ.)ની જાનશીનીનો શુભ પ્રસંગ બન્યો ત્યારે તરત જ આ આયત નાઝિલ થઈ :

**અલ યૌમા અકમલ્તો લકુમ દીનકુમ અત્મમ્તો અલૈકુમ નેઅમતી વરઝીતો લકોમુલ ઈસ્લામ દીના.**

(સૂરએ માએદાહ, આયત-૩)

અર્થાત : અય મુસલમાનો ! આજે મેં તમારા માટે તમારો દીન પરિપૂર્ણ કરી દીધો છે અને નેઅમત તમારા પર સંપૂર્ણ કરી દીધી છે અને દીને ઈસ્લામ તમારા માટે પસંદ કરી લીધો છે.

ઉપરોક્ત ઈલાહી ફરમાનથી આ વાત સાબિત થઈ ગઈ કે હઝરત અલી(અ.)ની ઈમામત ઉપર નિમણૂંક થવાથી દીન સંપૂર્ણ થઈ ગયો અને અલ્લાહની નેઅમતો સંપૂર્ણ થઈ ગઈ અને અલ્લાહ ઈસ્લામથી રાજી થયો.

હવે આપણે અલ્લાહના ઘર અને દરવાજા વિશે ચર્ચા કરીએ.

પારા-૧, સૂરા-૨, આયત-૧૨૫

**'હે રસૂલ ! તે સમયને યાદ કરો કે જ્યારે અમોએ આ ઘરને (કા'બાને) લોકોના માટે સવાબ અને સુરક્ષાની જગ્યા બનાવી અને આજ્ઞા કરી કે ઈબ્રાહીમની આ જગ્યાને નમાઝની જગ્યા બનાવો અને ઈબ્રાહીમ તથા ઈસ્માઈલને અમે હુકમ કર્યો કે તમે બન્ને મારા ઘરને જાત્રાળુઓ માટે અને ત્યાં રહીને બંદગી કરનારાઓ તથા રૂકૂઅ તથા સિજદા કરનારાઓ માટે પાક સાફ રાખો.'**

આ આયતથી જાણવા મળ્યું કે હઝરત ઈબ્રાહીમ(અ.) અને હઝરત ઈસ્માઈલ(અ.)એ બનાવેલી જગ્યાને અલ્લાહે પોતાના ઘર તરીકે સ્વીકારી લીધી.

એહલે સુન્નતના આલિમ અલ્લામા હૈદરઅલી સાહેબ હનફી તેમના પુસ્તક સિરતુલ અવલિયા ભાગ-૧, પાના નં. ૨૧, ૨૨ ઉપર લખે છે કે જનાબે ફાતેમા બિન્તે અસદ (હઝરત અલી(અ.)નાં માતુશ્રી) ફરમાવે છે કે મારી પ્રસૂતિનો સમય નજીકમાં હતો અને જ્યારે હું તવાફે કા'બામાં તલ્લીન હતી કે એકાએક મને પ્રસૂતિ સમયનું દર્દ થવા લાગ્યું. આ પ્રસંગે હઝરત મોહંમદ(સ.) પણ એ સ્થળે હાજર હતા. મારી આવી સ્થિતિ જોઈને આપે ફરમાવ્યું, તવાફે કા'બાથી પરવારી જઈને તરત જ ખાનએ કા'બાની અંદર ચાલ્યાં જાઓ. મારી અંદર જવાની ઈચ્છા થતાંની સાથે જ ખાનએ કા'બાની દીવાલમાં દરવાજો ઉપસ્થિત થઈ ગયો અને મને એક એવો ગેબી અવાજ સંભળાયો કે જલ્દીથી ખાનએ કા'બામાં પ્રવેશ કરો. મારા અંદર જવાની સાથે જ આ દ્વાર અદ્રશ્ય થઈ ગયું અને દીવાલ જેવી દીવાલ બની ગઈ અને એ જ સ્થળે મારા પુત્ર અલી(અ.) અવતર્યા. આ વેળા પણ એક ગેબી અવાજ આવ્યો કે આ મહાન પુત્રનું નામ અલી રાખજો કેમકે એ નામ અલ્લાહ તઆલાના નામથી મેળ ધરાવે છે. જનાબે ફાતેમા બિન્તે અસદ ત્રણ દિવસ સુધી અંદર રહ્યાં અને કુદરતે ઈલાહીથી ત્રણેય દિવસ ત્યાં જ ખોરાક પહોંચતો કરવામાં આવતો હતો.

(જુઓ સીરતુલ અવલિયા, મનાકિબે મુર્તઝવી, તઝકેરા ખવાસુલ ઉમ્મા, રૌઝતુન્નદીયા, અર્જહુલ યનાબિલ, વગેરે)

પારા-૨૮, સૂરા-૬૧, આયત-૩

**'અલ્લાહની પાસે આ વાત હદથી વધારે નાપસંદ છે કે જે તમે કરતા નથી તે કહો.'**

આ આયતને જોયા પછી ઉપરના કિસ્સા તરફ વિચાર કરીએ છીએ તો આપણને નવાઈ લાગે છે કે અલ્લાહ પોતે તો બધાને હુકમ કરે છે કે ઘરોમાં

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૨૧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبِّ زِدْنِي عِلْمَا
وَارْزُقْنِي فَهْمَا

**રબ્બે ઝિદની ઈલ્મા વર્ઝુકની ફહ્મા.**

(પારો-૨૦, સૂરએ તાહા, આયત-૧૧૪)

અર્થ : અય મારા પરવરદિગાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ. *

દાખલ થાઓ તો દરવાજામાં થઈને જ દાખલ થાઓ, જ્યારે ઉપરના પ્રસંગમાં હઝરત ફાતેમા બિન્તે અસદને કે જે કા'બાની દીવાલ પાસે ઊભાં રહીને દુઆ માગતાં હતાં, તેમને અલ્લાહે કા'બાની દીવાલમાં તિરાડ પાડીને કા'બામાં દાખલ થવાનો હુકમ કર્યો. અહીં અલ્લાહે પણ ફાતેમા બિન્તે અસદને કહેવું જોઈએ કે મારા ઘરમાં, દરવાજામાં થઈને દાખલ થાઓ. હે અલ્લાહ ! તું પોતે જે કરતો નથી તેનો હુકમ શા માટે આપે છે ?

હવે અલ્લાહ આપણને જવાબ આપશે કે તમે પોતાને જ બહુ જ હોંશિયાર સમજો છો પરંતુ તમને વાત કરવાનું પણ ભાન નથી. હું આલિમ પણ છું, હકીમ પણ છું. મારી વાતમાં ઈલ્મ અને હિકમત બન્ને હોય છે. હું તો નાનામાં નાની બાબત કે જે રાઈના દાણા બરાબર હોય અને સખત પથ્થરની વચ્ચે હોય તો પણ કયામતના દિવસે ભૂલવાનો નથી. જ્યારે હઝરત અલી(અ.)ના જન્મનો પ્રસંગ કે જે કા'બામાં થયો તે તો ઘણો મહાન છે. તેને કેવી રીતે ભૂલી શકાય ? હું તો આ પ્રસંગને યાદ રાખીશ પરંતુ તમારા જેવાને પણ ભૂલવા દેવા માગતો નથી. મેં આખરી નબી(સ.)ની ચાંદના બે ટુકડા કરવાની નિશાની બાકી રાખી નથી પરંતુ કા'બાની દીવાલને તોડીને હઝરત ફાતેમા બિન્તે અસદને કા'બામાં દાખલ કર્યા અને કા'બાની દીવાલની તિરાડને કયામત સુધી બાકી રાખી જેથી દરેક હાજી અને ઉમ્રહ કરનાર રૂકને યમાની તરફ ધ્યાન આપીને હઝરત અલી(અ.) કા'બામાં જન્મ્યા તે પ્રસંગને યાદ રાખે.

અને ખબરદાર જો તમે હઝરત અલી(અ.)ને ભૂલી ગયા તો હું કયામતમાં પૂછીશ કે તમે હજ અને ઉમ્રહ માટે કા'બા પાસે આવતા હતા અને ફરતે ચક્કર લગાવતા હતા તો હે ઘન ચક્કરો ! તમે શા માટે હઝરત અલી(અ.)ને ભૂલી ગયા ? શું રૂકને યમાનીને જોઈને, દીવાલની તીરાડને જોઈને એ પ્રસંગને યાદ ન રાખ્યો ? એટલો તો વિચાર કર્યો હોત કે કા'બા એટલો પવિત્ર છે કે જેના ફરતાં તવાફ કરવાથી, હજરે અસ્વદને બોસા આપવાથી ગુનાહ ધોવાઈ જાય છે. તો શું તેમાં જન્મનાર હઝરત અલી(અ.)ની મોહબ્બત ગુનાહથી પાક નહીં કરે?

કિતાબુલ ફિરદોસમાં હદીસ વર્ણવવામાં આવી છે કે અલી(અ.)થી મોહબ્બત કરનારાઓના ગુનાહ એવી રીતે ખવાઈ જશે જેવી રીતે અગ્નિ લાકડાને ખાઈ જાય છે.

(કન્ઝુલ હકાએક, પાના નં.૧૦૪)

અસદુલ ગાબામાં હઝરત અલી(અ.)થી રિવાયત કરવામાં આવી છે કે એમણે કહ્યું કે જનાબે રિસાલત મઆબ(સ.)એ મને ફરમાવ્યું કે તમે કા'બાના સમાન છો કે જેની પાસે બધા આવે છે અને તે કોઈની પાસે જતો નથી. તેથી જો કોમના લોકો તમારી પાસે હાજર થઈને બયઅત કરે તો કબૂલ કરો, નહીં તો તેમની પાસે ન જતા.

દરવાજો એટલે શું ?

દરવાજો એને કહેવાય કે જ્યાં ઊભા રહેવાથી ઘરની અંદરની હકીકત જાણી શકાય, જેમકે દીવાલ આગળ ઊભા રહેવાથી ઘરની અંદરની હકીકત

જાણી શકાતી નથી, દરવાજાથી જાણી શકાય કે અંદર દાદા છે, પિતા છે, કાકા છે, પંખો ક્યાં છે? કઈ વસ્તુ ક્યાં પડેલી છે?

તેથી તમારી કોમ જ્યાં સુધી પીરથી (કબીરૂદ્દીન બાવા(રહે.અ.)થી) મળી નહોતી ત્યાં સુધી તમે દીનની હકીકતથી વાકેફ ન હતા. અલ્લાહ કોણ? રસૂલ કોણ? એ જાણતા ન હતા. પરંતુ જેવો તમે પીર (કબીરૂદ્દીન બાવા(રહે.અ.))નો ચહેરો જોયો કે તરત જ તમે કલમો પઢી નાખ્યો, એટલે તમે જાણી લીધું કે અલ્લાહ એક છે, મોહંમદ(સ.) તેના પયગમ્બર છે અને અલી(અ.) રસૂલ(સ.)ના વસી છે. એટલે તમારી કોમ માટે દીનમાં દાખલ થવાનો દરવાજો તમારા પીર થયા. તો જ્યાં સુધી તમે પીરથી સંબંધ રાખશો ત્યાં સુધી તમે દીનની હકીકતથી વાકેફ રહેશો. પરંતુ ખબરદાર, જો મોઢું ફેરવ્યું છે તો તમને અલ્લાહ, રસૂલ(સ.), અલી(અ.)નાં ફક્ત નામ યાદ રહેશે પરંતુ તેની હકીકતથી અજાણ રહેશો.*


*ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ*

આયુર્વેદિક દવા શરીરમાં આડઅસર કર્યા વિના રોગને જડમૂળથી મટાડે છે.

**શિફા આયુકેર કલીનીક**

**ડો.આબિદઅલી ટી. ઘરખડ**

(જન.ફીઝીશીયન એન્ડ આયુ.કન્સલ્ટન્ટ)

દરેક જાતના સ્ત્રી રોગો, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, મસા, હરસ, વજન વધારવા-ઘટાડવા, હાડકાના રોગો, શ્વસનતંત્રના રોગોની આયુર્વેદિક સારવાર માટે ખાસ મળો.

**નોંધ :** બહારના દર્દીઓએ ફોન કરીને જ આવવું.

**સરનામુ**

મસ્જિદની સામે, બાદરપુર, તા. વડનગર, જિ. મહેસાણા. મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭


# General Knowledge Corner

**122**

**સંકલન : ગોદડ મહંમદઅલી એચ.**

**(૧) ભારતનું રાષ્ટ્રીય ગીત 'જન ગણ મન...' સૌ પ્રથમ ક્યારે ગાવામાં આવ્યું હતું ?**

(A) ચેન્નઈ, ૨૨ ડિસેમ્બર-૧૯૧૦
(B) મુંબઈ, ૨૫ નવેમ્બર-૧૯૨૨
(C) કોલકતા, ૨૭ ડિસેમ્બર-૧૯૧૧

**(૨) ઈ.સ.૨૦૦૩ના ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાનો કેટલા રનથી વિજય થયો હતો ?**

(A) ૧૨૮ રનથી (B) ૧૨૫ રનથી
(C) ૧૫૦ રનથી

**(૩) નીચેનામાંથી 'ગુરૂદેવ' કોનું ઉપનામ છે ?**

(A) જવાહરલાલ નહેરૂ
(B) રવીન્દ્રનાથ ટાગોર
(C) રાજ ગોપાલાચારી

**(૪) નીચેનામાંથી રાવી નદીના કિનારે કયું શહેર વસેલું છે ?**

(A) બર્લિન (B) લાહોર (C) હેમ્બુર્ગ

**(૫) વિશ્વ ડાયાબિટીસ દિન ક્યારે ઉજવવામાં આવે છે ?**

(A) ૨૭મી જૂન (B) ૨૭મી સપ્ટેમ્બર
(C) ૧લી ડિસેમ્બર

**(૬) કયા દેશમાં કાપડ ઉપર સમાચારપત્રો લખવામાં આવે છે ?**

(A) સ્પેન (B) જર્મની (C) ફ્રાન્સ

**(૭) પંડિત રવિશંકર કોની સાથે સંબંધ ધરાવે છે ?**

(A) બંસરી (B) સિતાર
(C) સારંગી

# કુલ્લે ઈમાન

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*ચીવટપૂર્વકનો* ***નાણાંકીય હિસાબ અને આયોજન*** *એવી ખાત્રી આપે છે કે* ***આવાં ઓર્ગેનાઈઝેશન્સ બેહદ વિકાસ પામે છે.*** *જો કંપનીઓ પોતાની* ***નાણાંકીય બાબત તરફ ધ્યાન ન આપે*** *અને હિસાબ વ્યવસ્થિત ન રાખે તો મોટે ભાગે તો તેવી કંપનીઓ વિકાસ નહીં પામે અને શક્યતાઓ તો એવી હોય છે કે તેમને બંધ કરી દેવી પડતી હોય છે. આ રીતે* ***નાણાંકીય આયોજન અને સંચાલન કોઈ પણ સંસ્થાનો આધારસ્તંભ હોય છે.***

*મોટા ભાગની કંપનીઓ* ***નાણાંકીય હિસાબના ક્ષેત્રમાં*** *અને અન્ય સંબંધિત પ્રવૃત્તિઓમાં યોગ્ય માર્ગદર્શન મેળવવા માટે* ***સુપ્રસિધ્ધ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ (C.A.)ની*** *સેવાઓ લેતી હોય છે. સંસ્થામાં ચેરમેન પછી* ***આવા CAs સૌથી શક્તિશાળી હોય છે*** *કેમકે તેઓ* ***કંપનીની પ્રત્યેક નાનામાં નાની નાણાંકીય વિગતો*** *જાણતા હોય છે.*

*તાજેતરમાં જ મારા વિદ્યાર્થીઓમાંથી એક જણે પોતાની* ***ઈન્ટર્નશીપ માટે*** *મારા ઉપર* ***એક પ્રખ્યાત*** *CA તરફ પોતાનું ઉમેદવારીપત્ર મોકલવા માટે પોતાના Bio-data સહિતનો એક mail મારા ઉપર મોકલ્યો. તેણે એવો દાવો કર્યો હતો કે* ***આવા CAના માર્ગદર્શન*** *હેઠળ* ***તે એકાઉન્ટન્સીના પોતાના કૌશલ્યને ધારદાર બનાવશે*** *અને ઉદ્યોગ જગતમાં* ***તેની પોતાની પ્રતિષ્ઠા*** *ઊભી કરશે.*

→ *કોઈ પણ કંપનીએ સ્પર્ધાત્મક બજારમાં ટકી રહેવું હોય અને વિકાસ સાધવો હોય તો તેનો આધારસ્તંભ છે યોગ્ય નાણાંકીય હિસાબ અને તેનું આયોજન. આને લીધે* ***ઘણી કંપનીઓમાં CAsની માંગ વધુ હોય છે*** *કેમકે તેઓ કંપનીઓના* ***નાણાંકીય આધારસ્તંભને મજબૂત બનાવવામાં*** *તેમને મદદ કરે છે.*

કોઈ પણ સંસ્થાની માફક ઈસ્લામ પણ એક વિસ્તૃત ધર્મ છે અને તેથી જ તો આ લેખમાં આપણે **આપણા ધર્મના આધારસ્તંભને** શોધી કાઢવા અને **તેને મજબૂત બનાવવા** માટે કયાં પગલાં ભરવાં જોઈએ તે માટે પ્રયત્ન કરીશું. નીચેની આયતથી આપણે આપણી સફરની શરૂઆત કરીશું.

● 'અરબના બદદુ તો કહે છે કે અમે ઈમાન લાવ્યા. અય રસૂલ(સ.) ! તમે કહી દો કે તમે **ઈમાન નથી લાવ્યા** પરંતુ **એમ કહો કે ઈસ્લામ લાવ્યા** જો કે **<u>તમારા દિલોમાં હજુ સુધી ઈમાન તો પ્રવેશ્યું જ નથી..'</u>**

(સૂરએ અલ હુજરાત, આયત-૧૪)

એક દીન તરીકે **ઈસ્લામ કબૂલ કર્યો છે** એવો દાવો કરવામાં અને **એક સાચા મોમિન** હોવામાં તફાવત છે. મોમિનનું **દિલ તો ઈમાનથી ભરેલું હોય છે** અને તે દીનને ખાતર પોતાની જાતને આધીન કરી દે છે. આ રીતે તો **ઈમાન ઈસ્લામનો આધારસ્તંભ છે** અને જેણે તેને ગુમાવી દીધો તેણે બધું જ ગુમાવી દીધું. તેથી જ તો દરેક પરિસ્થિતિમાં **ઈમાનને જાળવી રાખવું** અને **તેને મજબૂત બનાવવું** અગત્યનું છે.

ચાલો આપણે નીચેની આયત જોઈએ :

● 'આ લોકો **ખુદાને છોડીને એવી વસ્તુની પૂજા કરે છે કે જે ન તો તેમને નુકસાન**

**પહોંચાડી શકે છે કે ન નફો** અને કહે છે કે **<u>ખુદાના જ ત્યાં આ લોકો અમારી સિફારિશ કરનારા હશે.</u>** (અય રસૂલ(સ.) ! તમે એમને કહો તો ખરા કે શું તમે ખુદાને એવી બાબતની ખબર આપો છો કે જેને **તેઓ ન તો આસમાનોમાં ક્યાંય મેળવે છે કે ન જમીનમાં.** આ લોકો જે **વસ્તુને પોતાના શરીક (ભાગીદાર) બનાવે છે** તેનાથી તે પાક સાફ અને મહાન છે.

(સૂરએ યૂનુસ, આયત-૧૮)

ઉપરની આયત લોકોના એક ચોક્કસ ટોળાનો ઉલ્લેખ કરે છે કે **જે લોકો એવાઓની ઈબાદત કરે છે કે જે અલ્લાહ(સુ.વ.ત.) સાથે સંબંધિત નથી** અને **એવો દાવો કરે છે કે તેઓ તો અલ્લાહ(સુ.વ.ત.)ના મધ્યસ્થીઓ છે.** અને અલ્લાહ(સુ.વ.ત.) તેને **'શિર્ક'** ગણે છે.

આના ઉપરથી આપણે એવું અનુમાન કરી શકીએ છીએ કે **મધ્યસ્થીઓ (વસીલાઓ) અલ્લાહ(સુ.વ.ત.) સાથે ગાઢ રીતે સંકળાયેલા હોવા જ જોઈએ.** અને **<u>જે પસંદ થયેલા વસીલાઓ છે જ નહીં</u>** એમની પાસેથી કંઈક માગણી કરવી કે આજીજી કરવી તે શિર્ક છે. આથી **પસંદ થયેલા મધ્યસ્થીઓ પાસે માગવું એ અલ્લાહ(સુ.વ.ત.)ની પોતાની પાસે માગવા બરાબર છે.** તો શું તેમને **છોડી દેવાની બાબત 'કુફ્ર'** તરફ દોરી જતી નથી ?

આનાથી તો નિયુક્ત થયેલા મધ્યસ્થીઓને ઓળખી કાઢવાની બાબત અગત્યની બની જાય છે જેથી કરીને આપણે **'શિર્ક'** અને **'કુફ્ર'**થી મુક્ત રહી શકીએ. આ દિશામાં આગળ વધવા માટે એક વધુ આયત :

- 'મોમિનો **મોમિનોને છોડીને કાફિરોને પોતાના વાલી (સરપરસ્ત) ન બનાવે.** અને **જે એવું કરશે તો તેને ખુદા સાથે કોઈ સંબંધ નથી** પરંતુ (આ પ્રકારની યુક્તિઓથી) કોઈ પણ રીતે તેમના (ઉપદ્રવ)થી બચવું હોય તો (ખેર) અને ખુદા તમને પોતાનાથી જ ડરાવે છે અને ખુદાની તરફ જ પાછા વળીને જવાનું છે.'

(સૂરએ આલે ઈમરાન, આયત-૨૮)

પયગામ ખૂબ જ સ્પષ્ટ અને સીધો સાદો છે. મોમિને બીજા **મોમિનને પોતાના રક્ષક (વલી) તરીકે અપનાવવો જોઈએ** પરંતુ તેના બદલે જો તે કોઈ બિન-મોમિનને 'વલી' તરીકે અપનાવે તો તે **અલ્લાહની પનાહ** હેઠળ નહીં આવે. આ રીતે જોઈએ તો સાચા **વલીને ઓળખી કાઢવો** અને **અલ્લાહની પનાહ હેઠળ** રહેવા માટે **તેનું અનુસરણ કરવું** ફરજીયાત બની જાય છે. તેથી (ચાલો જોઈએ કે) કોણ છે આ વલી ?

આ બાબતમાં નીચેની આયત થોડી વધારે રોશની ફેંકશે :

- 'અને (અય રસૂલ(સ.) !) **તમે કહી દો કે તમે લોકો પોત પોતાનાં કાર્યો કર્યે જાઓ,** હજુ તો ખુદા અને તેનો રસૂલ(સ.) અને **<u>મોમિનો તમારાં કાર્યોને નિહાળશે</u>** અને ખૂબ જલ્દી (કયામતમાં) જાહેર અને બાતિનને જાણવાવાળા (ખુદા)ની તરફ પાછા મોકલવામાં આવશે ત્યારે તેઓ, જે કંઈ પણ તમે કરતા હતા તે તમને બતાવી દેશે.' (સૂરએ તૌબા, આયત-૧૦૫)

તેથી ત્રણ જણા એવા છે કે જેઓ આપણી વર્તણુકની તપાસ રાખે છે : **અલ્લાહ-મહાનતમ, રસૂલે પાક(સ.)-મહાનતમ પયગમ્બર** અને **એક મોમિન.** આપણે બધા મોમિનો છીએ, પરંતુ તમે કહી શકતા નથી કે મેં આજે સવારે શું કર્યું કે ન તો હું એ જાણું છું કે તમે શું કર્યું છે. **એકબીજાને જોવાની અને એકબીજાની વર્તણુકની તપાસ રાખવાની શક્તિઓ આપણે ધરાવતા નથી.** તેથી આપણા ઉપર નિયુક્ત થયેલો વલી(રક્ષક) પણ **મહાનતમ 'વલી'** છે અને તેને **સર્વશક્તિમાન અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા**

**આપણી વર્તણુકની રક્ષા કરવા માટે ઈલાહી શક્તિઓ આપેલી છે.** અને જ્યારે આપણને સર્વશક્તિમાન અલ્લાહ તરફ પાછા બોલાવવામાં આવે છે ત્યારે અલ્લાહ(સુ.વ.ત.) અને રસૂલે પાક(સ.)ની સાથે સાથે **તેની સાથે પણ આપણે બંધાયેલા (જવાબદાર)** છીએ.

અને નીચેની આયત પણ આપણને જોવા મળે છે કે જે **'મહાનતમ વલી'**નું એલાન કરે છે :

- 'અય રસૂલ(સ.) **! જે હુકમ તમારા પરવરદિગાર તરફથી** તમારા ઉપર **નાઝિલ કરવામાં આવ્યો છે, તેને પહોંચાડી દો.** અગર તમે એવું ન કર્યું તો **સમજી લો કે તમે તેનો કોઈ પયગામ જ પહોંચાડ્યો નથી** અને **તમે ડરો નહીં ખુદા તમને લોકોના ઉપદ્રવથી સુરક્ષિત રાખશે** અને ખુદા **કદાપિ કાફિરોની કોમને મંઝિલે મકસૂદ સુધી નથી** પહોંચાડતો.'

(સૂરએ માએદા, આયત-૬૭)

આ આયત નાઝિલ થઈ ગયા પછી લગભગ **એક લાખ વીસ હજાર હજયાત્રીઓના** વિશાળ મજમા સમક્ષ રસૂલે પાક(સ.)એ હઝરત અલી(અ.)ને ઊંચા કર્યા અને ગદીરે ખુમમાં **'મન કુન્તો મૌલાહો ફહાઝા અલીય્યુન મૌલા'**ની જાહેરાત કરી અને આ સાથે જ **<u>અલ્લાહ (સુ.વ.ત.)એ હઝરત અલીને</u>** પયગમ્બર (સ.)ના જાનશીન અને ઉમ્મતના **વલી (રક્ષક) તરીકે <u>નિયુક્ત કરી દીધા.</u>**

(સંદર્ભ : દુર્રે મન્સૂર, જિલ્દ-૨, પેજ-૨૯૮, ઈજિપ્ત, તફસીરે ફત્હ ઉલ ગદીર, જિલ્દ-૨, પેજ-૬૦, ઈજિપ્ત, તફસીરે ફત્હ ઉલ બયાન, જિલ્દ-૩, પેજ-૮૯, ઈજિપ્ત, તફસીરે મઝહરી, જિલ્દ-૩, પેજ-૩૫૩, દારૂલ ઈશા'ત, કરાંચી, સવાએકે મોહર્રકા, પેજ-૪૦ અને ૧૨૦, સનને તિરમિઝી, જિલ્દ-૨, પેજ-૨૯૮ અને બીજી અનેક)

હવે ચાલો આપણે ઉપરની આયત ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ અને થોડાંક અર્થસભર અનુમાનોને શોધી કાઢવાનો પ્રયત્ન કરીએ. આયત સ્પષ્ટપણે દર્શાવે છે કે **જો પયગમ્બર(સ.) દ્વારા આ સંદેશો પહોંચાડવામાં ન આવ્યો હોત તો જાણે કે આપ(સ.) દ્વારા અલ્લાહ (સુ.વ.ત.)નો કોઈ પયગામ પહોંચાડવામાં આવ્યો જ નથી.** તેથી અલ્લાહ(સુ.વ.ત.) **આ પયગામને ખુદ રસૂલિલ્લાહ(સ.)ની પયગમ્બરીના જેટલો જ મહત્વનો ગણે છે.** વળી આ પયગામ હજ યાત્રાળુઓની સમક્ષ પહોંચાડવામાં આવ્યો અને તે બધા જ પરહેઝગાર મુસલમાનો હતા અને એ મજમામાં **એક પણ બિન ઈમાનદાર** હતો જ નહીં તો પછી શા માટે અલ્લાહ(સુ.વ.ત.)એ એવું કહ્યું કે **હું બિન ઈમાનદારોને હિદાયત નહીં કરું ?** તેથી **'મન કુન્તો મૌલા..'**ના પયગામને તરછોડી દેવો તે **'કુફ્ર'** છે અને જે કોઈ તેને ત્યજી દે છે તે **'કાફિર'** બની જાય છે ભલેને પછી તે હજ પઢીને આવેલો પરહેઝગાર મુસ્લિમ કેમ ન હોય. છેલ્લે, મૌલા અલી(અ.)ની આપણા ઉપર **સરપરસ્ત તરીકેની નિમણૂંકથી અલ્લાહે આપણને એવી માહિતી આપી કે માત્ર તે પોતે જ વલીઓની નિમણૂંક કરે છે** અને આ બાબતમાં આપણને કોઈ અધિકાર આપેલો નથી.

ચાલો આપણે એ જોઈએ કે કેટલાક પ્રખ્યાત ઈસ્લામી આલિમોનું ગદીરની જાહેરાત વિષે શું કહેવું છે :

- ડૉ.તાહિરૂલ કાદરી "The Ghadir Declaration' માં પેજ-૮૦ ઉપર આ મુજબ હદીસની રિવાયત કરે છે :

ખુદ અલી(અ.) દ્વારા રિવાયત કરવામાં આવી છે. આપે ફરમાવ્યું, 'ગદીરે ખુમના દિવસે રસૂલિલ્લાહ(સ.)એ મારા માથાના ફરતાં (સન્માનના પ્રતીક સ્વરૂપે) પાઘડી બંધાવી હતી.

અને તેના ખુલ્લા છેડાને પાછળની તરફ રાખ્યો હતો. ત્યાર પછી આપે ફરમાવ્યું, અલ્લાહ (સુ.વ.ત.)એ જે ફરિશ્તાઓને બદ્રમાં અને હુનૈનમાં મારી મદદ માટે મોકલ્યા હતા, તેમણે આ પ્રકારની જ પાઘડીઓ પહેરેલી હતી. ત્યાર પછી ઉમેર્યું, 'નિઃશંકપણે **પાઘડી ઈમાન અને કુફ્ર વચ્ચેનો તફાવત** બતાવતી હોય છે.'

- બીજી ઘણી કિતાબોમાં આ હદીસની રિવાયત કરવામાં આવેલ છે. (સંદર્ભ : ઈબ્ને અસીર, અસદુલ ગાબા ફિ માઅરેફત ઈસ-સહાબા (૩:૧૭૦) મુહિબ તબરી, અર રિયાઝુન્નદ્રા ફિ મનાકિબ ઈલ અશ્રાહ (૩:૧૯૪ અને અન્ય))

અને **'મન કુન્તો મૌલા...'**ની જાહેરાત પછી તરત જ અલ્લાહ(સુ.વ.ત.) નીચેની આયત ઉતારીને આપણાં ઉપરોક્ત અનુમાનોને સમર્થન આપે છે :

- **'આજે મેં તમારા દીનને સંપૂર્ણ કરી દીધો** અને તમારા ઉપર **મારી નેઅમતો પૂર્ણ કરી દીધી** અને તમારા આ દીને ઈસ્લામને પસંદ ફરમાવ્યો.' (સૂરએ માએદા, આયત-૩)

હઝરત અબુ સઈદ અલ ખુદરીએ રિવાયત કરી છે કે આ આયત રસૂલિલ્લાહ(સ.) ઉપર ગદીરે ખુમના દિવસે નાઝિલ થઈ જ્યારે કે આપ(સ.)એ જાહેરાત કરી કે હું જેનો મૌલા છું તેના આ અલી મૌલા છે. અબુ હુરૈરાએ પણ તેની રિવાયત કરી છે અને આગળ ફરમાવ્યું છે કે તે ૧૮, માહે ઝિલહજના દિવસે નાઝિલ થઈ જ્યારે કે રસૂલિલ્લાહ(સ.) હજ્જતુલ વિદાઅ(છેલ્લી હજયાત્રા)થી પાછા ફર્યા હતા. (સંદર્ભ : તફસીર ઈબ્ને કસીર, જિલ્દ-૨, પેજ-૧૪, ઈજિપ્ત, તફસીર દુર્રે મન્સૂર, જિલ્દ-૨, પેજ-૨૫૯)

→ આમ આપણો ધર્મ માત્ર ત્યાર પછી જ સંપૂર્ણ બને છે જ્યારે કે **હઝરત અલી(અ.)ને** રક્ષક તરીકે અને **વલી તરીકે સ્વીકારવામાં આવે. તેમના પ્રેમ વગર** ધર્મ **અપૂર્ણ જ રહે છે** અને તેથી જ તો તેમના માટેનો પ્રેમ **ઈમાનનો આધારસ્તંભ છે.** એટલે જ તો રસૂલિલ્લાહ (સ.)એ ઘણી વખત તેમનો **'કુલ્લે ઈમાન'** તરીકે સંદર્ભ આપ્યો છે.

ફરીથી સૂરએ માએદાની આયત નં.૬૭ દ્વારા આપણે જોયું કે **'મન કુન્તો મૌલા...'**નો પયગામ સફળતાપૂર્વક પહોંચાડ્યા વગર આપણા મહાનતમ પયગમ્બર(સ.)ની રિસાલત અપૂર્ણ જ હતી. **શું આવું અન્ય પયગમ્બરોની બાબતમાં સાચું લાગે છે ખરું ?**

- '(અને અય રસૂલ(સ.) ! એ સમયની યાદ અપાવો કે) જ્યારે **ખુદાએ પયગમ્બરોથી ઈકરાર લીધો** કે અમે તમને જે કંઈ **કિતાબ અને હિકમત (વગેરે) આપીએ** ત્યાર પછી તમારી પાસે કોઈ **રસૂલ આવે અને જે કિતાબ તમારી પાસે છે તેનું સમર્થન કરે** તો (જો જો) તમે **ચોક્કસ તેના પર ઈમાન લાવજો અને તેની ચોક્કસ મદદ કરજો,** (અને) ખુદાએ ફરમાવ્યું, **શું તમે ઈકરાર કર્યો ?** તમે **(મારા અહદનો) ભાર ઊઠાવી લીધો ?** બધાએ અરજ કરી, **અમે ઈકરાર કર્યો,** ઈર્શાદ થયો, (સારું) તો (તમે બધા) આજના આ કૉલ (અને કરાર)ના અંદરો અંદર એકબીજાના સાક્ષી રહેજો.'

(સૂરએ આલે ઈમરાન, આયત-૮૧)

અહીં, ઉપરોક્ત આયતમાં **અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરો પાસેથી જે ઈકરાર લીધો** તે હઝરત અલી(અ.)ની **'વિલાયત'નો** હતો. (સંદર્ભ : બિસાર-અદર્જાત અલ જઝાહિર થાની, પેજ નં.૯૩) વળી આવા જ સંદર્ભો આપણે નીચેની જુદી જુદી પ્રખ્યાત કિતાબોમાંથી પણ મેળવીએ છીએ :

- અલ્લામા નિશાપૂરીએ રસૂલિલ્લાહ(સ.)ની નીચેની હદીસનો હવાલો આપ્યો છે જેની રિવાયત

અબ્દુલ્લાહ ઈબ્ને મ'સુદ દ્વારા પોતાની તફસીરે ગરાએબ અલ કુર્આન જિલ્દ-૨૫માં કરી છે :

જયારે પયગમ્બરોના સરદાર(સ.)એ નમાઝોની ઈમામત કરી અને બીજા પયગમ્બરોએ આપની પાછળ નમાઝ પઢી તો એક ફરિશ્તો નીચે આવ્યો અને કહ્યું, **'અય અલ્લાહના મહેબૂબ! આ પયગમ્બરોને પૂછો કે તમને કઈ શરતે પયગમ્બરી એનાયત કરવામાં આવી છે ?'** રસૂલે પાક(સ.)ને નીચે પ્રમાણે જવાબ મળ્યો, જયારે કે આપે એકનો એક પ્રશ્ન બધા જ પયગમ્બરોને કર્યો : **'અમે આપની અને અલીની વિલાયતનો સ્વીકાર કરીએ છીએ.'**

(સંદર્ભ : તફસીરે ગરાઈબ અલ કુર્આન, જિલ્દ-૨૫, પેજ-૫૮, ઈજિપ્તમાં છપાયેલી (ઈબ્ને જરીર તબરીની તફસીરના હાંસિયામાં)

- લિસાન અલ મીઝાન, જિલ્દ-૫, પેજ-૧૪૭, ઈબ્ને હજ અલ અસ્કલાની 'મોહંમદ બિન હમીદ' વિષે લખતાં તેમનાથી નીચે મુજબ રિવાયત કરે છે:

...હિશામ બિન અબ્દુલ મલિકને હિજાઝથી શામ હાજર થવા બોલાવવામાં આવ્યો. બલ્ક નામના સ્થળે મેં એક કાળા પહાડ ઉપર ઝડપથી લખેલું હોય તેવું અમુક લખાણ નિહાળ્યું. જયારે હું અમ્રની પાસે પહોંચ્યો તો મેં પૂછ્યું કે પહાડ ઉપર જે કંઈ લખેલું છે તે કોઈ વાંચી શકે તેમ છે ખરો ? મને એક ઘરડા માણસના વિષે કહેવામાં આવ્યું અને હું તેને પહાડ પાસે લઈ ગયો અને તેને પેલા શબ્દો બતાવ્યા. તેણે તે વાંચ્યા, નવાઈ પામ્યો અને કહ્યું, મારી પાસે કંઈ (લખવાનું) લઈ આવો જેથી હું તેનો અનુવાદ તમને બતાવી શકું. હું (લખવા માટે) કંઈક લાવ્યો અને પછી તેણે હિબ્રુ ભાષામાંથી તેનો અનુવાદ કર્યો :

**'ફક્ત એક જ સાચો મા'બૂદ છે, મોહંમદ તેના રસૂલ છે, અલી તેના 'વલી' છે.** આ શબ્દો <u>મુસા(અ.) બિન ઈમરાન દ્વારા</u> લખવામાં આવ્યા છે.'

→ એક મહત્વકાંક્ષી CAએ એક પ્રખ્યાત CAની ઈન્ટર્નશીપનું શરણું લીધું જેથી તેના નાણાં વિષયક જ્ઞાનમાં, કૌશલ્યોમાં અને જાણકારીમાં અનેક ગણો વધારો થઈ જાય છે અને તે એક **ફાયનાન્સીયલ એક્સપર્ટ તરીકે પોતાની પ્રતિષ્ઠા ઊભી કરી શકે છે.** આ લેખની પ્રસ્તાવનામાં આપણે આ દષ્ટાંતનો ઉપયોગ કર્યો હતો. ચાલો આપણે એની રોશનીમાં જોઈએ કે એ લોકો કે જેઓ મહાનતમ 'વલી' - હઝરત અલી(અ.)ની નિકટતા પ્રાપ્ત કરે છે ત્યારે તેમની બાબતમાં શું બને છે ?

- 'જાણી લો કે એમાં શંકા નથી કે **અવલિયા અલ્લાહ (અલ્લાહના દોસ્તો)** પર (કયામતમાં) **ન કોઈ ખૌફ હશે કે ન તો તેઓ ગમગીન થશે.'** (સૂરએ યૂનુસ, આયત-૬૨)

અત્યાર સુધીની ઘણી બધી આયતો કે જેનો સંદર્ભ આપણે જોયો તેમાં વપરાયેલો **'વલી'** અથવા **'અવલિયા'** શબ્દનો અર્થ આપણો 'રક્ષણહાર' થતો હતો કે જેને આપણે આયતો ઉપર અને બીજા પ્રમાણભૂત સંદર્ભો ઉપર ચિંતન-મનન કરીને સાબિત કરેલ જ છે. જયારે ઉપરની આયતમાં **'અલ્લાહના અવલિયા'**નો અર્થ થાય છે **'અલ્લાહના દોસ્તો'** કે જેમના માટે **કોઈ ભય કે ગમગીની નહીં હોય.** હવે, મૌલા અલી(અ.) વગર ઈમાન અધુરું રહે છે તેથી **અલ્લાહના 'અવલિયા'ને એ દરજ્જે પહોંચવા માટે મૌલા અલી(અ.)ના માર્ગદર્શનની** જરૂર પડે છે. આપણે અવલિયાના મૌલા અલી(અ.) સાથેના સંબંધને થોડા સંદર્ભોની અને કુરાને મજીદની આયતની મદદથી પ્રસ્થાપિત કરીશું.

ફરમાનઅલી સાહેબ કુરાને મજીદના પોતાના ઉર્દૂ ભાષાંતરની ફૂટ નોટમાં, ઉપરોક્ત આયતનો સંદર્ભ આપતાં લખે છે :

- 'આ દુનિયામાં અમુક લોકોની હાજરીનો

ઉલ્લેખ કરતી ઘણી બધી હદીસો છે કે એવા લોકોની ચૂપકીદી ઝિક્ર હોય છે અને જ્યારે તેઓ બોલે છે ત્યારે તે હિકમત હોય છે. જો મોતનો સમય નિશ્ચિત કરવામાં ન આવ્યો હોત તો તેમની રૂહોએ તેમનાં શરીર કાં તો સજાના ભયમાં અથવા તો રાહતની ઈચ્છામાં (ક્યારનાં ય) છોડી દીધાં હોત. તેઓ પોતાના વ્યવહારમાં ભલા હોય છે અને એવી બાબતો સાથે પોતાની જાતને જોડતા નથી કે જે 'હરામ' હોય. તેઓ દુન્યવી બાબતોની ચિંતા કરતા હોતા નથી અને હલાલ રોઝી કમાય છે અને ભલાઈનાં કાર્યોમાં તેને ખર્ચે છે. આ લોકો એવા હોય છે કે 'અંબિયા' અને 'શહીદો' પણ તેમની ઈર્ષા કરે છે.'

- ડૉ. તાહિરૂલ કાદરી તેમની કિતાબ The Ghadeer Declarationમાં 'મૌલા અલી(અ.)ની વિલાયત' વિષય ઉપર લખે છે :

ચર્ચાનો સાર એ છે કે રસૂલિલ્લાહની ગદીરે ખુમમાં કરેલી જાહેરાતે હંમેશ માટે સાબિત કરી દીધું કે **અલી(અ.)ની રૂહાની સર્વોપરિતા વાસ્તવમાં પયગમ્બર મોહંમદ(સ.)ની રૂહાની સર્વોપરિતા છે.** જો કે રસૂલે ખુદા(સ.)ના પછી પયગમ્બરીનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો હતો તેમ છતાં અલ્લાહે **પયગમ્બર(સ.)ની રહેમતને ચાલુ રાખવા માટેના નવા રસ્તાઓ** કયામત સુધી ખોલી નાખ્યા. આ રસ્તાઓમાંથી કેટલાક તો જાહેર છે જ્યારે કેટલાક છૂપા છે. **છૂપા રસ્તાઓ રૂહાની સ્વામિત્વ તરફ દોરી ગયા** અને અલી અલ મુર્તઝા(અ.) એવા **પ્રથમ વ્યક્તિ હતા કે જેઓ આ હોદ્દો ધરાવે છે.** ત્યાર પછી સ્વામિત્વની આ સાંકળ **તેમના વંશમાં** આગળ ચાલી અને છેલ્લે **બાર ઈમામો સુધી પહોંચી.** આ સમયગાળા દરમિયાન **રૂહાની ક્ષિતિજ ઉપર ઘણા આગેવાનોએ દેખા દીધી** પરંતુ તે બધાએ સીધી કે આડકતરી રીતે **અલી અલ મુર્તઝા(અ.) પ્રત્યે તાબેદારી** પ્રગટ કરી. કોઈ પણ તેમનાથી અસંતોષી નહોતો અને **આ સાંકળ કયામતના દિવસ સુધી, છેલ્લા ઈમામના ઝુહૂર સુધી ચાલુ રહેશે** અને તે હશે બારમા અને છેલ્લા ખલીફા ઈમામ મોહંમદ મહેંદી(અ.).

(સંદર્ભ : The Ghadeer Declaration, પેજ-૧૫ અને ૧૬ ડૉ. તાહિરૂલ કાદરી)

કાઝી મઝહરી પોતાની તફસીરે મઝહરીની બીજી જિલ્દમાં મૌલા અલી(અ.)ને 'કુત્બે વિલાયત' તરીકે જાહેરાત કરે છે. તેઓ લખે છે :

- 'અલી(અ.) વિલાયતના બધા જ સદ્‌ગુણોની અને લક્ષણોની **મુખ્ય ધરી** હતા : **વિલાયતના કુત્બ** હતા. **સહાબા સહિતના** બધા અવલિયા આ બાબતમાં તેમની પાછળ અને તેમનાથી ઉતરતી કક્ષાના હતા.'

(સંદર્ભ : તફસીરે મઝહરી, જિલ્દ-૬, પેજ-૨૦, દારૂલ ઈશાઅત, કરાંચી દ્વારા પ્રકાશિત)

અલ્લામા ઈબ્ને હજ્ર મક્કીએ પોતાની કિતાબ સવાએકે મોહર્રકામાં **હઝરત ઉમર**ના હવાલાથી લખ્યું છે :

- તેમણે કહ્યું, 'જાણી લો, **અલી(અ.)નો 'વલી' તરીકે** સ્વીકાર કર્યા વગર **કોઈ સન્માન શ્રેષ્ઠતાના દરજ્જા સુધી** પહોંચી શકાતું નથી.'

(સંદર્ભ : સવાએકે મોહર્રકા, પેજ-૧૭૬, ઈજિપ્ત)

અને અલ્લાહ(સુ.વ.ત.) કુરાને મજીદમાં ફરમાવે છે :

- 'અય ઈમાનદારો ! તમારો **વલી (માલિક સરપરસ્ત)** તો બસ આ છે, **ખુદા** અને તેનો **રસૂલ(સ.)** અને **તે મોમિનો** કે જે પાબંદીથી નમાઝ અદા કરે છે **અને રૂકૂઅની હાલતમાં ઝકાત આપે છે.'** અને જેણે ખુદાને અને રસૂલ(સ.)ને અને **તે ઈમાનદારોને પોતાના**

**સરપરસ્ત બનાવ્યા તો તે ખુદાના લશ્કરમાં શામેલ થઈ ગયો** અને તેમાં શંકા નથી કે **ખુદાનું લશ્કર જ વિજયી રહે છે.'**

(સૂરએ માએદા, આયત-૫૫-૫૬)

ઉપરોક્ત આયત ત્યારે નાઝિલ થઈ હતી કે જ્યારે મૌલા અલી(અ.)એ એક સાઈલને પોતાની અંગૂઠી આપી હતી એ વખતે કે આપ રૂકૂઅમાં ઝુકેલા હતા. (સંદર્ભ : ઈમામ નસાઈ સહીહે નસાઈમાં, અલ જામા'અ બૈનુલ સિહાહુલ સિત્તાહ, સ'લાબી.)

આ રીતે અલ્લાહ તઆલા ઉપરની આયતોમાં સમર્થન આપે છે કે ખુદ અલ્લાહ અને પવિત્ર પયગમ્બર(સ.)ની સાથે મૌલા અલી(અ.) આપણા હાદીઓ અને વલી તરીકે છે અને **અલ્લાહના વિજયી લશ્કરમાં** હોવા માટે આપણે તેમનું અનુસરણ કરવું જરૂરી છે.

હવે જો આપણે સૂરએ માએદાની ઉપરની આયતોને સૂરએ તૌબાની આયત (નં.૧૦૫) સાથે જોડવી હોય કે જે એવું ફરમાવે છે - અલ્લાહ (સુ.વ.ત.), પવિત્ર પયગમ્બર(સ.) અને **મોમિનો** આપણી વર્તણુકને જુએ છે, તો તેનાથી સ્પષ્ટ થાય છે કે તે આયતમાં એ રીતે ઉલ્લેખ પામેલા મોમિન એ જ છે કે જે આપણા વલી મૌલા અલી(અ.) છે. **આપણી વર્તણુકને જોવાની દિવ્ય શક્તિઓ તેમને આપવામાં આવી છે** અને આપણને અલ્લાહ(સુ.વ.ત.) અને પવિત્ર પયગમ્બર(સ.)ની સાથે સાથે તેમના પણ જવાબદાર બનાવવામાં આવશે. તેથી જ તો પવિત્ર પયગમ્બર(સ.)એ નીચેની હદીસમાં ફરમાવ્યું છે કે -

- 'અય અલી ! તમે **જન્નત અને દોઝખની વહેંચણી કરનારા** છો.'

(સંદર્ભ : સવાએકે મોહર્રકા, પેજ-૧૨૬, યનાબેઉલ મોવદ્દત, જિલ્દ-૧, પેજ-૧૬૩)

મૌલા અલી(અ.)નો સંદર્ભ આપતાં ઉપરની આયતોએ **'તે મોમિનો'** અથવા **'તેઓ કે જે ઈમાન ધરાવે છે'** એવો બહુવચનનો ઉપયોગ કર્યો છે. પ્રખ્યાત ઈસ્લામી આલિમોએ તેના માટેની સ્પષ્ટતા નીચે પ્રમાણે કરી છે :

- અલ્લામા અલ-તબરસી, મજમઉલ બયાનમાં આ આયત ઉપર વિવેચન કરતાં જણાવે છે : 'અલી, અમીરૂલ મોમિનીન, માટે બહુવચનનું સ્વરૂપ તેમનું સન્માન અને મહત્તા દર્શાવવા માટે વપરાયું છે.'
- અલ્લામા અલ ઝમખ્શરી પોતાની તફસીર અલ કશ્શાફમાં લખે છે : જો તમે તપાસ કરો કે અલી, (અલ્લાહ તેમના ઉપર રહેમત નાઝિલ કરે) સાથે બહુવચનનો શબ્દ શા માટે બંધબેસતો આવે છે કે જે એક જ વ્યક્તિ છે, તો હું એવું કહીશ કે જોકે આ આયત વ્યક્તિગત રીતે અલી(અ.) વિષેની છે તેમ છતાં બહુવચનનું રૂપ એટલા માટે વપરાયું છે કે જેથી કરીને જેવી રીતે અલી(અ.)એ તત્પરતાથી ઝકાત આપી તેવું જ કાર્ય કરવા લોકોને સમજાવી શકાય. વળી એક આડકતરી સૂચના એ પણ છે કે મોમિનો પણ ગરીબો અને જરૂરતમંદો પ્રત્યે હમદર્દીનાં, ઉદારતાનાં, સખાવતનાં કાર્યો કરવાના આવા પ્રસંગો માટે હંમેશાં પોતાની જાતને તત્પર રાખે અને નમાઝ પઢવાની માફક જ આવી અગત્યની ફરજની અદાયગીમાં વિલંબ કર્યા વગર જ તાત્કાલીક જરૂરી કાર્યવાહી કરે.

(સંદર્ભ : તફસીર અલ કશ્શાફ અઝ અલ ઝમખ્શરી, જિલ્દ-૧, પેજ-૬૪૯)

→ મૌલા અલી(અ.) સૌથી મહાન **'વલી'** છે, તેમની હિદાયત અને વિલાયત એ બાબતની ખાતરી આપે છે કે મોમિન મહાન **અવલિયાના** દરજ્જા પર પહોંચે કેમકે તેમની મોહબ્બત જ એવી છે કે **જે તેના ઈમાનને સંપૂર્ણ બનાવે છે** અને **અલ્લાહ(સુ.વ.ત.)ના વિજયી લશ્કરમાં**

**શામેલ થવાનો** પરવાનો છે. તેઓ ચોક્કસપણે **'અમીરુલ મોમિનીન'** છે.

સૂરએ યૂનુસ (આયત નં.૧૮)માંથી ઉપરોક્ત આયતનો ઉલ્લેખ કર્યા પછી આપણે એવું તારણ તારવ્યું છે કે મધ્યસ્થીની પસંદગી ખુદ અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા જ થાય છે અને જો આપણે તે બાબત બીજા કોઈમાં શોધીએ તો તેને 'શિર્ક' કહેવાય. વળી આપણે વધુમાં એવું તારણ કાઢ્યું છે કે જો પસંદગી પામેલા મધ્યસ્થીનો આપણે અસ્વીકાર કરીએ તો તે બાબત આપણને 'કુફ્ર' તરફ દોરી જશે. આ બાબતને આપણે હવે સ્થાપિત કરીશું. તો ચાલો આપણે એ બાબત શોધી કાઢીએ કે અલ્લાહ(સુ.વ.ત.)એ મધ્યસ્થતા વિષે શું કહેવું છે.

● 'અને **જે શખ્સના માટે તે પરવાનગી અર્પણ કરે,** તેના સિવાય કોઈની પણ સિફારિશ તેની બારગાહમાં કામ નહીં આવે.'

(સૂરએ સબા, આયત-૨૩)

અલ્લાહ(સુ.વ.ત.)ના પસંદ થયેલા બંદાઓ કે જેમને પરવાનગી આપવામાં આવે છે તે સિવાય કોઈ પણની સિફારિશ ઉમ્મત માટે ફાયદો નહીં પહોંચાડે. હા, સિફારિશ ચોક્કસ કામ આવશે પરંતુ તેની સત્તા તો થોડાક, અલ્લાહ(સુ.વ.ત.)ના પસંદ થયેલા બંદાઓને જ આપવામાં આવેલ છે, જેમકે નીચેની આયત જણાવે છે :

● 'અને લોકોમાંથી ખુદાના કેટલાક બંદા એવા પણ છે કે **<u>જેઓ ખુદાની(ખુશનુદીને) પ્રાપ્ત કરવા માટે પોતાનો જીવ સુધ્ધાં વેચી દે છે</u>** અને ખુદા એવા બંદાઓ ઉપર ખૂબ જ મહેરબાન છે.' (સૂરએ બકરહ, આયત-૨૦૭)

ઉપરોક્ત અલ્લાહ(સુ.વ.ત.)ના એક ઉત્સાહી બંદાના કાર્યનું વર્ણન કરે છે કે જે સર્વશક્તિમાન અલ્લાહના દીન ખાતર પોતાના જીવની કુરબાની આપવા માટે તત્પર હતા. તેમની આ બલીદાનની ભાવનાએ તેમને **અલ્લાહની મરજીને** અને આ રીતે **તેની પરવાનગીને** પ્રાપ્ત કરીને યોગ્ય પ્રશંસા અપાવી દીધી.

ઈમામ ગિઝાલી પોતાની તારીખે ખમીસમાં લખે છે કે સૂરએ બકરહની ઉપરોક્ત આયત મૌલા અલી(અ.)ની કુરબાનીનો ઉલ્લેખ કરતાં નાઝિલ થઈ હતી, જયારે કે આપ હિજરતની રાત્રે રસૂલિલ્લાહ(સ.)ની પથારી ઉપર સૂઈ ગયા હતા. ઈમામ હાકિમે મુસ્તદ્રકમાં ઈબ્ને અબ્બાસના હવાલાથી આવી જ હદીસનો ઉલ્લેખ કર્યો છે.

(સંદર્ભ : તારીખે ખમીસ, ઈમામ ગિઝાલી, મુસ્તદ્રક, જિલ્દ-૩, પેજ-૪, ઈમામ હાકિમ)

આ રીતે પવિત્ર પયગમ્બર(સ.) અને ઈસ્લામ પ્રત્યેની મૌલા અલી(અ.)ની ઉત્કટ મોહબ્બતે અલ્લાહ(સુ.વ.ત.)ની **પોતાની મરજી** તેમજ રસૂલિલ્લાહ(સ.)ની સાથે **મૌલા અલી(અ.)ની પસંદગી પામેલ મધ્યસ્થી તરીકેની નિમણુક અપાવી દીધી.**

હવે ચાલો આપણે એ બાબતને પ્રસ્થાપિત કરીએ કે આ પસંદગી પામેલ સિફારિશનો જો ઈન્કાર કરવામાં આવે તો તે બાબત આપણને શું 'કુફ્ર' તરફ ઘસડી જશે ?

● 'ખુદાને છોડી દઈને જેની ઈબાદત કરે છે એ બધાયને એકઠા કરો ત્યાર પછી તેમને જહન્નમનો માર્ગ દેખાડો **અને હાં, તેમને જરાક રોકો કે તેમને કંઈક પૂછવું છે.'**

(સૂરએ સાફ્ફાત, આયત-૨૩-૨૪)

આપણી રોજબરોજની જિંદગીમાં જયારે જયારે આપણે નાફરમાન લોકો સાથે રસ્તો ઓળંગીએ છીએ ત્યારે ત્યારે આપણે તેમના તરફ દુર્લક્ષ સેવીએ છીએ અને આગળ વધી જઈએ છીએ. અને નાફરમાન **'કાફિર'**નું મકામ જહન્નમ છે. પરંતુ અહીં ઉપરની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) હજુ પણ **તેમને કોઈ ખાસ**

**બાબત પૂછવા** માગે છે. જે બાબત અલ્લાહ પૂછવા માગે છે તે **અલ્લાહની ઈબાદત કરવા જેટલી જ અગત્યની** છે જેવી કે તેનામાં **કોઈને શરીક** ન બનાવવામાં આવે. તેથી એવું તારણ કાઢી શકાય કે જે કંઈ અલ્લાહ **તેમને પૂછી રહ્યો છે જો તે બાબત પરિપૂર્ણ કરવામાં આવેલ ન હોય તો** તે **તેમને વધારે મોટા કાફિર** સમજશે.

અબુ સઈદ ખુદરીએ ઈબ્ને અબ્બાસના હવાલાથી એક હદીસ ટાંકી છે કે રસૂલ(સ.)એ ફરમાવ્યું છે કે કયામતના દિવસે **અલી ઈબ્ને અબીતાલિબ(અ.)ની વિલાયત અને તેમના પ્રત્યેની મોહબ્બત વિષે લોકોને પૂછવામાં આવશે.**

(સંદર્ભ : સવાએકે મોહર્રકા, પેજ-૫૦૩, અલ્લામા ઈબ્ને હજ્, રિયાઝુલ નઝરા, જિલ્દ-૨, પેજ-૧૧૬, મોહિબ તબરી)

**દેવબંદી ચળવળના શાહ ઈસ્માઈલ શહીદ** પોતાની મન્સબે ઈમામતમાં કહે છે : 'ઈમામ પાસે આ દુનિયામાં અને આખેરતમાં એવી સત્તા છે કે પવિત્ર પયગમ્બર(સ.)એ ફરમાવ્યું હતું, 'શું હું લોકો ઉપર તેમની જાત ઉપરના અધિકાર કરતાં વધારે અધિકાર ધરાવતો નથી?' તે સાંભળીને લોકોએ હકારમાં જવાબ આપ્યો. ત્યાર પછી રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું, 'જેનો હું મૌલા છું તેનો મૌલા અલી છે.' અને તેથી જ તો અલ્લાહ કુરાનમાં ફરમાવે છે કે કયામતના દિવસે તમને તમારા ઈમામની સમક્ષ હાજર થવા બોલાવવામાં આવશે અને પૂછવામાં આવશે (સૂરએ સાફ્ફાત) અને રસૂલિલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે આપણને અલીની વિલાયત વિષે પૂછવામાં આવશે.' (સંદર્ભઃ મન્સબે ઈમામત, પેજ-૧૦૯, ૧૧૦, શાહ ઈસ્માઈલ શહીદ)

આમ મૌલા અલી(અ.)નો વલી તરીકે અને **મધ્યસ્થી (સિફારિશી) તરીકે અસ્વીકાર કરવો 'કુફ્ર' કરવા જેટલી જ ખરાબ બાબત છે.**

પરંતુ આપણે બધા મૌલા અલી(અ.)ના ઉત્કટ ચાહકો હોવાથી ચિંતા કરવાની કોઈ જરૂર નથી કેમકે અલ્લાહ(સુ.વ.ત.) આપણને વચન આપે છે :

- 'પછી (અઝાબ નાઝિલ થવાના સમયે) અમે અમારા રસૂલોને **અને જેઓ ઈમાન લાવ્યા છે તેમને (અઝાબથી) જેવી રીતે બચાવી લઈએ છીએ,** એવી જ રીતે **અમારા ઉપર આવશ્યક છે કે અમે ઈમાન લાવનારાઓને પણ બચાવી લઈશું.'** (સૂરએ યૂનુસ, આયત-૧૦૩)

અલ્લાહ(સુ.વ.ત.)એ બધા જ મોમિનોને બચાવી લેવાનું વચન આપ્યું છે. વ્યક્તિ 'મોમિન' ત્યારે જ હોય છે કે જ્યારે તે **અમીરુલ મોમિનીન** મૌલા અલી(અ.)ની વિલાયત હેઠળ હોય. આથી તેમની મોહબ્બત અલ્લાહની મદદ અને રક્ષણાત્મક કાળજી પહોંચવાનો હક છે અને તેથી જ તો મૌલા અલી(અ.) **'મુશ્કિલકુશા'** છે.

તે કારણે જ તો પવિત્ર પયગમ્બર(સ.)એ એવું પ્રમાણપત્ર આપ્યું છે કે -

- **'અલીના અનુયાયીઓ ખચિત જ સફળ થવાના છે.'**

(સંદર્ભ : યનાબેઉલ મોવદ્દત, જિલ્દ-૨, પેજ-૩૧૨, કરીબ મિનલ લફ્ઝ ફિ તઝકિરતુલ ખવાસ, પેજ-૫૬)

→ તો પછી આપણે શાની રાહ જોઈ રહ્યા છીએ? ચાલો આપણે કહીએ, **'યા અલી મદદ'.** ✻



**નન્હે રોઝેદાર**

**મહેદીઅલી મહંમદઅલી ખરોડીયા**

**માતા : આબેદાબેન (પીંપોદર)**

**ઉં.વ. ૧૪ રોઝા : ૨૬**

# Kulle Imaan

-----------------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

-----------------------------------------------------------------------------------------------------------------------------------------

*Meticulous **financial accounting and planning** ensures that the said **organization grows boundlessly.** If companies don't **pay attention to their financials** and don't keep the accounting in order, most of the time they wouldn't grow and chances are that they might have to close down. Thus **the financial planning and management is the backbone of any organization.***

*Most of the companies take services of **reputed Chartered Accountants (CA)** for proper guidance in the **field of financial accounting** and other related activities. These **CAs are the most powerful** in the organization after the chairman, as they know **every minutest financial details of the company.***

*One of my students recently sent me a mail along with his biodata, requesting me to put forward his candidature to a **reputed CA for internship**. He claimed that under **the guidance of such a CA** he would **hone his skills of accountancy** and create **his own reputation** in the industry.*

➔ *Proper financial accounting and planning is the backbone for any company to survive and grow in the competitive market. This makes **CAs most sought after by many companies** as they help them **strengthen their financial backbone**.*

Like any organization even Islam is a vast religion and hence in this article we will try to find out **the backbone of our religion** and the steps we should take to **strengthen it**. We will start our journey with the following ayah:

- *"Arab ke dehati kehte hai ke hum imaan laye ae Rasool (SAW) tum kehdo ke tum **imaan nahi laaye** balke yun **kehdo ke Islam laaye** haanlake **<u>imaan ka abhi tak tumhare dilon se guzar hua hi nahin</u>**…." – (Surah-e-Al-Hujuraat, ayah 14)*

  *"(The Bedouin say, "We have attained to faith." Say [unto them, O Muhammad]: **"You have not [yet] attained to faith;** you should [rather] say, 'We have [outwardly] surrendered' - **for [true] faith has not yet entered your hearts**….)"*

There is a difference in claiming to have **accepted Islam** as a religion and in being **a true believer**. A believer's **heart is filled with faith** and he submits himself for the cause of religion.

Thus ***'Imaan'* (faith) is the backbone of Islam** and if it is lost everything is lost. It is hence important to **hold the faith** in every situation and **strengthen it.**

Let us see the following ayah:

- *"Yeh log* ***Khuda ko chhod kar aisi cheez ki parastish karte hai jo na unn ko nuuksaan hi pahoncha sakti hai aur na nafa****' aur kehte hai ke* ***<u>Khuda hi ke haan yehi log hamare sifarashi honge</u>****. (Ae Rasool (SAW)) tum unn se kaho to kya tum Khuda ko aisi cheez ki khabar dete ho jis ko* ***Woh na to aasmanon main kahin paata hai aur na zameen main****. Yeh* ***log jis cheez ko uss ka sharik banate hai*** *uss se Woh Paak Saaf aur Bartar hai. – (Surah-e-Yunus, ayah 18)*

  *"(They worship* ***those besides God who cannot do them harm or bring them gain,*** *and say:* ***<u>"These are our intercessors with God."</u>*** *Say: "Do you want to inform God of* ***things in the heavens and the earth He does not know****?" Glorious is He, and too Exalted for what* ***they associate with Him****!)"*

The above ayah mentions a certain section of people **who worship those who are not associated with Allah (SWT)** and **claim that they are the intercessors with Allah (SWT**). And Allah (SWT) considers it as ***'Shirk'.***

From this we can infer that the **intercessors *(Wasila)* must be closely associated with Allah (SWT);** and seeking and asking from those **<u>who are not the chosen intercessors is *'Shirk'*</u>**. Hence **asking from the chosen intercession is asking from Allah (SWT) Himself**. So wouldn't **rejecting** them lead to ***'Kufr'?***

This makes it important to identify the appointed intercession so that we remain free of ***'Shirk'*** and '***Kufr'***. One more ayah to go further in this direction:

- *"Momineen* ***momineen ko chhod ke kafiron ko apna wali (sarparast) na banaaye****. Aur* ***jo aisa karega to use Khuda se kuch sarokar nahin*** *magar (iss qism ki tadbiron se) kisi tarah unn (ke shar) se bachna ho to (khair) aur Khuda tumko Apne hi se darata hai aur Khuda hi ki taraf laut kar jana hai" – (Surah-e-Aale Imran, 28)*

  *"(Let not* ***the believers take the non-believers for wali (guardian) rather than believers****; and whoever* ***does this, he shall have nothing of (the guardianship of) Allah****, but you should guard yourselves against them, guarding carefully; and Allah makes you cautious of (retribution from) Himself; and to Allah is the eventual coming.)"*

The message is very clear and straight. A believer should **take a believer as his guardian *(Wali)*** but instead if he takes the non-believer as his '*Wali',* he would not be under **the guardianship**

**of Allah.** It thus becomes mandatory to identify the right ***'Wali'*** **and follow him** to be under the **guardianship of Allah.** So who is this *'Wali'?*

The following ayah would throw some more light on this:

- *"Aur (Ae Rasool (SAW))* ***tum kehdo ke tum log apne apne kaam kiye jaao*** *abhi to Khuda aur uss ka Rasool (SAW) aur* ***<u>Momineen tumhare kaamon ko dekhenge</u>*** *aur bahot jald (Qayamat main) zaahir wa baatin ke jannewale (Khuda) ki taraf lautaye jaoge tab Woh jo kuch bhi tum karte the tumhain bata dega." – (Surah-e-Tauba, ayah 105)*

  *"(Say, 'Do as you will.* ***God will watch your conduct*** *and so will* ***His Messenger*** *and* ***<u>the believers.</u>*** *Soon you will be* ***brought back to Him*** *who knows what is hidden and what is manifest: then He will show you the truth of all that you have done.)"*

So there are 3 who watch our conduct: **Allah – The Greatest**, **Holy Prophet (SAW) – The Greatest Messenger** and **a Believer.** We all are believers, but you can't say what I did this morning neither do I know what you have done. **We don't have powers to see and watch each other's conduct.** Thus the appointed *Wali* (guardian) above us is **the Greatest *'Wali'*** and has been **given divine powers by the Almighty Allah to watch our conduct**. And we would be **made accountable to him** along with Allah (SWT) and the Holy Prophet (SAW), when we are brought back to The Almighty Allah.

And we find the following ayah which announces the '**Greatest *Wali'***:

- *"Ae Rasool* ***jo hukm tumhare Parvardigar ki taraf se*** *tum per* ***naazil kiya gaya hai pahoncha*** *do. Aur agar tum ne aisa nahin kiya to* ***samjhlo tum ne Uss ka koi paigham hi nahin pahonchaya*** *aur* ***tum daro nahin Khuda tum ko logon ke shar se mahfooz rakhe gaa*** *aur Khuda* ***hargiz kafiron ki qaum ko manzil e maqsood tak nahin*** *pahonchata." – ( Surah-e-Maida, ayah 67)*

  *("O Apostle!* ***deliver what has been revealed to you from your Lord****; and if* ***you do it not,*** *then* ***you have not delivered His message****, and Allah* ***will protect you from the people****; surely* ***Allah will not guide the non-believing people****.")*

After the revelation of the above ayah, in front of the huge crowd of around **120000 pilgrims**, the Holy Prophet (pbuh) raised Hazrat Ali (A.S) and announced ***"Man Kunto Mawla ho fa hazaa Ali un Mawla"*** at Ghadeer-e-Khum. And with this **<u>Allah (SWT) appointed Hazrat Ali</u>** as **Prophet (SAW)'s successor** and ***'Wali'*** **(Guardian)** over the *ummah*. *(Ref: Durr-e-Mansoor, Vol 2, P 298, Egypt, Tafseer-e-Fatah ul Qadeer, Vol 2, P 60, Egypt, Tafseer-e-Fatah ul Bayun, Vol 3, P 89,*

*Egypt, Tafseer Mazhari, Vol 3, P 353, Daarul Isha't Karachi, Sawaiq e Mohraika, P 40 & 120, Sunan e Tirmidhi, Vol 2, P 298 and many more)*

Now let us focus on the above ayah and try to find few meaningful inferences. The ayah clearly states that if the message was not delivered by the Holy Prophet (SAW) it was as **if no message of Allah (SWT) was ever delivered by him (SAW).** Thus Allah (SWT) **holds this message as important as Messengership of the Holy Prophet (SAW) itself**. Again this message was delivered in front of pilgrims of Hajj and they were all devout Muslims and there was **not a single nonbeliever** in the crowd, then why did Allah (SWT) say that **He will not guide the nonbelievers?** Thus rejecting the message of ***'Man Kunto Mawla…"*** is a '***Kufr'*** and whoever rejects it turns ***'Kafir'*** even if he is a Hajj performing, devout Muslim. Lastly with appointment of Mawla Ali (A.S) **as the leader over us, Allah conveyed that only He appoints guardians** and we don't have any right in this regard.

Let us see what few of the prominent Islamic scholars have to say about the Ghadeer Declaration:

- Dr. Tahir ul Qadri in 'The Ghadir Declaration' page 80 narrates the following tradition:

  It is narrated by Ali (A.S) himself. He said 'On the day of Ghadeer Khum, the holy Prophet (pbuh) had a turban tied round my head (as a symbol of honour) and let the loose end hand down at the back. Then he said: The angels whom Allah (SWT) had sent to help me at Badr and Hunayn were wearing turbans of the same kind. He then added: **surely the turban** differentiates **between belief and disbelief."**

- This tradition is narrated by several other books as well *(Ref: Ibn Athir, Asad-ul-ghabah fi ma'rifat-is-sahabah (3:170), Muhib Tabari, ar-Riyad-un-nadrah fi manaqib-il-'ashrah (3:194) and more)*

And Allah (SWT) confirms our above inferences by revealing the following ayah just after the announcement of ***"Man Kunto Mawla…"***

- *"**Aaj Maine tumhare deen ko kaamil kardiya** aur tum per **apni ne'mat poori kardi** aur tumhare iss Deen-e-Islam ko pasand kiya." – (Surah-e-Maida, ayah 3)*

  *"(**This day have I perfected your religion for you, completed My favour** upon you, and have chosen for you Islam as your religion.)*

Hazrat Abu Sa'eed al-Khidri has narrated that this verse descended upon the Holy Prophet (SAW) on the day of Ghadeer-e-Khum when he declared that Ali was the leader of whomever he was leader. Abu Hurairah has also narrated it and further said that it was revealed on 18$^{th}$ of

the month of Dhil Hajj when the holy Prophet (SAW) returned from *Hajj al Widah* (the last pilgrimage). *(Ref: Tafseer Ibn Katheer, Vol 2, P 14, Egypt, Tafseer Durr e Mansoor, Vol 2, P 259, Egypt).*

➔Thus our religion is perfected only after **accepting Hazrat Ali (A.S)** as a **Guardian and a *'Wali'.* Without his love** religion **remains imperfect** and hence **love** for him is **the backbone of faith.** That is why the holy Prophet (SAW) has often referred him as '***Kulle Imaan.'***

Again from the ayah no. 67 of *Surah-e-Maeda*, we saw that without the successful deliverance of the message of ***"Man Kunto Mawla…,"*** the mission of the Prophethood of our Greatest Prophet (SAW) was incomplete. **Does the same hold true for other Prophets?**

- *"(Aur Ae Rasool (SAW) wo waqt bhi yaad dilao)) jab **Khuda ne paighambaron se iqraar liya** ki Hum tumko jo kuch **kitab aur hikmat (waghaira) dein** usske baad tumhare paas koi **Rasool aaye aur jo kitab tumhare paas hai usski tasdiq kare**, to (dekho) tum **zaroor uss per imaan lana aur zaroor usski madad karna,** (aur) Khuda ne farmaya **kya tum ne iqraar liya,** tum ne **(Mere ahad ka) bojh uthaliya,** sab ne arz ki **humne iqraar kiya,** Irshad hua (achha) to aaj ke qawl (wa qaraar) ke aapas main ek doosre ke gawah rehna." – (Surah-e-Aale Imran, ayah 81)*

  *"(And when **Allah made a covenant through the prophets**: Certainly what I have given you of **Book and wisdom**-- then **an messenger comes to you verifying that which is with you, you must believe in him**, and you must aid him. He said: Do you affirm and accept My compact in this (matter)? **They said: We do affirm.** He said: Then bear witness, and **I (too) am of the bearers of witness with you**.)"*

Here, in the above ayah the **covenant that Allah (SWT)** took **from the prophets** was of the ***'Wilayat'*** of Hazrat Ali (A.S). *(Ref: Bisaar-ad-dahrajaat al-Jazahir thaani, pg 93).* We also find similar references in various other prominent books:

- Allama Nishapoori has reported the following Hadith of Holy Prophet (SAW) narrated by Abdullah Ibn e Mas'ud in his Tafseer-e-Gharaib al Quran Vol 25:

  "When the Chief of Prophets (pbuh) led the prayers and the other Prophets prayed behind him, an Angel descended and said **"O Beloved of Allah! Ask these apostles of Allah on what condition they were granted Prophethood**." The Holy Prophet (pbuh) got the following reply when he posed the same question to all other Prophets "**<u>That we accept the Wilayat of you and Ali".</u>** *(Ref: Tafseer e Gharaib al Quran Vol 25 P 58 published in Egypt (On the border of Tafseer e Ibn e Jareer Tabari)*

- In Lisan al Meezan Vol 5 Page 147, Ibn Hajr al Asqalani while writing on 'Mohammed bin Hameed' narrates the following from him:

…Hisham bin Abdul Malik summoned from Hejaz to Syria. In a place called Balk I observed something scrawled on a black mountain. When I reached 'Amr' I asked if anyone could read what was on the mountain. I was told of an elderly man and I took him to the mountain and showed him the words. He read them, became surprised and said 'Bring me something so that I can translate it for you.' I brought something and he translated from the Hebrew:

***"There is only One true God, Mohammed is His Messenger, Ali is His 'Wali'.*** *These words have been written* ***by Musa (A.S) bin Imran****."*

➔An aspiring CA sought the internship with a reputed CA so that his financial knowledge, skills and knowhow increases manifolds and he can create **his own reputation as a financial expert.** We had used this analogy during the introductory section of this article. In this light let us see what happens to those who seek nearness to Hazrat Ali (A.S) – The Greatest *'Wali'*?

- *"Aagaah raho uss main shak nahin ke* ***Auliya e Allah (dost)*** *per (qayamat main) na koi* ***khauf hoga aur na wo aazoorda khatir honge****." - (Surah-e-Yunus, ayah 62)*

  *"(Behold! verily on the* ***Auliya (friends) of Allah*** *there is* ***no fear, nor shall they grieve****)"*

The word ***'Wali'*** or ***'Auliya'*** used in various ayahs which we referred up till now was to mean **'Guardian'** over us, which we did prove by reflecting over ayahs and other authentic references; While in the above ayah ***'Auliya e Allah"*** means **friends of Allah** for whom **there would not be any fear or grief**. Now without Mawla Ali (A.S) the faith remains incomplete, hence the ***'Auliya'* of Allah** need to be **guided by Mawla Ali (A.S)** to **reach that rank**. We will establish this association of *'Auliya'* with Mawla Ali (A.S) with the help of few references and ayah from the holy Quran.

Farman Ali Saheb in the footnote of his Urdu translation of the Holy Quran, while referring to the above ayah writes:

- "There are various ahadith mentioning presence of certain people in this world, whose silence is *'Zikr'* and when they speak that is wisdom. Had there been no fixed time for death, their souls would have left their bodies either in fear of punishment or in want of happiness. They are good in conduct and don't associate themselves with things that are *'Haram'*. They are not concerned with worldly matters and earn *'Halal'* livelihood and spend on good deeds. They are such that even *'Ambiya'* and *'Shaheed'* would be awed by them."

Dr. Tahir ul Qadri in his Ghadeer Declaration writes on the 'Wilayat of Mawla Ali (A.S):

- "The gist of the discussion is that the Prophet's declaration at Ghadeer Khum proved forever that **Ali's spiritual sovereignty is in fact the Prophet Mohammed's spiritual**

**<u>sovereignty.</u>** Though the door of Prophethood was closed after the Holy Prophet (SAW), Allah opened **new avenues for the continuation of the Prophet's blessings** till the Day of Judgment. Some of these **avenues were manifest**, while **others hidden<u>. The hidden avenue led to spiritual sovereignty</u>** and **Ali al-Murtuza (A.S)** was the **<u>first person to hold this office.</u>** Then this **chain of sovereignty passed** down **<u>to his progeny</u>** and finally **<u>to the twelve Imams</u>**. During this period, **many leaders appeared** on the **spiritual horizon** but they all, directly or indirectly, expressed their **<u>allegiance to Ali al-Murtuza (A.S).</u>** No one was disaffiliated from him and **this chain will continue upto the Day of Judgment until the appearance of the last Imam**, and he will be Imam Mohammed Mahdi (A.S), the twelfth Imam and the last caliph. *(Ref: The Ghadir Declaration, P 15 & 16, Dr. Tahir ul Qadri)*

Qazi Mazhari in the second volume of his Tafseer e Mazhari declares Mawla Ali (A.S) as **"Qutb e Wilayat"** he writes:

- "Ali was the **Pivotal point** of all the virtues and attributes of Wilayat**: The Qutb of Wilayat;** All auliya, **including the Sahaba** were in the rear and subordinate to him in this regard." *(Ref: Tafseer e Mazhari, Vol 6 P 20, published by Daar ul Isha't Karachi.)*

Allama Ibne Hajr Makki in his book Sawaiqe Mohraika has reported from **Hazrat Umar**:

- He said: "Get to know! **No honour** reaches **the position of excellence without** acceptance of **Ali as the '*Wali' (*Guardian).** *(Ref: Sawaiq e Mohraika, P 176, Egypt)*

And Allah (SWT) says in Holy Quran:

- *"Ae Imaandaro tumhare **wali (malik sarparast)** to buss yehi hein **Khuda** aur uss ka **Rasool (SAW)** aur **wo momineen** jo pabandi se namaz adaa karte hai **<u>aur haalat-e-ruku main zakat dete hai</u>**. "Aur jisne Khuda aur Rasool (SAW) aur **unhi Imaadaro ko apna sarparast banaya to Khuda ke lashkar main aagaya** aur issme shak nahin ke **Khuda hi ka lashkar ghalib rehta hai**."" – (Surah-e-Maeda, Ayah 55-56)*

  *"(Verily your wali (leader) is only Allah and His messenger and **those who believe**; those who establish worship and **pay the poor-rate while they bow down in prayer**. And whoever takes Allah and His apostle and **those who believe for a guardian**, then **surely the party of Allah are they that shall be triumphant.**)"*

The above verse was revealed when Mawla Ali gave his ring to a beggar while bowing down in *'ruku'* (*Ref: Imam Nasai in Saheeh-e-Nasai, Aljam'a Bain-ul-Sihah-ul-Sittah, Sa'labi)*

Thus Allah (SWT) in the above ayahs confirms that it is Mawla Ali (A.S) along with Allah Himself and the Holy Prophet (SAW), as our Guardians and '*Wali'* and we need to follow him to be in the **triumphant party of Allah.**

Now if we relate the above ayahs of *Surah-e-Maeda* with the ayah of *Surah-e-Tauba* (ayah no. 105) which says that – Allah (SWT), the Holy Prophet (SAW) and **Believers** watch our conduct, it is clear that the Believer so mentioned in that ayah is the same is our Guardian Mawla Ali (A.S). He has been **given Divine Powers** to **watch our conduct** and we would be made accountable to him along with Allah (SWT) and the holy Prophet (pbuh). That is why the Holy Prophet has said in the following hadith that:

- "O Ali, you are **the divider of Heaven and Hell**" *(Ref: Sawaiq-e-Mohraika, P 126, Yanabe-ul-mowaddat, vol 1 P 163)*

While referring to Mawla Ali (A.S) the above ayahs have used a plural form as ***'wo momineen'*** or '**those who believe'.** Prominent Islamic scholars have given following explanation for this:

- Allama al-Tabarsi, while commenting on this verse in Majma'-al-Bayan states: "The plural form has been used for Ali, Commander of the faithful, in order to express his honour and eminence."

- Allama al-Zamakshari in his Tafsir al-Kashshaf writes "If you inquire how this plural word is applicable to Ali, may Allah be gracious to him, who is an individual, I shall say that though this verse is about Ali, an individual, the plural form is used in order to persuade others to act similarly and to give alms as readily as Ali did. There is also an implied instruction that the faithful should keep themselves always on the look out for occasions of acts of sympathy, benevolence and charity to the poor and the needy, and readily do the needful without waiting till the completion of even so important a duty as saying a prayer." *(Ref: Tafsir al-Kashshaf, by al-Zamakhshari, v1, p649)*

➔Mawla Ali (A.S) is the Greatest ***'Wali'***, his guidance and guardianship ensures that a faithful reaches to the rank of '***Auliya'*** as it is his love **which completes the faith** and it is a license **to enter the triumphant party of Allah (SWT).** He is definitely '***Ameer ul Momineen'.***

After mentioning the ayah from *Surah-e-Yunus (ayah no. 18)* we had inferred that the intercessor is chosen by Allah (SWT) Himself and if we seek from anyone else it would be considered as *'Shirk'*, we had further inferred that then if the chosen intercessor is rejected it would lead to *'Kufr'*. We would establish this now. Let us find out what Allah (SWT) has to say about intercession.

- *"Aur **Jis shakhs ke liye wo ijaazat ata farmaye** uske siva kissi ki sifarish us ki bargaah main kaam na aayegi."- (Surah-e-Saba, ayah 23)*

  *"(**No intercession can avail** in His Presence, except for those for whom **He has granted permission)"***

Apart from the chosen ones of Allah (SWT) who have got His permission no intercession would be beneficial to the *Ummah*. Yes, intercession does work but the authority has been given to few chosen servants of Allah (SWT). As the following ayah says:

- *"Aur logon main se Khuda ke bande kuch aise hai **jo Khuda ki (khushnudi) haasil karne ki gharaz se apni jaan tak bech daalte hai** aur Khuda aise bandon per bada hi shafkat wala hai." – (Surah-e- Baqra, ayah 207)*

  *"(And among men is **he who sells himself to seek the pleasure of Allah**; and Allah is Affectionate to the servants.)"*

The above ayah describes the act of an ardent servant of Allah (SWT), who was ready to sacrifice his life for the Almighty Allah's cause. This sacrificial act of him got its due appreciation by way of getting **Allah's Pleasure** and thus **His Permission.**

Imam Ghizali in his Tareekh e Khamees writes that the above ayah of Surah-e-Baqra was revealed mentioning the sacrifice of Mawla Ali (A.S), when he slept on the bed of the Holy Prophet (SAW) during the night of '*Hijrat.'* Similar tradition is also mentioned by Imam Hakim on the authority of Ibn-e-Abbas in his Mustadrak. *(Ref: Tareekh e Khamees, Imam Ghizali, Mustadrak, Vol 3 Page 4, Imam Hakim).*

Thus Mawla Ali's ardent love and affection for the Holy Prophet (SAW) and Islam made Allah (SWT) grant him with **His Pleasure and appointed Mawla Ali (A.S) as chosen intercession** along with the Holy Prophet (SAW) above us.

Let us also establish now whether this chosen intercession if rejected leads to *'Kufr'*?

- *"Khuda ko chhod kar jin ki parastish karte hain unko sabko ikattha karo phir unhain Jahannum ki raah dekhao **aur haan zara unhain thehrao to un se kuch poochna hai**." – (Surah-e-Sa'affat, ayah 23-24)*

  *"(Gather together those who were unjust and their associates, and what they used to worship besides Allah, and lead them to the Way to the (Fierce) Fire! **"But stop them, for they must be asked.)"***

In our day to day life whenever we cross the path with disobedient people we ignore them and move ahead. And a place for a disobedient ***'Kafir'*** is Hell, but here in the above ayah Allah (SWT) still wants to **ask them something specific.** The thing which Allah (SWT) wants to ask hence is **as important as worshipping Allah (SWT) as One** without any ***'Sharik'.*** Thus it can be inferred that if whatever Allah (SWT) is **asking from them is not fulfilled** He would **consider them a greater *'Kafir'***

Abu Saeed Khudri on the authority of Ibn-e-Abbas has quoted a tradition that Rasool (SAW) has said that on the day of Judgment **people would be questioned about Wilaya of Ali Ibne Abi Talib** and **love for him.** *(Ref: Sawaiqe Mohraiqa P 503, Allama Ibn-e-Hajar, Riyadh al Nadira Volume 2 page 116, Mohib Tabari).*

**Shah Ismail Shaheed** of the **Deobandi Movement** in his Mansab e Imamat says: "Imam has such authority in this world and the next that the Holy Prophet (pbuh) had said 'Don't I have more rights over the people than they have over themselves, to which the people replied in affirmative. The Prophet then said 'Of whomsoever I am Mawla, Ali is his Mawla.' And this is why Allah says in the Quran that on the Day of Judgment you will be summoned with your Imam and questioned (Surah-e-Sa'afat) and the Prophet said that we will be asked about the Wilayat of Ali." *(Ref: Mansab-e-Imamat, Page 109-110, Shah Ismail Shaheed).*

Thus rejecting Mawla Ali (A.S) as Guardian and **intercession is as bad as *'Kufr'.***

But we being the ardent lovers and followers of Mawla Ali (A.S) need not worry as Allah (SWT) promises us:

- *"Phir (nuzool e azaab ke waqt) Hum Apne Rasoolon ko **aur jo Imaan laye unnko (azaab se) nalwa bacha lete hein** yunhi **Hum per laazim hai ke Hum Imaan lane walon ko bhi bachalein."** – (Surah-e-Yunus, ayah 103)*

  *"(Then We shall save Our messengers and those who believe. Thus **We have made it incumbent upon Ourself to save the believers**.)*

Allah (SWT) has promised to save all the believers. A person is a *'Momin'* when he is under the guardianship of ***Ameer ul Momineen*** – Mawla Ali (A.S), thus his love is access to Allah's Help and Protective Care and hence Mawla Ali is "***MushkilKusha".***

That is why the holy Prophet (pbuh) has certified that:

- **"Followers of Ali would surely succeed"** – *(Ref: Yanabe-ul-mowaddat, vol 2 P 312, Kareeb Minal lafaz fi tazkirtul khawaas, P 56)*

➔So what are we waiting for? let us say ***"Ya Ali Madad***".

# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

## સ્તનપાન

(ગતાંકનું ચાલુ)

સામાન્ય અથવા ઝડપી વિકાસ પામતા બાળકને કદાચ ૬ મહિના પછી ધાવણ પૂરું ન પડતું હોય તો ઢીલો પોચો ખોરાક, ભાત, મગનું પાણી આપી શકાય. દૂધ/પાવડર કે અન્ય પ્રોડક્ટ પીતા બાળકને હટ્ટો-કટ્ટો બતાવતી જાહેરાતથી ખોટા દોરવાઈ જવાની જરૂર નથી. આવી કોઈ પણ વસ્તુ માના દૂધથી ઉત્તમ નથી. આવી જાહેરાતો ભ્રામક અને ગેરમાર્ગે દોરતી હોય છે. ઘણી સ્ત્રીઓને સ્તનપાન કરાવતી વખતે તરસ લાગે અથવા ગળામાં સોસ પડતો હોય છે. આવા સંજોગોમાં માતાએ પાણી અથવા દૂધ લેવું પરંતુ બાળકને ધાવણ આપવાનું બંધ ન કરવું જોઈએ.

આમ છતાં કોઈ રસ્તો ન હોય તો જ બાળકને પ્રથમ ૧/૨ મહિના બકરી કે ગાયનું દૂધ બરાબર ઉકાળીને ઠંડુ કરીને, મલાઈ કાઢીને આપી શકાય. જો ઉપરથી દૂધ આપવું જરૂરી હોય તો વાટકી કે ચમચી દ્વારા જ આપવું જોઈએ. નિપલ(બાટલી) દ્વારા ક્યારેય દૂધ ન આપવું જોઈએ કારણ કે બાળક જ્યારે માતાનું ધાવણ લેતું હોય ત્યારે તેને જડબા વડે સખત કામ લેવું પડતું હોય છે એટલે કે બાળકે જડબાનો ઉપયોગ કરવો પડતો હોય છે.

બીજી તરફ જો બોટલ (નિપલ) દ્વારા દૂધ આપવામાં આવે ત્યારે આવી કસરત થતી નથી અને નિપલમાંથી નીકળતું દૂધ સીધું જ બાળકને ગળા દ્વારા પેટ સુધી મળી જાય છે અને આમ બાળક સરળ પધ્ધતિથી ટેવાઈ જાય છે. પછી તેને માતાની છાતીથી દૂધ લેવું ગમતું નથી. બોટલમાંથી આવતા સતત અવિરત પ્રવાહને કારણે બાળક ઝડપથી ચૂસે છે અને બારોબાર પરભારું દૂધ પેટમાં ઉતારી દે છે. આને કારણે બાળકની શ્વાસનળી પર સોજો આવી શકે છે. સાદી રીતે સમજીએ કે પાણી અથવા ઠંડા પીણાની બોટલ આપણને એક જ શ્વાસે પીવાનું કહેવામાં આવે તો તકલીફ પડે છે કારણ કે વચ્ચે શ્વાસ માટે અટકવું જોઈએ તે બનતું નથી. આ જ રીતે આ બાબત બાળક માટે પણ લાગુ પડતી હોય છે.

હવે ઘણી વખતે એવું બનતું હોય કે બાળકનું વજન વધતું ન હોય અથવા ઓછું વધતું હોય ત્યારે માતા ધાવણ ઓછું પડે છે તેવું વિચારીને ઉપરથી દૂધ આપવાનું વિચારે છે. પરંતુ આ વખતે એક ખાસ અભ્યાસ ધ્યાન પર લેવો જોઈએ. માતાના ધાવણનો શરૂઆતનો ભાગ કે જે ઓછી ચરબીવાળો હોય છે ત્યાર પછીનો ભાગ ૪ થી ૫ ગણી માત્રામાં ચરબી ધરાવતો હોય છે અને ૧ા ગણું પ્રોટીન ધરાવે છે. એટલે ધાવણની શરૂઆતમાં ધાવણ પાતળુ અને પછી ઘટ્ટ આવતું હોય છે એટલે ઉતાવળમાં અથવા અધુરું ધાવણ પામતા બાળકને શરૂઆતનું જ ઓછી કેલેરીવાળુ ધાવણ મળતું હોય છે અને ખરેખર જ્યારે ઘટ્ટ ધાવણ શરૂ થાય તે પહેલાં માતા ધવડાવવાનું બંધ કરી દે છે એટલે બાળકનો વિકાસ અટકે છે અને વજન બરાબર વધતું નથી. અગાઉ પણ આપણે વાંચી ચૂક્યા છીએ કે બાળકને શાંતિથી અને કોઈ ઉતાવળ વગર ધવડાવવું જોઈએ.

આમ છતાં તમને એવું લાગતું હોય કે તમે દૂધ ઓછું ઉત્પન્ન કરો છો અને બાળકને વારંવાર ધવડાવવાથી પછીના ધાવણ માટે દૂધ સંગ્રહ કરવાનું વિચારો તો તે ભૂલ છે કારણ કે સ્તનપાન કરાવવાથી શરીરમાંથી પ્રોલેક્સીન નામના હોર્મોન્સ છૂટા પડે છે જે દૂધ ઉત્પાદનને વેગવંતુ બનાવે છે એટલે બાળકને તમે જેટલું ઓછું ધવડાવશો એટલું દૂધ ઓછું થશે. તેમ છતાં તમને એવું લાગતું હોય તો ચપટી મેથી અને જીરૂ ખાવું જોઈએ કે જેનાથી ધાવણ વધશે એવું કહેવામાં આવે છે. પરંતુ ધાવણ વધારવા દવા તો લેવી જ ન જોઈએ. (ક્રમશઃ)

(મોમિન મેડીકલ સહાય યોજનાના નિષ્ણાત ડૉક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)
સંપર્ક માટે : મો.શબ્બીરભાઈ નેદરીયા મો.૯૮૨૫૪૧૫૩૨૯

# Superman In Islam

## સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### ઈમામ જાફર સાદિક(અ.)ની નજરમાં શક અને યકીન

(ગતાંકનું ચાલુ)

બ્રહ્માંડમાં એટલી બધી આકાશગંગાઓ છે કે આજ સુધી તેમની સંખ્યા જાણી શકાઈ નથી અને ફક્ત અનુમાન લગાવવામાં આવે છે કે બ્રહ્માંડની અંદર એકસો અરબ આકાશગંગાઓ હશે. પરંતુ કોઈ પણ ખગોળશાસ્ત્રી આ અનુમાન ઉપર ભરોસો કરતો નથી. આ ભરોસાના અભાવનાં બે કારણો છે. પહેલું કારણ તો એ કે હજુ સુધી ટેલિસ્કોપ અને રેડિયો ટેલિસ્કોપની જોવાની શક્તિ એટલી બધી વિકસી નથી કે માનવજાત બ્રહ્માંડના ઊંડાણને સારી રીતે જોઈ શકે.

આજની દુનિયાનો સૌથી મોટો રેડિયો ટેલિસ્કોપ આકાશી પદાર્થોને નવ હજાર મિલિયન પ્રકાશવર્ષ દૂરથી જોઈ શકે છે. આના કરતાં વધારે દૂર જોઈ શકાતું નથી. એક અનુમાન પ્રમાણે જો એક એવો રેડિયો ટેલિસ્કોપ બનાવવામાં આવે કે જેની જોવાની શક્તિ વીસ અરબ અથવા ત્રીસ અરબ પ્રકાશવર્ષ હોય તો એવી આકાશગંગાઓને શોધી શકાય કે જેના વિષે હજી સુધી જાણી શકાયું નથી.

બીજું એ કે જો ઓગણીસમી સદીના બીજા દાયકામાં અને વીસમી સદીના પહેલા દાયકામાં માનવજાતે માઈક્રોકોઝમ એટલે કે અણુની દુનિયા વિષે જાણકારી પ્રાપ્ત કરી કે અણુની અંદર એવા નિયમોનું પાલન થાય છે કે જે હંમેશાં એના એ જ રહે છે. ઍટમની અંદરનો ઈલેક્ટ્રોન એક સેકન્ડમાં ત્રણ ક્વૉડ્રિલ્યન (quadrillion) વખત ઍટમની આજુબાજુ પરિભ્રમણ કરે છે અને કોઈ પણ વસ્તુ આ પરિભ્રમણને રોકી શકતી નથી.

લોખંડના એક ઍટમની અંદર ઈલેક્ટ્રોન દર સેકન્ડે ત્રણ ક્વૉડ્રિલ્યન વખત ઍટમની આજુબાજુ પરિભ્રમણ કરે છે. જો લોખંડને પીગળાવી દેવામાં આવે તો ય ઈલેક્ટ્રોન આજ ઝડપથી પરિભ્રમણ કરે છે અને જો લોખંડને એટલી હદે ગરમ કરવામાં આવે કે તે વાયુમાં ફેરવાઈ જાય તો પણ ઈલેક્ટ્રોનના પરિભ્રમણની ઝડપ એની એ જ રહે છે. આ કાયમી અને વિચિત્ર પરિભ્રમણની અંદર અવરોધ ઊભો કરવાની ફક્ત એક જ રીત છે અને તે એ છે કે ઍટમને ભાગી નાખવામાં આવે. આવી રીતે ઈલેક્ટ્રોન કેન્દ્રથી દૂર થઈ જશે. આવું કરવાથી ય ઈલેક્ટ્રોનનું પરિભ્રમણ અટકી નહીં જાય પરંતુ ઈલેક્ટ્રોન એક બીજા કેન્દ્રની આજુબાજુ પરિભ્રમણ શરૂ કરી દેશે.

જે નિયમના આધારે ઈલેક્ટ્રોન ઍટમની આજુબાજુ ઝડપથી પરિભ્રમણ કરે છે તે જ નિયમના આધારે પૃથ્વી સૂર્યની આજુબાજુ પરિભ્રમણ કરી રહી છે અને આવી જ રીતે સૂરજ હરક્યુલીસ (Hurcules) તારામંડળની આજુબાજુ પરિભ્રમણ કરે છે. આ તારામંડળની આજુબાજુ આકાશગંગા ચક્કર લગાવે છે અને આકાશગંગાની આજુબાજુ એવી કોઈ વસ્તુ કે જેની અમને જાણકારી નથી તે

પરિભ્રમણ કરે છે અને આ વાતમાં કોઈ શંકા કુશંકા નથી કારણ કે આકાશગંગાનું પરિભ્રમણ વ્યવહારિક રીતે સાબિત કરી શકાય છે અને આકાશી પદાર્થોના પરિભ્રમણની મુદ્દત એટલી લાંબી છે કે તારામંડળની આજુબાજુ આકાશગંગાના પરિભ્રમણની મુદ્દતની ગણતરી કરવા માટે આપણા સૂરજના આયુષ્યને એકમ તરીકે માની લેવામાં આવે તો પણ ગણતરી થઈ શકે નહીં.

કહેવામાં આવે છે કે ખગોળશાસ્ત્ર જેવું કોઈ વિજ્ઞાન નથી કે જેના વડે માણસ અલ્લાહ તઆલાના અસ્તિત્વ અને કુદરતના અવિચળ નિયમો વિશે જાણી શકે અને આ વાત સાચી પણ છે. આકાશગંગાઓ જે વસ્તુની આજુબાજુ પરિભ્રમણ કરી રહી છે તે વસ્તુ પણ કદાચ કોઈ અન્ય વસ્તુની આજુબાજુ પરિભ્રમણ કરતી હોય કારણ કે આજ સુધી આકાશમાં વિજ્ઞાનિકોએ જે પણ વસ્તુની શોધ કરી છે તે કોઈ અન્ય વસ્તુની આજુબાજુ પરિભ્રમણ અવશ્ય કરતી હોય છે એટલે એવું માની શકાય કે આકાશગંગાઓ જે વસ્તુની આજુબાજુ પરિભ્રમણ કરી રહી છે તે વસ્તુ પણ અવશ્ય કોઈ અન્ય વસ્તુની આજુબાજુ પરિભ્રમણ કરતી હશે. જે આકાશગંગાઓને આજે આપણે જોઈ શકીએ છીએ તે કદાચ અન્ય આકાશગંગાઓને જોવામાં અવરોધરૂપ થતી હોય કે જે તેમની પાછળ આવેલી હોય.

જે સમયે પ્રતિપદાર્થનું અસ્તિત્વ સાબિત થયું ત્યારે આવી થિઅરી પ્રસ્તુત કરવામાં આવી કે આ બ્રહ્માંડ કે જે એકસો અરબ આકાશગંગાઓથી બનેલું છે તેના સિવાય બીજું બ્રહ્માંડ પણ અસ્તિત્વ ધરાવે છે જેનો વિસ્તાર આ બ્રહ્માંડની બરોબરીમાં છે અથવા તો આના કરતાં ય વધારે છે જેના વિસ્તારનું અનુમાન આજે લગાવી શકાતું નથી.

પ્રાચીન લોકોની માન્યતા હતી કે દરેક સજીવ વસ્તુનો એક સહપંથી હોય છે પરંતુ તે દેખાતો નથી. આવી રીતે આજે પ્રતિપદાર્થના છૂપા હોવાની માન્યતા પેદા થઈ ગઈ પરંતુ પ્રતિપદાર્થવાળા બ્રહ્માંડને હજી સુધી કોઈ પણ પ્રકારે જોઈ શકાયું નથી. આવી જ રીતે પ્રતિપદાર્થવાળા બ્રહ્માંડમાં ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રના જે નિયમો લાગુ થઈ શકે તે પણ સમજી શકાયું નથી કે તે નિયમો આ બ્રહ્માંડના નિયમોની જેમ છે કે પછી તેમનું સ્વરૂપ કોઈ અન્ય છે. વિજ્ઞાનિકો આ બાબતમાં ફક્ત થિઅરીઓ પ્રસ્તુત કરે છે કે જે વૈજ્ઞાનિક દંતકથાઓ સમાન છે.

જોકે આ વૈજ્ઞાનિક દંતકથાઓમાં વર્ણવવામાં આવેલી કેટલીક હકીકતો સિધ્ધાંતનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. દા.ત. ઈંગ્લેન્ડનો એક લેખક રોબર્ટ ક્લાર્ક કે જે સાયન્સ ફિક્શન લખતો હતો, તેણે ઈ.સ. ૧૯૪૮માં સાયન્સ ફિક્શન ઉપર આધારિત એક વાર્તા લખી કે જેમાં તેણે એક એવા ગ્રહનું વર્ણન કર્યું હતું કે જે લંડન ઉપર છત્રીસ હજાર કિલોમીટરના અંતરે આવેલો હતો અને તે પૃથ્વી જેટલી જ ઝડપથી પરિભ્રમણ કરતો હતો માટે લંડનની ઉપરને ઉપર જ રહેતો હતો.

ઈ.સ. ૧૯૪૮ સુધી ઉપગ્રહોને પૃથ્વીની આજુબાજુના અવકાશમાં છોડવાની વાત અને તે ઉપગ્રહોના પૃથ્વીની આજુબાજુ પરિભ્રમણ કરવાની વાત ફક્ત સાયન્સ ફિક્શન સુધી સીમિત હતી અને કોઈ પણ રાષ્ટ્રે ઉપગ્રહોને અવકાશમાં મોકલવાનો વિચાર પણ કર્યો ન હતો. ગમે તેમ પણ રોબર્ટ ક્લાર્કે પોતાની વાર્તામાં પૃથ્વીનું પરિભ્રમણ કરતા ઉપગ્રહની વાત કરતા કહ્યું કે આ ઉપગ્રહ પૃથ્વીની ઉપર છત્રીસ હજાર કિલોમીટરના અંતરે આવેલો છે.

તેણે વાર્તા લખી તેના દસ વર્ષ પછી રશિયાની સરકારે જીઓ ફિઝીક્સની વર્ષગાંઠ(ઈસવી સન ૧૯૫૭)ના પ્રસંગે તે વર્ષે ઓકટોબર મહિનામાં પહેલો કૃત્રિમ ઉપગ્રહ કે જેનું વજન ૮૩ કિલો અને

૬૦૦ ગ્રામ હતું તેને અવકાશમાં મોકલ્યો અને તેને સ્પુટનિક નામ આપવામાં આવ્યું. હજુ સુધી વિજ્ઞાનિકો મોટા કૃત્રિમ ઉપગ્રહ બનાવવા તરફ દોરાયા ન હતા. તેમણે વિચાર્યું પણ ન હતું કે એક કૃત્રિમ ઉપગ્રહને પૃથ્વીથી છત્રીસ હજાર કિલોમીટરની ઊંચાઈએ અવકાશમાં મોકલીને અવકાશની એક જગ્યામાં (geo-stationary position ઉપર) સ્થિર કરી શકાય છે.

આજે દુનિયામાં ત્રણ પ્રકારના કૃત્રિમ ઉપગ્રહો જોવામાં આવે છે અને આ ત્રણેય પ્રકારના ઉપગ્રહો પૃથ્વીનું પરિભ્રમણ પણ કરે છે અને પૃથ્વી ઉપર એક જગ્યાએ સ્થિર પણ રહે છે અને આ જ સ્થિર ઉપગ્રહોના કારણે ટીવીના કોઈ પણ એક પ્રોગ્રામને પૃથ્વીના બધા રહેવાસીઓ સુધી પહોંચાડી શકાય છે.

રોબર્ટ ક્લાર્ક પોતે કોઈ યુનિવર્સિટીનો પોસ્ટ ગ્રેજ્યુએટ ન હતો અને તેની પાસે કૉલેજની ડિગ્રી સિવાય કંઈ ન હતું. અહીં એવું વિચારવું ન જોઈએ કે રોબર્ટ ક્લાર્કે અંધારામાં તીર ચલાવ્યું અને તે નિશાના ઉપર લાગી ગયું કારણ કે તેણે છત્રીસ હજાર કિલોમીટરના આંકડા સિવાય પોતાની વાર્તામાં કેટલીક અન્ય બાબતોનું વર્ણન પણ કર્યું હતું કે જેમને આજના જીઓ-સ્ટેશનરી એટલે કે સ્થિર ઉપગ્રહોમાં ટેલિસ્ટાર*નું નામ આપવામાં આવ્યું છે. આમાં કોઈ શંકાની વાત નથી કે ટેલિસ્ટાર બનાવવા માટે અને તેમનો ઉપયોગ કરવા માટે જે તે વિજ્ઞાનિકોએ આ લેખકની વાર્તા ઉપરથી પ્રેરણા લીધી હોય. આ જ કારણે ખાસ કરીને રશિયાની અંદર સાયન્સ ફિક્શનને ઉત્સાહપૂર્વક વાંચવામાં આવે છે. ત્યાં વિજ્ઞાનિકો પણ સાયન્સ ફિક્શનનો અભ્યાસ કરતા રહે છે કારણ કે આ વાત અનુભવથી સાબિત થઈ ચૂકી છે કે સાયન્સ ફિક્શનમાં રસપ્રદ વાર્તાઓ પણ હોઈ શકે છે અને અમલ કરી શકાય તેવી બાબતો પણ લખવામાં આવી શકે છે. સોવિએટ યુનિયનના કૃત્રિમ ઉપગ્રહને અવકાશમાં મોકલવા કરતાં ઘણા વર્ષો પહેલાં તેનું વર્ણન સાયન્સ ફિક્શનમાં આવી ચૂક્યું હતું. આ દેશમાં આજે સાયન્સ ફિક્શનના લેખકો માટે વિશેષ ઈનામ રાખવામાં આવ્યું છે.

આ જ કારણ છે કે સાયન્સ ફિક્શનમાં જે કંઈ પ્રતિપદાર્થની દુનિયા વિશે લખવામાં આવે છે તેને નિરર્થક સમજી શકાય નહીં અને કદાચ આવી વાર્તાઓમાં એવા વિચારો મળી જાય કે જે હકીકત પ્રમાણે હોય. આપણે જાણીએ છીએ કે લેખકો પોતાની સાયન્સ ફિક્શનની વાર્તાઓમાં જે કંઈ લખે છે તે તેમની પોતાની કલ્પના હોય છે. કેટલાક જૂના જમાનાના ફિલોસૉફરો કહેતા હતા કે માણસ પોતાના મનમાં એવો કોઈ વિચાર લાવી શકતો નથી કે જે શક્ય ન હોય. દા.ત. જો માણસ પોતાના મનમાં કોઈ એવા પ્રાણી વિશે કલ્પના કરે કે જેનાં હજારો માથાં હોય તો આ ફિલોસૉફીના આધારે આવું પ્રાણી દુનિયાના કોઈ પણ ખૂણામાં હોઈ શકે. પરંતુ બુધ્ધિ કોઈ એવા પ્રાણીના અસ્તિત્વની વાતને પણ સ્વીકારતી નથી કે જેનાં બે માથાં હોય. (ક્રમશઃ)

* ટેલિસ્ટાર, ટેલિ અને સ્ટાર આ બન્ને શબ્દોથી બનેલો શબ્દ છે જેનો અર્થ ટેલિકોમ્યુનિકેશન માટે છોડવામાં આવેલો ઉપગ્રહ એવો થાય છે.


## જોઈએ છે.

મોમિન મેડીકલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત **'લાઈફ લાઈન મેડીકલ શોપ એન્ડ કન્સલટેશન'** માટે

- ❖ **ડૉક્ટર** (M.B.B.S.)
- ❖ **ફાર્માસિસ્ટો** (D.Pharm., B.Pharm.)
- ❖ **મેડીકલ સ્ટોર્સના અનુભવી માણસો**

બાયોડેટા સાથે અરજી કરવી.

:::::::::: **સરનામું** ::::::::::

હોટલ સહયોગ, કીલાચંદ શોપીંગ સેન્ટર,
કોહીનૂર સિનેમાની બાજુમાં, પાટણ-૩૮૪૨૬૫
મો.૯૮૨૪૦૬૫૪૪૦, ૯૮૨૪૬૦૦૪૨૯

# કુરાનની મહાનતા મૌલા અલી(અ.)ના શબ્દોમાં

અલ્લાહ તઆલાએ રસૂલે અકરમ(સ.) પર એવી કિતાબ મોકલી છે કે જે (સાક્ષાત્) નૂર છે, જેની કંદીલો હોલવાઈ જતી નથી, એવો ચિરાગ છે કે જેની જ્યોત ખામોશ થતી નથી, એવો દરિયો છે કે જેની ઊંડાઈ માપી શકાતી નથી, એવો રાજમાર્ગ છે કે જેના પર ચાલવું ગુમરાહ નથી કરતું, એવું કિરણ છે કે જેનું તેજ ધીમું નથી પડતું, તે (હક અને બાતિલમાં) એવો ભેદ પાડનાર છે કે જેની દલીલ નિર્બળ નથી પડતી. એવું સ્પષ્ટ શબ્દોમાં બયાન કરવાવાળું છે કે જેના સ્તંભોને નષ્ટ કરી શકાતા નથી. તે સરાસર શિફા છે (જેના હોવાથી) રૂહાની બીમારીઓનો ખટકો રહેતો નથી.

તે એક છેડાથી બીજા છેડા સુધી ઈજ્જત અને વર્ચસ્વવાળુ છે કે જેના દોસ્તો અને મદદગારો પરાજય પામતા નથી. તે (સાક્ષાત્-નખશીખ) હક છે જેની મદદ કરનારાઓને અને સહાયકોને મદદ કર્યા વગર છોડી દેવામાં આવતા નથી. તે ઈમાનની ખાણ અને કેન્દ્ર છે, તેમાંથી ઈલ્મનાં ઝરણાં ફૂટે છે અને દરિયા વહે છે. તેમાં અદ્લ(ન્યાય)ના બગીચા અને ઈન્સાફના હોઝ છે, તે ઈસ્લામની આધારશીલા અને તેની બુનયાદ છે, હકની ખીણ અને તેનું સપાટ મેદાન છે.

તે એવો દરિયો છે કે તેમાંથી પાણી ભરનારા તેને ખતમ કરી શકતા નથી. તે એવું ઝરણું છે કે પાણી ઉલેચનારા તેને સૂકવી શકતા નથી. તે એવો ઘાટ છે કે તેના ઉપર ઉતારો કરનારાઓ દ્વારા તેનું પાણી ઘટી શકતું નથી. તે એવી મંઝિલ છે કે જેના માર્ગમાં કોઈ વટેમાર્ગુ ભટકતો નથી. તે એવું નિશાન છે કે ચાલવાવાળાની નજરથી ઓજલ થતું નથી. તે એવી ટેકરી છે કે હકનો કસ્દ (નિશ્ચય) કરનારા તેનાથી આગળ જઈ નથી શકતા. અલ્લાહે તેને આલિમોની તરસ માટે તેને સયરાબ કરનાર, ફકીહ લોકોના દિલો માટે વસંતઋતુ અને નેક માણસોને ચાલવા માટે રાજમાર્ગ બનાવ્યું છે.

આ એવી દવા છે કે જેનાથી કોઈ બીમારી બાકી નથી રહેતી. એવું નૂર છે કે જેમાં અંધકાર પ્રવેશતો નથી, એવી રસ્સી છે કે જેના ગાળીયા મજબૂત છે એવું શિખર છે કે જેનું આશ્રયસ્થાન મજબૂત છે. જે તેની સાથે સંકળાયેલો હોય તો તેના માટે ઈજ્જત પૂંજી છે અને જે તેની સરહદોમાં દાખલ થયેલો હોય તેના માટે સુલેહ અને શાંતિનો પયગામ છે.

જે તેનું અનુસરણ કરે તેના માટે હિદાયત છે, જે તેની સાથે પોતાનો સંબંધ રાખે તેના માટે હુજ્જત (સાબિતી) છે અને જે તેના વિચારથી વાત કરે તેના માટે દલીલ અને બુરહાન (સાબિતી) છે અને જે તેની બુનયાદ પર ચર્ચા અને મુનાઝરો (વાદ વિવાદ) કરે તેના માટે ગવાહ છે અને જે તેને હુજ્જત (સાબિતી) બનાવીને રજૂ કરે તેના માટે જીત અને સફળતા છે, જે એનો ભાર ઉઠાવે તો તે તેના બોજમાં સહભાગી છે, જે તેને પોતાની આચારસંહિતા બનાવે તેના માટે (ઝડપી) સવારી છે. આ હકીકત શોધનારાઓ માટે સ્પષ્ટ નિશાની છે. (જે નામોશીથી ટકરાવા માટે) શસ્રસજ્જ હથિયારબંધ હોય તેના માટે ઢાલ છે.

જે તેની હિદાયતની ગાંઠડી બાંધી દે તેના માટે ઈલ્મ અને બુધ્ધિ છે. બયાન કરવાવાળા માટે બેહતરીન કલામ અને ફેંસલો કરવાવાળાના માટે અટલ હુકમ છે.

(તફસીર નૂરૂસ્સકલૈન, ભાગ-૧, પેજ-૧૬)

**ગર તૂ મી ખ્વાહી મુસલમાન ઝીસ્તન,**
**નીસ્ત મુમ્કિન જુઝબા કુર્આન ઝીસ્તન.**
**- અલ્લામા ઈકબાલ**

(જો તું મુસલમાન બનીને જીવતો રહેવાની ઈચ્છા ધરાવતો હોય તો પછી તું કુરાન વગર મુસલમાનની હેસીયતથી જીવતો નહીં રહી શકે.)*



મૌલા અલી(અ.)નાં પ્રવચનો, આજ્ઞાપત્રો અને બોધવચનોનો સંગ્રહ

# નહજુલ બલાગહ

**ભાગ-૩**

## બોધ વચનો અને ઉપદેશો

<u>હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)</u>

**(૪૪૫) આદતોમાં એકાગ્રતા :**

જો કોઈ ઈન્સાનમાં કોઈ સારી આદત મળી આવે છે તો તેનાથી બીજી આદતોની પણ આશા રાખી શકાય છે.

**(૪૪૬) ગાલિબ ઈબ્ને સઅસઆ :**

ગાલિબ બિન સઅસઆ (ફરઝદકના પિતા)થી વાતચીત દરમિયાન ફરમાવ્યું : તમારા અસંખ્ય ઊંટોનું શું થયું ? તેમણે કહ્યું કે હકો અદા કરવામાં વિખરાઈ ગયાં. - ફરમાવ્યું, આ સૌથી શ્રેષ્ઠ અને પ્રશંસનીય માર્ગ છે.

**(૪૪૭) શરીઅત વગરની તિજારત :**

જે હુકમોને જાણ્યા વગર વેપાર કરશે તે કદી ન કદી વ્યાજમાં જરૂર સંડોવાઈ જશે.

**(૪૪૮) મોટું સંકટ :**

જે નાનાં સંકટોને પણ મોટાં ગણશે તેને ખુદા મોટાં સંકટોમાં પણ નાખી દેશે.

**(૪૪૯) સ્વમાન :**

જેને પોતાની જાત વહાલી હશે તેની દૃષ્ટિમાં ઈચ્છાઓનું કંઈ મૂલ્ય નહીં હોય. (કેમકે એનાથી જ સ્વમાન બરબાદ થાય છે.)

**(૪૫૦) વિનોદ(મશ્કરી) :**

ઈન્સાન જેટલા પ્રમાણમાં પણ મજાક કરે છે એટલા પ્રમાણમાં પોતાની બુધ્ધિનો એક ભાગ નેવે મૂકી દે છે.

**(૪૫૧) સ્વમાનશીલતા :**

જે તમારી તરફ આસક્તિ રાખે તેનાથી દૂર રહેવું નુકસાન છે અને જે તમારાથી દૂર થઈ જાય તેનાથી લગાવ રાખવો પોતાનું અપમાન છે.

**(૪૫૨) ગરીબી અને શ્રીમંતાઈ :**

માલદારી અને ગરીબીનો ફેંસલો પરવરદિગારની બારગાહમાં ગયા પછી થશે.

**(૪૫૩) અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર :**

ઝુબેર હંમેશાં અમો એહલેબયતના એક સભ્ય તરીકે પંકાતો હતો ત્યાં સુધી કે તેનો એક કનિષ્ટ પુત્ર અબ્દુલ્લાહ આવી ગયો.

**(૪૫૪) ગર્વ અને ગૌરવ :**

આખર આદમ પુત્રને ફખ્ર અને આપવડાઈથી શો સંબંધ છે ? જ્યારે કે તેનો આરંભ એક વીર્ય બિંદુ છે અને અંત મુડદાલ. તે ન તો પોતાની રોજી પર અખત્યાર રાખે છે અને ન પોતાના મોતને ટાળી શકે છે.

**(૪૫૫) અમ્રઉલ કૈસ :**

આપને પૂછવામાં આવ્યું કે મહા કવિ કોણ હતો ? તો ફરમાવ્યું બધા કવિઓએ એક ક્ષેત્ર નથી અજમાવ્યું કે કાર્યમાં પહેલથી તેની પરિપૂર્ણતાનો ચુકાદો આપી શકાય, પરંતુ જો ફેંસલો જ કરવો છે તો ગુમરાહોનો રાજા (એટલે ઉમ્રઉલ કૈસ).

**(૪૫૬) દુનિયા ત્યાગ :**

શું એવો કોઈ આઝાદ પુરૂષ નથી કે જે દુનિયાના આ ચવાયેલા કોળિયાને બીજાના માટે છોડી દે ! યાદ રાખો કે તમારા નફસની કોઈ કિંમત જન્નત સિવાય નથી એટલે તેને બીજી કોઈ કિંમત પર વેચવાનો વિચાર સુધ્ધાં ન કરજો.

**(૪૫૭) બે માગનારા :**

બે ભૂખ્યા એવા છે કે જે કદી ધરાતા નથી.

એક જ્ઞાનપિપાસુ અને બીજો દુનિયાનો તાલિબ.

**(૪૫૮) ઈમાનની નિશાની :**

ઈમાનની નિશાની એ છે કે સત્ય નુકસાન પણ પહોંચાડે તો તેને લાભદાયક જૂઠ પર સરસાઈ આપો અને તમારી વાતો તમારા અમલથી વધારે ન હોય અને બીજા વિશે વાત કરવામાં ખુદાથી ડરતા રહો.

**(૪૫૯) તકદીર અને તદબીર :**

(કદીક એવું પણ બને છે કે) કુદરતે નિર્માણ કરેલ પ્રારબ્ધ ઈન્સાનના અનુમાન પર વિજયી થઈ જાય છે ત્યાં સુધી કે એ જ તદબીર બરબાદીનું કારણ બની જાય છે.

**(૪૬૦) વિશાળ સહૃદયતા :**

સહનશીલતા અને ધૈર્ય બન્ને જોડકાં છે અને તેમનું ઉત્પત્તિ સ્થાન ઉચ્ચ હિંમત છે.

**(૪૬૧) ગીબત :**

ગીબત કરવી કમજોર આદમીની આખરી કોશિશ હોય છે.

**(૪૬૨) પ્રશસ્તિનું સૌંદર્ય :**

ઘણા લોકો પોતાના વિશે વખાણથી જ ફિત્નાના શિકાર થઈ જાય છે.

**(૪૬૩) દુનિયા :**

દુનિયા બીજાઓ માટે રચાણી છે અને આપણા માટે પેદા નથી થઈ.

**(૪૬૪) બની ઉમય્યા :**

બની ઉમય્યામાં બધાનું એક ખાસ ક્ષેત્ર છે જેમાં દોડી રહ્યા છે નહિતર જે દિવસે તેમનામાં વિખવાદ થઈ ગયો તો તેના પછી ઝરખ પણ તેમના પર હુમલો કરવા માગે તો વિજયી થઈ જશે.

**(૪૬૫) મદીનાના અન્સાર :**

મદીનાના અન્સારનાં વખાણ કરતાં ફરમાવ્યું, ખુદાની કસમ ! એ લોકોએ ઈસ્લામને એવી રીતે પાળ્યો છે કે જેવી રીતે ઊંટડીનું એક વરસનું બચ્ચું પાળવામાં આવે છે. પોતાના માયાળુ હાથો અને તેજ જીભોની સાથે.

**(૪૬૬) એક ઉપમા :**

આંખ પાછળની વાધરી છે.

*(આ એક ચિત્રવિચિત્ર ઉપમા છે. જેમાં ઈન્સાનના પાછળને વાસણની ઉપમા આપી છે અને તેની આંખને વાધરીની ઉપમા આપવામાં આવી છે કેમકે જ્યારે વાધરી ખોલી નાખવામાં આવે છે તો વાસણનો સામાન સલામત નથી રહેતો. સામાન્ય રીતે પ્રચલિત બાબત એમ છે કે આ પયગમ્બરે ઈસ્લામ(સ.)નું કથન છે પણ અમીરુલ મોમિનીન(અ.)થી પણ નકલ કરવામાં આવેલ છે અને તેનો ઉલ્લેખ મુબર્રદે પોતાની કિતાબ અલ મકતઝબમાં પ્રકરણ લફ્ઝ બિલ હરૂફમાં કર્યો છે. અમે પણ અમારી કિતાબ અલ મજાઝાતુન્નબવિયામાં તેની સવિસ્તર ચર્ચા કરી છે. -સૈયદ રઝી.)*

**(૪૬૭) એક હાકિમ :**

લોકોના કાર્યોનો જવાબદાર એવો આલિમ બન્યો જે પોતે પણ સીધા માર્ગે ચાલ્યો અને લોકોને પણ એ માર્ગે ચલાવ્યા, ત્યાં સુધી કે દીન પગભર થઈ ગયો.

**(૪૬૮) પરસ્પર સારો વર્તાવ :**

લોકો પર એક એવો આકરો કાળ આવવાવાળો છે કે જેમાં પૈસાદાર પોતાના માલમાં અત્યંત કંજૂસાઈથી કામ લેશે. જો કે તેને એ વાતનો હુકમ નથી આપવામાં આવ્યો અને પરવરદિગારે ફરમાવ્યું છે, 'ખબરદાર ! આપસમાં સદવર્તનને ભૂલાવી ન દેજો' એ કાળમાં દુષ્ટ લોકો ઉન્નત થઈ જશે અને નેક લોકોને હડધૂત સમજવામાં આવશે. મજબૂર અને નિરાધાર લોકોની લે-વેચ થશે, જ્યારે કે રસૂલ અકરમ(સ.)એ આ વાતની મનાઈ ફરમાવી છે.

**(૪૬૯) શત્રુ અને મિત્ર :**

મારા વિશે બે પ્રકારના લોકો હલાક થઈ જશે. હદથી વધી જનારા મિત્રો અને જૂઠુ બોલતા અને વાતો ઘડી કાઢનારા શત્રુઓ.

**(૪૭૦) તૌહીદ અને અદલ :**

આપથી તૌહીદ અને ન્યાયના ભાવાર્થ વિશે

પૂછવામાં આવ્યું તો ફરમાવ્યું કે તૌહીદ એ છે કે તેની કાલ્પનિક તસ્વીર ન બનાવવામાં આવે અને અદાલત (ન્યાય) એ છે કે તેના બુધ્ધિપ્રદ કાર્યોને બદનામ ન કરવામાં આવે.

**(૪૭૧) બોલવું અને ચૂપ રહેવું :**

હિકમતની વાતથી મૌન સેવવું કોઈ ખૂબી નથી. જેવી રીતે જહાલત સાથે વાત કરવામાં કોઈ ભલાઈ નથી.

**(૪૭૨) વરસાદની માગણી :**

વરસાદ અંગે દુઆ કરતાં ફરમાવ્યું, અય ખુદા ! અમને આજ્ઞાંકિત વાદળો દ્વારા તૃપ્ત કરજે, મુશ્કેલીમાં નાખતાં વાદળોથી નહીં.

*(આ પણ એક વિચિત્ર ગહન વાણી છે. જેમાં હઝરતે ગાજવીજ અને આંધીઓથી ભરેલા વાદળોને માથાભારે ઊંટોની ઉપમા આપી છે કે જેઓ પગ પછાડતા રહે છે અને સવારને પછાડી દે છે. એવી રીતે આ બધા ખતરાઓથી ખાલી વાદળોને આજ્ઞાંકિત ઊંટોની ઉપમા કે જેઓ દોહવામાં આજ્ઞાકિંત અને સવારીમાં સાલસ હોય છે. -સૈયદ રઝી.)*

**(૪૭૩) ખિઝાબનો ત્યાગ :**

આપને અરજ કરવામાં આવી કે જો આપ આપના સફેદ વાળોનો રંગ બદલી નાખત તો સારું થાત, ફરમાવ્યું, ખિઝાબ શણગાર છે પરંતુ અમે લોકો સંકટગ્રસ્ત છીએ (કે સરકારે દોઆલમ (સ.)નો ઈન્તેકાલ થઈ ગયો છે).

**(૪૭૪) સુશીલતા :**

ખુદાના માર્ગમાં જેહાદ કરી શહીદ થનારો એનાથી વધારે હકદાર નથી થતો જેટલો અજર તેનો છે જે અખત્યાર હોવા છતાં શિયળની સાચવણી કરે કેમકે સુશીલ અને પાકદામન ઈન્સાન નિકટ છે કે આસમાનના ફરિશ્તાઓમાં ગણાવા લાગે.

**(૪૭૫) સંતોષ :**

સંતોષ એવી મૂડી છે કે જે કદી ખતમ થવાવાળી નથી.

**(૪૭૬) ઝિયાદ ઈબ્ને અબીહને ફરમાવ્યું :**

જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે ઝિયાદ બિન અબીહને ઈરાન અને તેની આસપાસના પ્રદેશ પર પ્રતિનિધિ બનાવ્યો તો એક વખત પહેલાં ટેક્ષ વસૂલ કરવાથી રોકતાં ઝિયાદને ફરમાવ્યું, ન્યાયનો ઉપયોગ કરો અને અયોગ્ય દબાવ અને જુલ્મથી હોંશિયાર રહો કેમકે દબાઉ લોકોને દેશ છોડવા પર મજબૂર કરી દેશે અને જુલ્મ તલવાર ઉપાડવા પર મજબૂર કરી દેશે.

**(૪૭૭) આરામપસંદી :**

સખતમાં સખત ગુનાહ એ છે કે જેને ઈન્સાન હલકો સમજે.

**(૪૭૮) તાલીમ અને ઈલ્મ શીખવું :**

પરવરદિગારે જાહિલોથી ઈલ્મ શીખવાના શપથ લેવા પહેલાં આલિમથી તાલીમ આપવાનું વચન લઈ લીધું છે.

**(૪૭૯) વિવેક :**

ખરાબમાં ખરાબ ભાઈ એ છે કે જેના માટે શ્રમ વેઠવો પડે.

**(૪૮૦) જુદાઈ :**

અગર મોમિન પોતાના ભાઈને શરમીંદો કરે તો સમજો કે તેનાથી જુદા થઈ ગયો.

**(નહજુલ બલાગહ કિતાબ સમાપ્ત)**

**'નહજુલ બલાગાહ'**ની
સમાપ્તિ પછી ઈન્શાઅલ્લાહ

**નહજુલ ઈસરાર**

**કિતાબ ચાલુ થશે.**

## 'નહજુલ ઈસરાર'માં શું છે ?

આ કિતાબમાં હઝરત અલી(અ.)ના એ ખુત્બાઓ, બોધવચનો, પત્રો-લખાણો, જવાબો, ચુકાદાઓ, વાદ-વિવાદો, દુઆઓ, વસિયતો કે જેમનો સમાવેશ નહજુલ બલાગામાં થયેલ નથી તેનો પ્રમાણિત અને વિશ્વાસપાત્ર સંગ્રહ.

સંપાદક : સુલતાનુલ ઉલમા મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા

# ગ ડ મ થ લ ૨૩૧

:::::: સંપાદક::::::
મો.અકબરઅલી એ. મસી
(ઈલોલ તલાવ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | ■ | ૬ | | ૭ | ■ | | ■ | |
| ૮ | ૯ | | | ■ | | ■ | | ■ | |
| ■ | | ■ | ૧૦ | | | ૧૧ | ■ | ૧૨ | ■ |
| ૧૩ | | ૧૪ | ■ | ■ | ૧૫ | | | | |
| | ■ | ૧૬ | | ૧૭ | ■ | | ■ | | ■ |
| ૧૮ | ૧૯ | | ■ | | ■ | ૨૦ | ૨૧ | ■ | ૨૨ |
| ■ | | ■ | ૨૩ | | ૨૪ | ■ | | ■ | |
| ■ | ૨૫ | | ■ | ■ | | ■ | ૨૬ | ૨૭ | |
| ૨૮ | | | ■ | ૨૯ | | | ■ | ૩૦ | |

## ::::: આડી ચાવીઓ :::::

(૧) રમઝાન ઈદને..........પણ કહેવાય છે. (૫)
(૩) પ્રકૃતિ, મિજાઝ, સ્વભાવ (૪)
(૬) પાયમાલ, બરબાદ (૩)
(૮) ઝઘડો, કજિયો, વિવાદ (૪)
(૧૦) સચ્ચાઈ, સત્યતા (૪)
(૧૩) સમજણ, સૂઝ, હોંશિયારી (૩)
(૧૫) ઈચ્છા ધરાવનાર, અભિલાષી (૫)
(૧૬) શરીર, દેહ, કાયા (૩)
(૧૮) બદલો, વળતર (૩)
(૨૦) યોગ્ય, ઉચિત (૨)
(૨૩) કમી, ઘટાડો (૩)
(૨૫) લોભ, લાલસા (૨)
(૨૬) નિસ્પૃહ, પૂજ્ય, (અલ્લાહ માટે વપરાય છે)(૩)
(૨૮) ઝાડ, વૃક્ષ (૩)
(૨૯) ગાય, કુરઆનનો એક સૂરો (૩)
(૩૦) ખરાબ ટેવ, આદત (૨)

## ::::: ઊભી ચાવીઓ :::::

(૧) પવિત્રતા, સતીત્વ (૩)
(૨) એક ફરિશ્તાનું નામ (૪)
(૪) માંદગી, અસ્વસ્થતા (૩)
(૫) જન્નતના એક શરાબનું નામ, પવિત્ર, નિર્મળ(૩)
(૭) હલનચલન (૪)
(૯) જૂનું, પ્રાચીન, પુરાણું (૩)
(૧૧) જૂના જમાનાનું એક હથિયાર (૪)
(૧૨) બાગ (બગીચા)નું બહુવચન (૩)
(૧૩) સાંભળનાર, અલ્લાહનું એક નામ (૩)
(૧૪) ઉપરનું, ઊંચું, અરબી, ઉર્દૂ, ફારસી ભાષામાં અક્ષર ઉપર મૂકવામાં આવતી આડી લીટીનું ચિહ્ન(૩)
(૧૭) નાપાક (૩)
(૧૯) જૌહર (મોતી, હીરા, માણેક, વગેરે)નું બહુવચન(૪)
(૨૧) વારસદાર, ઉત્તરાધિકારી (૩)
(૨૨) શ્રધ્ધા, પ્રેમ (૪)
(૨૪) રોઝી આપનાર, અલ્લાહનું એક નામ (૩)
(૨૭) પહેલવાન (૨)

## ગડમથલ નં.૨૩૦નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ત | હા | ૨ ર | ત | ■ | ૩ ખ | તા | ■ | ૪ શા | ન |
| ફ | ■ | હે | ■ | ૫ મો | ત | ■ | ૬ મા | ય | ■ |
| સી | ■ | ૭ લ | મ્હા | ત | ■ | ૮ અ | ■ | ૯ દ | ૧૦ ફ |
| ૧૧ ર | ૧૨ કા | ત | ■ | ૧૩ બ | ર | ઝ | ખ | ■ | લ |
| ■ | ઈ | ■ | ૧૪ દ | ર | ■ | મ | ■ | ૧૫ શૌ | ક |
| ૧૬ વા | દા | ■ | ર | ■ | ૧૭ સ | ત | ■ | હ | ■ |
| રિ | ■ | ૧૮ અ | કા | ઈ | દ | ■ | ૧૯ હ | ર | ૨૦ ફ |
| ૨૧ સ | ૨૨ ફ | ■ | ર | ■ | ૨૩ ક | બા | ■ | ■ | રિ |
| ■ | ઝ | ■ | ■ | ■ | દિ | ■ | ૨૪ કા | ■ | યા |
| ૨૫ દુ | લ | દુ | લ | ■ | લી | ■ | ૨૬ શ | દી | દ |